અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

14 MARCH-2026 SATURDAY

વર્ષ-15 । અંક-121 । વિક્રમ સંવત-2082 । ફાગણ વદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

રશ્મિકા મંદાનાની પ્રાઈવેટ ઓડિયો ક્લિપ લીક...!





પેજ-09

ઈન્ડિયન વેલ્સ ટેનિસ સેમીફાઈનલ માં અલ્કારાઝની શાનદાર એન્ટ્રી


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 23.00 |
| વડોદરા | 38.00 | 22.00 |
| સુરત | 36.00 | 23.00 |




પેજ 5

વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલના ભાવ સો ડોલરને પાર પહોંચ્યા





પેજ 10

હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન તેલ સંકટથી દુનિયામાં હાહાકાર


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74563.92 | ▼ | 1470.50 |
| નિફ્ટી | 23151.10 | ▼ | 488.05 |
| સોનું | 159391.00 | ▼ | 880.00 |
| ચાંદી | 262243.00 | ▼ | 5719.00 |

### હોર્મુઝ સ્ટ્રેટ પર ભારતના જહાજોને ઈરાનનું ગ્રીન સિગ્નલ; ઓમાનમાં ડ્રોન હુમલામાં 2 ભારતીયોના મોત

# ભારત અમારો મિત્ર, તેમને સુરક્ષિત રસ્તો આપીશું

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતહાલીએ કહ્યું છે કે ઈરાન ભારતને સુરક્ષિત માર્ગ આપવા તૈયાર છે. તેમણે કહ્યું કે ભારત અને ઈરાન વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો છે. દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા ફતહાલીએ કહ્યું કે તમે આગામી બે કે ત્રણ કલાકમાં તેની અસર જોશો. અમને વિશ્વાસ છે કે ઈરાન અને ભારત આ ક્ષેત્રમાં સમાન હિતો ધરાવે છે.આ દરમિયાન ઓમાનના સોહર પ્રાંતમાં ડ્રોન પડવાથી બે ભારતીય કામદારોના મોત થયા. રિપોર્ટ્સ અનુસાર, સુરક્ષા દળોએ એક ડ્રોનને તોડી પાડ્યું હતું, જેના પછી તેનો કાટમાળ પડવાથી આ દુર્ઘટના થઈ. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે, ક્ષેત્રના ઘણા દેશોમાં સુરક્ષાની સ્થિતિ અંગે ચિંતા વધી ગઈ છે.

### UN ચીફ બોલ્યા- ઈઝરાયલ અને હિઝબુલ્લાહ યુદ્ધ રોકે



સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઈઝરાયલ અને હિઝબુલ્લાહને તાત્કાલિક યુદ્ધ રોકવા અપીલ કરી છે. બેરુત પ્રવાસ દરમિયાન તેમણે કહ્યું કે બંને પક્ષોએ યુદ્ધવિરામ કરીને યુદ્ધ સમાપ્ત કરવું જોઈએ.તેમણે મુજતબા ખામેનીના નામથી જારી કરાયેલા પહેલા કથિત સંદેશ પર પણ શંકા વ્યક્ત કરી છે.

### અમેરિકાના પૂર્વ NSA બોલ્યા- ટ્રમ્પ ઈરાનને વેનેઝુએલા સમજી બેઠા



અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોન બોલ્ટને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રણનીતિની ટીકા કરી છે. બોલ્ટનનું કહેવું છે કે ટ્રમ્પે ઈરાનને લઈને સ્થિતિનું ખોટું આકલન કર્યું.તેમણે કહ્યું- ટ્રમ્પને કદાચ લાગ્યું હતું કે અમેરિકા ઈરાનમાં પણ એવું જ સત્તા પરિવર્તન કરાવી શકે છે જેવું તેણે વેનેઝુએલામાં કરવાનો પ્રયાસ કર્યો હતો.

### હેગસેથ બોલ્યા- આજે ઈરાન પર સૌથી વધુ હુમલા થશે



પીટ હેગસેથે કહ્યું છે કે અમેરિકા આજે ઈરાન પર અત્યાર સુધીના સૌથી વધુ હવાઈ હુમલા કરશે. તેમણે કહ્યું કે અમેરિકી સેના યુદ્ધમાં દબાણ જાળવી રાખશે અને અભિયાનને વધુ તેજ કરવામાં આવશે. તેમના મતે મોટી સંખ્યામાં ફાઈટર જેટ અને બોમ્બર વિમાનો દ્વારા સ્ટ્રાઈક મિશન ચલાવવામાં આવશે.

## જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા, આજે પણ એલર્ટ

**મેદાની વિસ્તારોમાં વરસાદની સંભાવના; રાજસ્થાનમાં 40°C ને પાર**

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

જમ્મુ-કાશ્મીરના સોનમર્ગમાં ગુરુવારે બરફવર્ષા થઈ. જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો. હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિ અને મનાલીમાં તાજી બરફવર્ષા નોંધાઈ. ભારતીય હવામાન વિભાગે પહાડી વિસ્તારો માટે આગામી કેટલાક દિવસો માટે પહેલેથી જ ચેતવણી જાહેર કરી હતી.ઉત્તરાખંડમાં આજે પણ મેદાની વિસ્તારોમાં વરસાદ અને બરફવર્ષાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. અહીં વાવાઝોડું ફૂંકાવાની પણ શક્યતા છે. આજે



અને આગામી બે દિવસ માટે આ ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ દરમિયાન પવનની ગતિ 30-50 કિમી પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

### કેરળમાં 1 લાખ મુસ્લિમ-ખ્રિસ્તીઓના ઘરે પહોંચ્યા

## RSSની બેઠકમાં ભાજપ અધ્યક્ષ પ્રથમ હરોળમાં, ભાગવતની હાજરીમાં સમીક્ષા

(એજન્સી) પાણીપત । તા. 13

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા શુક્રવારે હરિયાણાના પાણીપતમાં શરૂ થઈ ગઈ. આ સભા RSSની સર્વોચ્ચ નિર્ણાયક એકમ છે અને પાણીપતમાં તેની આ બેઠક 3 દિવસ ચાલશે. RSS પ્રમુખ મોહન ભાગવત આ માટે સાત દિવસ પહેલા જ પાણીપતમાં બનેલા સંઘના સેન્ટર પહોંચી ગયા અને ત્યારથી અહીં જ હાજર છે. સંઘને નવું સ્વરૂપ



આપવાની ચર્ચાઓ વચ્ચે આ સભા ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.ગૃહ સંપર્ક અંગેના એક અહેવાલમાં, RSSએ દાવો કર્યો હતો કે તેણે કેરળમાં 1 લાખથી વધુ મુસ્લિમ અને ખ્રિસ્તી પરિવારોનો સંપર્ક કર્યો હતો, જેને સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. વધુમાં, હિન્દુ સંમેલનો પણ ફાયદાકારક રહ્યા. આ વર્ષે કેરળમાં ચૂંટણીઓ યોજાવાની છે. ભાજપ દક્ષિણ રાજ્યો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.પહેલા દિવસે RSS વડા મોહન ભાગવત અને સરકારીવાહ દત્તાત્રેય હોસાબલે સ્ટેજ પર બેઠા હતા.

## લખનઉમાં રાહુલ બોલ્યા- મોદી સાયકોલોજિકલી ખતમ



**અમેરિકા સામે નરેન્દરે સરેન્ડર કરી દીધું, તેઓ હવે ભારતના વડાપ્રધાન નથી**

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી શુક્રવારે લખનઉ પહોંચ્યા. તેમણે દલિત મતદારોને આકર્ષવા માટે ડૉક્ટર આંબેડકર અને કાંશીરામની પ્રશંસા કરી, જ્યારે ભારત-અમેરિકા ડીલ, પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા.રાહુલે કહ્યું કે, કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીનું નામ એપસ્ટીન ફાઈલમાં છે. તેમની પુત્રીની કંપનીમાં જ્યોર્જ સોરોસનું ભંડોળ છે. નરેન્દ્ર મોદી માનસિક રીતે સમાપ્ત થઈ ગયા છે. નરેન્દ્ર મોદી હવે ભારતના વડાપ્રધાન નથી રહ્યા, તેઓ અમેરિકાનું કામ કરી રહ્યા છે. જ્યારે હું આ વાત સંસદમાં કહેવા જઈ રહ્યો હતો ત્યારે નરેન્દ્ર મોદીજી ભાગી ગયા.

## "નામ નરેન્દ્ર-કામ સરેન્ડર, મોદી જી શરમ કરો!"ના નારા લાગ્યા

વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે બંને ગૃહોમાં નોટિસ આપી; LPG મુદ્દે વિપક્ષનું વિરોધ પ્રદર્શન

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

શુક્રવારે લોકસભામાં પ્રશ્નકાળ શરૂ થતાં જ વિપક્ષે હોબાળો મચાવ્યો. રાહુલ ગાંધી સહિત વિપક્ષી સાંસદો આઠ સસ્પેન્ડ કરાયેલા સાંસદોની વાપસી કરવાની માંગ કરી રહ્યા હતા. ઓમ બિરલાએ કહ્યું, 'જો તમે ગૃહમાં ટેબલ પર ચઢી જશો, તો આ જ એક્શન લેવાશે. સંસદની પ્રતિષ્ઠા જાળવવાની જવાબદારી દરેકની છે.'ત્યારબાદ લોકસભાને પહેલા બપોરે 12 વાગ્યા સુધી અને પછી ફરી 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. અગાઉ, વિરોધ પક્ષોએ સંસદ સંકુલમાં પ્લેકાર્ડ પ્રદર્શિત કરીને એલપીજી મામલે વિરોધ કર્યો હતો.

### યુવક પાસેથી બદમાશો ગેસનો બાટલો છીનવી ગયા: દેશભરમાં ગેસના બાટલાની અછતના કારણે અફરાતફરી



અમેરિકા-ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને કારણે દેશભરમાં LPGની અછત સર્જાઈ છે. ગેસ એજન્સીઓની બહાર લાંબી કતારો છે. ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી પણ થઈ રહી છે.કોમર્શિયલ સિલિન્ડરનું બુકિંગ 4 દિવસથી બંધ છે. જ્યારે પંજાબમાં લાઈનમાં ઉભેલા એક વૃદ્ધનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું. કેરળમાં રસોઈ ગેસની અછતને કારણે લગભગ 40% રેસ્ટોરન્ટ બંધ થવાના આરે છે.




# NCPના અમદાવાદ શહેર મહામંત્રી, ઉપપ્રમુખ સહિતના આગેવાનો આપમાં જોડાયા

અમદાવાદ : આમ આદમી પાર્ટી આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે એકદમ સજ્જ છે અને સાથે સાથે જ બીજી અન્ય પાર્ટીના ઈમાનદાર અને પ્રજાની સેવા કરવાની ભાવના સાથે રાજનીતિમાં જોડાયેલા લોકો આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે. આજે અમદાવાદ ખાતે આ કડીમાં બીજા મહત્વપૂર્ણ નામો જોડાયા છે. આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ મહામંત્રી સાગર રબારીની આગેવાનીમાં ખૂબ જ મોટું જોઈનિંગ થયું હતું. એનસીપીના અમદાવાદ શહેર મહામંત્રી દિપક સોલંકી (દાણીલીમડા વોર્ડ), અમદાવાદ શહેર મહામંત્રી કેતન કંસારા (મણિનગર વિધાનસભા), એનસીપી અમદાવાદના ઉપપ્રમુખ નિલેશ પટેલ (ગાંધીનગર દક્ષિણ વિધાનસભા), અમદાવાદના ઉપપ્રમુખ નૈલેશ સોલંકી (ગાંધીનગર દક્ષિણ વિધાનસભા) અને અમદાવાદ શહેર



ઉપપ્રમુખ કર્ણિક ઠક્કર (ઈસનપુર - વટવા AC) આજે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. AAP પ્રદેશ મહામંત્રી સાગર રબારીના હસ્તે ખેસ પહેરીને આ તમામ આગેવાનો પોતાના મોટી સંખ્યામાં સમર્થકો સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. હાલ NCPમાંથી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા તમામ આગેવાનો આમ આદમી પાર્ટીની અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીની ઈમાનદાર રાજનીતિની વિચારધારાથી પ્રેરાઈને આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. હાલ સમગ્ર ગુજરાતમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકા પંચાયતની સીટો માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ પારદર્શક અને લોકશાહી પદ્ધતિથી કરવામાં આવી રહી છે, જેમાં પાર્ટીના કાર્યકરો, પદાધિકારીઓ અને સમર્થકોને પણ ભાગ લેવા તક મળી રહી છે.

# દેશમાં ચાલી રહેલા ગેસના સંકટ મુદ્દે અમદાવાદ ખાતે AAPનું વિરોધ પ્રદર્શન



અમદાવાદ : મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે આજે આખા ભારત દેશ પર એલપીજી ગેસનું સંકટ વધુ ભયાનક સ્વરૂપ લઈ રહ્યું છે. આજે મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, બેંગ્લોર સહિત અનેક શહેરોમાં ઔદ્યોગિક એકમો બંધ થઈ ગયા છે જેના કારણે કરોડોની સંખ્યામાં લોકોના જીવન પર ખરાબ અસર પડી રહી છે, લોકોની રોજગારી છીનવાઈ રહી છે. આવા સમયમાં દેખાઈ રહ્યું છે કે સરકાર આગોતરૂ આયોજન કરવામાં નિષ્ફળ ગઈ છે, જેના કારણે આજે આખા દેશમાં ગેસ સિલિન્ડરની કાળા બજારી થઈ રહી છે. આ સમગ્ર મામલાને લઈને આજે આમ આદમી પાર્ટીના અમદાવાદ શહેર સંગઠન દ્વારા પ્રદેશ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી અને પ્રદર્શનને કચળી નાખવાની કોશિશ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ દેશના લોકોને તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટીયા કે મળતીયાઓ સામાન્ય લોકોનો અધિકાર ન છીનવી લે એ રીતે ગેસ વિતરણની પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવે.

# ગેસ વિતરણ પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા આમ આદમી પાર્ટીની માંગ, સુરત ખાતે અપાયું કલેક્ટરને આવેદનપત્ર

સુરત : રાષ્ટ્રીય સંકટના સમયે દેશના લોકોને કોઈ તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટીયા/મળતિયા સામાન્ય લોકોના અધિકારો ઝુંટવી ન લે એના માટે ગેસ વિતરણની પ્રક્રિયા પારદર્શક બનાવવા બાબતે આમ આદમી પાર્ટીના સુરત શહેર સંગઠન દ્વારા શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીની આગેવાનીમાં કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, દેશ પર આવેલા રાષ્ટ્રીય સંકટ સમયે અમે દેશના લોકોની સાથે ઉભા છીએ અને દેશના સામાન્ય લોકોને તકલીફો ન પડે એ માટે નીચેની માંગણીઓ કરીએ છીએ. ગુજરાતની તમામ ગેસ એજન્સીને રોજબરોજ કેટલી ગેસ બોટલો આપવામાં આવી રહી છે, કેટલા બુકિંગ થઈ રહ્યા છે અને કેટલું વિતરણ થઈ રહ્યું છે, વગેરે તમામ જરૂરી બાબતોના પળેપળના આંકડાઓ રીયલ ટાઈમ ઓનલાઈન અપડેટ કરવામાં આવે. ધર્મેશ ભંડેરીએ વધુમાં જણાવ્યું હતું કે,



ગેસ પુરવઠામાં ક્યાંય પણ ગેરરીતિ થતી હોય તો એની જાણકારી આપવા માટે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવે અને એ નંબર પર અપાતી જાણકારી અને ફરિયાદો ઉપર તાત્કાલિક પગલાઓ લેવામાં આવે. તમામ હોસ્પિટલો, વૃદ્ધાશ્રમો, અનાથાલયો, સદાવ્રતો વગેરે જેવી જગ્યાઓમાં ગેસના સિલિન્ડરની અછત ન થાય એના માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે. દીવ્યાંગો, એકલા રહેતા વૃધ્ધો, એકલી મહિલાઓ, વગેરે જેવા જરૂરીયાતમંદોને વિતરણમાં પ્રાથમિકતા આપવામાં આવે. ગેરરીતિ અને કાળાબજારી કરતાં લોકો ઉપર ફોજદારી પગલાં અને ઉંચો દંડ ફટકારીને કડક દાખલાઓ બેસાડવામાં આવે. કોરોનામાં લાગવગ ધરાવતા લોકોને બેડ, ઓક્સિજન અને ઈન્જેક્શન મળી જતા હતા, સામાન્ય લોકો પીડાતા હતા. નોટબંધીમાં લાગવગ ધરાવતા લોકોની ગમે તેટલી નોટો લાઈનમાં ઉભા રહ્યા વિના જ ઝડપથી બદલાઈ જતી હતી, સામાન્ય લોકો પીડાતા હતા.

# સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટરની અમદાવાદ ગ્રામ્ય કોર્ટે જામીન અરજી ફગાવી

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલનો જેલવાસ લંબાયો છે. જમીન કૌભાંડ કેસમાં જામીન મુક્ત થવા માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં કરવામાં આવેલી જામીન અરજી નકારી દેવામાં આવી છે. સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલના અને નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જેમના રિમાન્ડ બાદ તેઓ જેલમાં છે. કલેક્ટર સહિતના સરકારી અધિકારીઓ ઉપર આક્ષેપ છે કે તેઓ જમીન NA કરવાના કરોડો રૂપિયા લેતા હતા. કલેક્ટર રાજેન્દ્ર પટેલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. અગાઉ ED વતી રિમાન્ડ માંગતા રજૂઆત કરાઈ હતી કે જમીન NA કરવા માટે ભાવ ફિક્સ કરાતો હતો.

# ઈસુદાન ગઢવીની કચ્છમાં પ્રેસ કોન્ફરન્સ, પોલીસ વિભાગ પર કર્યા આકરા પ્રહાર

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી ગાંધીધામ પહોંચ્યા હતા. અહીં પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં પોલીસ બે પ્રકારથી કામ કરે છે. પોલીસ બંધારણ પ્રમાણે કામ નથી કરતી. ભાજપના દલાલ બનીને કામ કરી રહી છે. પોલીસમાં કેટલાક લોકો ભાજપના દલાલ બની ગયા છે અને અધિકારીઓ માટે માત્ર ભાજપનો ખેસ પહેરવાનો બાકી રહ્યો છે,એવું લાગે છે. તમે જુઓ તો દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. ભાજપના નેતાઓ, પોલીસ અધિકારીઓ અને પોલીસ મલાઈ ખાઈ રહ્યા છે. જનતા પીસાઈ રહી છે, નવયુવાનો નશામાં બરબાદ થઈ રહ્યા છે. કચ્છમાં ડ્રગ્સ બેફામ વેચાઈ રહ્યું છે. દારૂના અડ્ડા ચાલી રહ્યા છે અને એમાં અમારા નેતા કાયનાત બેન અન્સારી, જે એક જાણીતા ડોક્ટર અને સ્પેશિયાલિસ્ટ છે, તેઓ જનતાના કામ કરવા માટે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. જનતા તેમની પાસે જઈ કહે છે કે અહીં દારૂ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે, દારૂના અડ્ડાઓ ચાલી રહ્યા છે. ત્યારબાદ આમ આદમી પાર્ટીના કાર્યકરોએ જનતા રેડ કરી. જનતા રેડ દરમિયાન ફેસબુક લાઈવ પણ કરવામાં આવ્યું, જેમાં દેખાડવામાં આવ્યું કે કેવી રીતે ત્યાં દારૂના નશેડીઓ બેઠા છે, દારૂ પીવે છે અને દારૂ વેચાઈ રહ્યો છે.આગળ તેમણે કહ્યું કે કચ્છના એસપી અને તેમના અધિકારીઓને પગાર એ માટે મળે છે કે કચ્છમાં દારૂ ન વહેચાય . એટલા માટે કચ્છના એસપીને બંગલો અને ગાડી આપવામાં આવી છે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે કચ્છના એસપી દારૂના અડ્ડાઓ બંધ કરવામાં રસ લે છે કે પછી દારૂના અડ્ડાઓ બંધ કરાવવા જતા લોકોમાં રસ લે છે ? એટ્રોસિટી એક્ટ અનુસૂચિત જાતિ-જનજાતિના લોકોને રક્ષણ આપવા માટે બનાવવામાં આવેલો કાયદો છે. દલિત અને આદિવાસી સમાજના લોકો પર થતા અત્યાચાર સામે તેમને પ્રોટેક્શન મળે તે માટે આ કાયદો બનાવવામાં આવ્યો છે.


**સર્વગ્રામ ફાઇનાન્સિયર પ્રાઇવેટ લિમિટેડ**
sarvagram aspire. grow. prosper.
રજિસ્ટર્ડ ઓફિસ : ઓફિસ નં.22, ચોથો માળ, પ્રિમરોઝ મોલ, બાનેર રોડ, બાનેર ગાંવ, હવેલી, પુણે-411045.

**પરિશિષ્ટ IV [નિયમ-8(1)]**
**કબજાની સૂચના (સ્થાવર મિલકત માટે)**

જ્યારે, અહીં ઉલ્લેખિત સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારીએ, નાણાકીય સંપત્તિઓના સિક્યોરિટાઇઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિતના અમલીકરણ (અધિનિયમ), 2002 હેઠળ અને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, 2002 ની કલમ 13(12) સાથે (નિયમ 3) વાંચીને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ઉધાર લેનાર(ઓ) ને નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસમાં નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ જારી કરી. લોન લેનાર(ઓ) રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, લોન લેનાર(ઓ) અને સામાન્ય જનતાને સૂચના આપવામાં આવે છે કે સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનારે દરેક મિલકત સામે ઉલ્લેખિત તારીખે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વાંચેલા કાયદાની કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. લોન લેનારનું ધ્યાન કાયદાની કલમ 13 ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ આકર્ષિત કરવામાં આવે છે, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત સંપત્તિઓ રિડીમ કરવા માટે. ખાસ કરીને લોન લેનાર(ઓ) અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત સાથે વ્યવહાર ન કરે અને મિલકત સાથે કોઈપણ વ્યવહાર નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડના ચાર્જને આધીન રહેશે.

| લોન એકાઉન્ટ નંબર | ઋણ લેનારનું નામ અને સહ-ઋણ લેનાર(ઓ)નું નામ | રકમ અને માંગણી સૂચનાની તારીખ | કબજાની તારીખ | કબજાની સ્થિતિ |
|---|---|---|---|---|
| BLSEC00004292 | 1. રિગકુમારપ્રભુદાસ માછી (ઋણ લેનાર), 2. ધર્મેષ્ઠાબેન ચિરાગકુમાર માછી (સહ-ઋણ લેનાર) | રૂ. 20,00,796.81 (રૂપિયા વીસ લાખ સાતસો છન્નું અને એક્યાશી પૈસા માત્ર) તારીખ: 10-12-2025 | 10-03-2026 | પ્રતીકાત્મક કબજો પૂર્ણ |

મિલકત ધારણ:- મિલકત નં.1:- ગ્રામપંચાયત નં.215/1 (મિલકત) પર જમીનનો ટુકડો અથવા ટુકડો અને માળખું સહિત નં. ૨૨૩) ગ્રામતાલ કુંડા, ગ્રામ પંચાયતમાં આવેલું છે, જે ગામ-કુંડા તા-લુણવાડા જિલ્લો-મહિસાગર, રાજ્ય ગુજરાત ખાતે આવેલું છે. જમીનનો નકશો ચોરસ ફૂટ ૧૭*૫૫= ૯૩૫ ચોરસ મીટર ૮૬.૮૯ બાંધકામ વિસ્તાર ચોરસ ફૂટ ૧૫*૫૪=૮૧૦ ચોરસ મીટર ૭૫.૭૨ ચોરસ ફૂટ ૧૫*૬૩= ૯૪૫ ચોરસ મીટર ૮૭.૮૨ છે અને જે નીચે મુજબ સીમા ધરાવે છે: ચાર સીમાઓ: ઉત્તર: માછી ગોપાલભાઈ પ્રભુદાસનું ઘર, દક્ષિણ: માછી પ્રભુદાસનું ઘર, પૂર્વ: રસ્તો, પશ્ચિમ: માછી ચિરાગકુમાર પ્રભુદાસનું તબેલો.

સ્થળ: લુણાવાડા
તારીખ: ૧૦-૦૩-૨૦૨૬

Sd/- અધિકૃત અધિકારી,
સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડ



**ભારત સરકાર**
**સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય**
**દિવ્યાંગજન**

**સશક્તિકરણ વિભાગ અટલ બિહારી વાજપેયી ટ્રેનિંગ સેન્ટર ફોર ડિસેબિલિટી સ્પોર્ટ્સ, ગ્વાલિયરમાં નિયામક (ડાયરેક્ટર) ની નિમણૂક**

આ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની એક સ્વાયત્ત સંસ્થા, 'અટલ બિહારી વાજપેયી ટ્રેનિંગ સેન્ટર ફોર ડિસેબિલિટી સ્પોર્ટ્સ, ગ્વાલિયર' માં નિયામકની નિમણૂક માટે યોગ્ય ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. પાત્રતાના માપદંડ અને અરજી ફોર્મ સહિતની તમામ સંબંધિત વિગતો વિભાગની વેબસાઈટ https://depwd.gov.in પર ઉપલબ્ધ છે.

2. વિભાગની વેબસાઈટ પરની જાહેરાતમાં દર્શાવેલ પાત્રતાના માપદંડો પૂર્ણ કરતા ઉમેદવારો નિર્ધારિત પ્રોફોર્મામાં જરૂરી દસ્તાવેજો સાથે પોતાની અરજી નીચેના સરનામે મોકલી શકે છે: શ્રી રાજીવ શર્મા, જોઈન્ટ સેક્રેટરી,
સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય,
દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ,
રૂમ નં. 530, 5મો માળ, પંડિત દીનદયાલ અંત્યોદય ભવન, CGO કોમ્પ્લેક્સ, લોધી રોડ, નવી દિલ્હી-110003. અરજી કરવાની છેલ્લી તારીખ: 'એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ/રોજગાર સમાચાર'માં આ જાહેરાત પ્રસિદ્ધ થયાના 45 દિવસની અંદર.

CBC 38117/11/0026/2526


# ગેસના બાટલા લઈ કોંગ્રેસના MLA વિધાનસભામાં પહોંચ્યા

## અમિત ચાવડાએ ખભે સિલિન્ડર લીધો તો તુષાર ચૌધરીએ માથે લાકડા; ગેસ સંકટને લઈને વિપક્ષનો હલ્લાબોલ

એજન્સી) ગાંધીનગર । તા. 13

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે(13 માર્ચ) 14મો દિવસ છે. મિડલ ઈસ્ટમાં તણાવને કારણે ભારતમાં ગેસ સપ્લાયની ચેઈન પર અસર પડી છે. જેને લઈને કોંગ્રેસ સંસદથી લઈ સડક સુધી જોરદાર વિરોધ પ્રદર્શન કરી રહી છે.

દેશમાં ગેસના બાટલાની અછત સર્જાતા તેની અસર ગુજરાતમાં પણ પડી છે. અનેક રેસ્ટોરન્ટ બંધ થઈ ગઈ છે અને અનેક બંધ થવાની કતારમાં છે. ત્યારે આ મામલે ગુજરાત કોંગ્રેસે વિધાનસભામાં હલ્લાબોલ કર્યો છે. કોંગ્રેસના MLA અમિત ચાવડા ખભે સિલન્ડર લઈ તો તુષાર ચૌધરી માથે લાકડા લઈ વિધાનસભામાં પહોંચ્યા હતા. 'સાહેબનો આઈડિયા કામ આવ્યો?'ના પોસ્ટર સાથે કોંગ્રેસના ધારાસભ્યોએ જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

દેશ અને રાજ્યમાં ગેસની અછતના મુદ્દે કોંગ્રેસે આજે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા બહાર અનોખું વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના ધારાસભ્યો ગેસના બાટલા સાથે લાકડા અને છાણા લઈને વિધાનસભા બહાર પહોંચ્યા અને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે ગેસ સપ્લાયની અછતને કારણે સામાન્ય લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને સરકાર આ મુદ્દે યોગ્ય પગલાં લેવામાં નિષ્ફળ રહી છે.

કોંગ્રેસના ધારાસભ્ય અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે આજે લોકો ગેસના સિલિન્ડર માટે લાંબી લાઇનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ગૃહિણીઓને ગેસ મેળવવા માટે દરદર ભટકવું પડે છે, જે સરકારની નીતિની નિષ્ફળતા દર્શાવે છે. તેમણે કહ્યું કે મોંઘવારી વચ્ચે ગેસની અછતથી લોકો વધુ મુશ્કેલી અનુભવી રહ્યા છે અને ઉદ્યોગો પર પણ તેની નકારાત્મક અસર પડી રહી છે.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન અમેરિકા સામે સરેન્ડર થયા હોવાના કારણે પેટ્રોલિયમ અને ગેસ સપ્લાયના મુદ્દે દેશના હિતોને નુકસાન થયું છે. સરકારએ તાત્કાલિક ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની પૂરતી સપ્લાય સુનિશ્ચિત કરવી જોઈએ.


**એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)**
Arcil Premier ARC
વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત
આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028
વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI ACT) હેઠળ મળેલી સત્તાની રૂએ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વંચાણે લેતા ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ
આથી સામાન્ય જનતા અને ખાસ કરીને લેણદાર(રો)/ જામીનદાર(રો)/ ગીરો મૂકનાર(રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/તો કે જે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ, જે વિવિધ આર્સિલ ટ્રસ્ટો ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે (નોંધાયેલ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ) ને ગીરો/ચાર્જ હેઠળ છે, તેનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવી હાલતમાં છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ આશરો લીધા વિનાના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. આ વેચાણ બાકી લેણાંની વસૂલાત માટે, આગળના વ્યાજ, ખર્ચ અને ચાર્જીસ વગેરે સાથે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('એક્ટ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમ 6, 8 અને 9 હેઠળ નીચેની વિગતો મુજબ કરવામાં આવશે.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | SARFAESI નોટિસ તારીખ 16.02.2026 મુજબ કબજો પ્રકાર અનેતારીખ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લેણદાર: પટેલ સેતુ કેતનભાઈ સહ-લેણદાર: પટેલ યોગિતાબેન કેતનકુમાર | 31809610000637 જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ. 30,80,352.78 (રૂપિયા ત્રીસ લાખ એંસી હજાર ત્રણસો બાવન અને ઈઠ્યોતેર પૈસા પૂરા) | 08/02/2025 | વિનંતી મુજબ | 60.00 ચો. મીટર | રૂ. 1,50,600/- (રૂપિયા એક લાખ પચાસ હજાર છસો પૂરા) | રૂ. 15,06,000/- (રૂપિયા પંદર લાખ છ હજાર પૂરા) | 01/04/2026 બપોરે 02:00 કલાકે |

હરાજીમાં મુકાયેલ સુરક્ષિત મિલકતનું વર્ણન: જિલ્લો ખેડા, સબ ડિસ્ટ્રિક્ટ મહેમદાવાદ, મૌજે ગામ રુદણ, શીટ નં. 4, સિટી સર્વે નં. 331 જેનું ક્ષેત્રફળ 44.28 ચો. મીટર છે અને સિટી સર્વે નં. 332 જેનું ક્ષેત્રફળ 51.66 ચો. મીટર છે. કુલ બાંધકામ ક્ષેત્રફળ 60.00 ચો.મીટર, ગ્રામ પંચાયત. સીમાઓ: પૂર્વે: જાહેર રસ્તો આવેલ છે, પશ્ચિમે: જાહેર રસ્તો આવેલ છે, ઉત્તરે: જમીન આવેલ છે, દક્ષિણે: જમીન આવેલ છે.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: ARCIL-TRUST-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC , |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા- 9898335003 અને રંજન નાઈક- 6362951653 |

નિયમો અને શરતો:
1. હરાજીનું વેચાણ HTTPS://AUCTION.ARCIL.CO.IN વેબસાઈટ દ્વારા ઈ-હરાજી મારફત અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર ફેલ્યોર વગેરે માટે અધિકૃત અધિકારી ('AO')/ ARCIL ને જવાબદાર ગણવામાં આવશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મોકૂફ રાખી શકે છે.
4. સફળ ખરીદનાર/બિડર લાગુ પડતા કાયદા મુજબ સુરક્ષિત મિલકત તેમના નામે ટ્રાન્સફર કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, ટેક્સ, ફી, ખરીદ કિંમત પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાની રહેશે.
5. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, સુરક્ષિત મિલકતનું ટાઈટલ અને સુરક્ષિત મિલકતોને અસર કરતા દાવાઓ/હકો/લેણાં, જેમાં વૈધાનિક લેણાં વગેરેનો સમાવેશ થાય છે, તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની આ જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા કે રજૂઆત ગણાશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવા/હકો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
6. સમાચારપત્રમાં પ્રકાશિત હરાજી નોટિસમાં નિર્દિષ્ટ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા વિસંગતતા માટે જવાબદાર રહેશે નહીં.
7. લેણદાર/ જામીનદારો/ ગીરો મૂકનાર, જેઓ સદર બાકી લેણાં માટે જવાબદાર છે, તેમણે આ વેચાણ નોટિસને ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સના નિયમ 8 અને 9 હેઠળની નોટિસ તરીકે ગણવી.
8. જો અહીં નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને એક્ટના નિયમ 8(5) ની જોગવાઈઓ હેઠળ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.

સ્થળ: ગુજરાત, તારીખ: 14.03.2026 Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ


# ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ગામ-ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે

ગાંધીનગર | ખેડૂતો અને ગામજનોના હિતમાં સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં આ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા કુલ રૂ. ૧,૪૨૩.૪ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ગામ તેમજ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. જેમાં ફેઝ - ૧ ના ૧૭ અને ફેઝ -૨ ના ૧૨ કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું. જળ સંપત્તિ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આ પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ઘેડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે પોરબંદરના ધારાસભ્ય અને વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ આ વિસ્તારના ધારાસભ્યો દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેને આગામી સમયમાં સફળતા મળશે. રાજ્યમાં માટે ઘેડ વિસ્તારના પાણી નિકાલના અભ્યાસ માટે કન્સલટન્ટ એજન્સી દ્વારા સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એજન્સી દ્વારા રજૂ કરાયેલ પ્રાથમિક અહેવાલ મુજબ ઘેડ વિસ્તારના પાણી નિકાલના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે ગત જાન્યુઆરી-૨૦૨૫માં રૂ. ૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૫૦.૦૧ કરોડ એમ કુલ અંદાજીત રૂ. ૧૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવાય છે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.


**એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)**
Arcil Premier ARC
વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત
આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028
વેબસાઈટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI ACT) હેઠળ મળેલી સત્તાની રૂએ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમો 6, 8 અને 9 સાથે વંચાણે લેતા ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ
આથી સામાન્ય જનતા અને ખાસ કરીને લેણદાર(રો)/ જામીનદાર(રો)/ ગીરો મૂકનાર(રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/તો કે જે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ, જે વિવિધ આર્સિલ ટ્રસ્ટો ('ARCIL') ના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે (નોંધાયેલ અસાઈનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ) ને ગીરો/ચાર્જ હેઠળ છે, તેનું વેચાણ 'જે છે જ્યાં છે', 'જે છે જેવી હાલતમાં છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ આશરો લીધા વિનાના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે. આ વેચાણ બાકી લેણાંની વસૂલાત માટે, આગળના વ્યાજ, ખર્ચ અને ચાર્જીસ વગેરે સાથે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('એક્ટ') ની જોગવાઈઓ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમ 6, 8 અને 9 હેઠળ નીચેની વિગતો મુજબ કરવામાં આવશે.

| ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ | LAN નંબર અને વેચાણ બેંક | ટ્રસ્ટનું નામ | SARFAESI નોટિસ તારીખ 16.02.2026 મુજબ કબજો પ્રકાર અનેતારીખ | કબજો પ્રકાર અને તારીખ | નિરીક્ષણ તારીખ | મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) | અનામત કિંમત | ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઝાલાભાઈ પ્રતાપભાઈ ઠાકોર સહ-લેણદાર: પ્રતાપભાઈ વીરાભાઈ ઠાકોર | 3196961000033 જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિ. | આર્સિલ-ટ્રસ્ટ-2026-005 | રૂ. 24,25,161.23 (રૂપિયા ચોવીસ લાખ પચીસ હજાર એકસો એકસઠ અને ત્રેવીસ પૈસા પૂરા) | 05/01/2025 | વિનંતી મુજબ | 49.92 ચો. મીટર | રૂ. 69,600/- (રૂપિયા અગણોસિત્તેર હજાર છસો પૂરા) | રૂ. 6,96,000/- (રૂપિયા છ લાખ છન્નું હજાર પૂરા) | 01/04/2026 સાંજે 05:30 કલાકે |

હરાજીમાં મુકાયેલ સુરક્ષિત મિલકતનું વર્ણન: પ્લોટ નં. 98P ના દક્ષિણ ભાગમાં આવેલી તમામ સ્થાવર રહેણાંક મિલકત, જેનું બાંધકામ 33.00 ચો.મીટર છે, કુલ ક્ષેત્રફળ 49.92 ચો.મીટર છે. જે રેવન્યુ સર્વે નં. 390, મ્યુનિ. સેન્સસ નં. 10099/2529/98/2 માં આવેલ છે, જે 'નીલકંઠ સોસાયટી' તરીકે ઓળખાય છે, રાધનપુર સીમ, તા. રાધનપુર અને જી. પાટણ, ઉત્તર ગુજરાત.

| | | |
|---|---|---|
| ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL | ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: ARCIL-TRUST-2026-005 | RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC, |
| ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL | બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ | IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે | સમાન ભાવે ચૂકવવાપાત્ર | સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા- 9898335003 અને રંજન નાઈક- 6362951653 |

નિયમો અને શરતો:
1. હરાજીનું વેચાણ HTTPS://AUCTION.ARCIL.CO.IN વેબસાઈટ દ્વારા ઈ-હરાજી મારફત અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. ઈન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર ફેલ્યોર વગેરે માટે અધિકૃત અધિકારી ('AO')/ ARCIL ને જવાબદાર ગણવામાં આવશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/નકારી/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મોકૂફ રાખી શકે છે.
4. સફળ ખરીદનાર/બિડર લાગુ પડતા કાયદા મુજબ સુરક્ષિત મિલકત તેમના નામે ટ્રાન્સફર કરવા માટે ચૂકવવાપાત્ર કોઈપણ વૈધાનિક લેણાં, ટેક્સ, ફી, ખરીદ કિંમત પર લાગુ પડતો GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાની રહેશે.
5. ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા બોજો, સુરક્ષિત મિલકતનું ટાઈટલ અને સુરક્ષિત મિલકતોને અસર કરતા દાવાઓ/હકો/લેણાં, જેમાં વૈધાનિક લેણાં વગેરેનો સમાવેશ થાય છે, તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની આ જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા કે રજૂઆત ગણાશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષના દાવા/હકો/લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
6. સમાચારપત્રમાં પ્રકાશિત હરાજી નોટિસમાં નિર્દિષ્ટ વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટા નિવેદન અથવા વિસંગતતા માટે જવાબદાર રહેશે નહીં.
7. લેણદાર/ જામીનદારો/ ગીરો મૂકનાર, જેઓ સદર બાકી લેણાં માટે જવાબદાર છે, તેમણે આ વેચાણ નોટિસને ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સના નિયમ 8 અને 9 હેઠળની નોટિસ તરીકે ગણવી.
8. જો અહીં નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને એક્ટના નિયમ 8(5) ની જોગવાઈઓ હેઠળ અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા સુરક્ષિત મિલકત વેચવાનો અધિકાર છે.

સ્થળ: ગુજરાત, તારીખ: 14.03.2026 Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ


# ગુજરાતમાં 15 વર્ષથી જૂના સરકારી વાહનો સ્ક્રેપ થશે : જૂના વાહનોનો જાળવણી ખર્ચ -કાર્યક્ષમતાને ધ્યાને રાખી નિર્ણય

અમદાવાદ | ગુજરાત સરકારે રાજ્યના સરકારી વાહનોના નિકાલ અને સ્ક્રેપિંગ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ હવે 15 વર્ષથી વધુ જૂના સરકારી વાહનોને ફરજિયાત રીતે સ્ક્રેપ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા કેન્દ્ર સરકારના GSR 29(E) નિયમો મુજબ રજીસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપિંગ ફેસિલિટી (RVSF) મારફતે જ કરવામાં આવશે. સરકારે જણાવ્યું છે કે, અનેક વિભાગોમાં એવા વાહનો હજુ પણ ઉપયોગમાં છે, જેઓ નક્કી કરેલી સમયમર્યાદા અને કિલોમીટર મર્યાદા પાર કરી ચૂક્યા છે. આવા વાહનો જાળવવામાં સરકારને વધારે ખર્ચ થાય છે અને તેમની કાર્યક્ષમતા પણ ઓછી રહે છે. તેથી હવે તમામ વિભાગોને વાહનોના નિકાલ માટે એકસરખી પ્રક્રિયા અપનાવવા સૂચના આપવામાં આવી છે. નવી માર્ગદર્શિકા મુજબ કોઈ પણ સરકારી વાહન 2.50 લાખ કિલોમીટર પૂર્ણ કરે અથવા 10 વર્ષ પૂર્ણ કરે તો તેની સમીક્ષા કરવામાં આવશે. જો વાહન ઉપયોગ માટે યોગ્ય ન રહે તો તેને સ્ક્રેપ કરવા માટે મોકલવામાં આવશે. તે સિવાય 15 વર્ષથી વધુ જૂના તમામ વાહનોને ફરજિયાત રીતે સ્ક્રેપ કરવાના રહેશે. સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આવા વાહનોનો નિકાલ માત્ર Registered Vehicle Scrapping Facility (RVSF) મારફતે જ થશે. વાહનને કન્ડેમ (Condemn) જાહેર કર્યા બાદ તેની નોંધ સંબંધિત RTO/ ARTO કચેરીમાં કરવામાં આવશે અને પછી સ્ક્રેપિંગ માટે આગળની પ્રક્રિયા હાથ ધરાશે. વાહનના નિકાલ માટે તેની નિલામી કિંમત નક્કી કરતી વખતે મૂળ ખરીદી કિંમતમાંથી અંદાજે 4 ટકા દર વર્ષે ઘટાડીને મૂલ્યાંકન કરવામાં આવશે. જો વાહનની મૂળ કિંમતની વિગતો ઉપલબ્ધ ન હોય તો સમાન મોડલના વાહનની કિંમતના આધારે તેની અંદાજિત કિંમત નક્કી કરવામાં આવશે. સ્ક્રેપિંગ પ્રક્રિયા MSCTC અને GeM પોર્ટલ મારફતે ઓનલાઈન ટેન્ડર અથવા હરાજી દ્વારા કરવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારા બિડર્સમાંથી સર્વોચ્ચ બોલી આપનારને વાહન સ્ક્રેપ માટે આપવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા પારદર્શક રહે તે માટે જિલ્લાકક્ષાએ સમિતિ રચવાની પણ સૂચના આપવામાં આવી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ધરપકડ કરાઈ, ગુજરાતમાં વન્યજીવ તસ્કરી રેકેટનો પર્દાફાશ થયો છે

# પોરબંદર વન વિભાગ સિંહ વાઘ અવશેષો તસ્કરી મામલે 4 ઝડપાયા

(એજન્સી) પોરબંદર । તા. 13




ગાંધી ભૂમિ પોરબંદરમાં વન્યજીવોના અંગોની તસ્કરીનું એક મસમોટું રેકેટ સામે આવ્યું છે. પોરબંદર વન વિભાગ સિંહ વાઘ અવશેષો તસ્કરી મામલે મળેલી ગુપ્ત બાતમીના આધારે વન વિભાગની ટીમે શહેરના ચોપાટી મેદાનમાં દરોડો પાડીને મધ્યપ્રદેશના ૪ શખ્સોને ઝડપી પાડ્યા છે. આ શખ્સો પાસેથી સિંહ અને વાઘના હોવાની આશંકા ધરાવતા શંકાસ્પદ નખ તેમજ કસ્તૂરી મૃગના પદાર્થો મળી આવ્યા છે. વન વિભાગે અંદાજે ૧૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી સમગ્ર પ્રકરણમાં આંતરરાજ્ય કનેક્શન હોવાની દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. નાયબ વન સંરક્ષક ચિરાગ ચાંદકુડેના માર્ગદર્શન હેઠળ બરડા અભ્યારણ્ય (રાણાવાવ)ની રેન્જ ફોરેસ્ટ ઓફિસરની ટીમે આ ઓપરેશન પાર પાડ્યું હતું. બાતમી મળી હતી કે કેટલાક પરપ્રાંતિય શખ્સો પોરબંદરના ચોપાટી મેદાનમાં વન્ય પ્રાણીઓના અંગોનું ગેરકાયદે વેચાણ કરવા માટે એકઠા થયા છે. વન વિભાગની ટીમે ઓચિંતો દરોડો પાડતા આરોપીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ તકેદારી પૂર્વક ચારેય શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. ગુજરાતમાં વન્યજીવ તસ્કરી રેકેટનો પર્દાફાશ થતા વન્યજીવ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઝડપાયેલા ચારેય આરોપીઓ વિરુદ્ધ 'ભારતીય વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨' ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. વન વિભાગના જણાવ્યા મુજબ, વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ ધરપકડ કરાયેલા આ શખ્સો પાસેથી જે અવશેષો મળ્યા છે તે ખૂબ જ દુર્લભ શ્રેણીમાં આવે છે. જો આ અવશેષો સાચા સાબિત થાય તો આરોપીઓને લાંબા સમયની જેલવાસની સજા થઈ શકે છે. વન વિભાગ હવે એ તપાસી રહ્યું છે કે આ શખ્સો કયા માર્ગે ગુજરાતમાં પ્રવેશ્યા હતા અને તેમની પાછળ કોઈ મોટી ગેંગ સક્રિય છે કે કેમ.

### FSL રિપોર્ટ પર સૌની નજર

જપ્ત કરવામાં આવેલા મુદ્દામાલમાં સિંહ અને વાઘના નખ તેમજ કસ્તૂરી મૃગની કસ્તૂરી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, વન વિભાગ આ બાબતે અત્યંત સાવચેતી વર્તી રહ્યું છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, જપ્ત કરાયેલા અવશેષો સાચે જ વન્ય પ્રાણીઓના છે કે કેમ તેની વૈજ્ઞાનિક ખાતરી કરવા માટે તેને તાત્કાલિક અસરથી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) માં મોકલવામાં આવ્યા છે. એફએસએલના રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે કે આ શખ્સો અસલી અવશેષો વેચતા હતા કે લોકો સાથે છેતરપિંડી કરી રહ્યા હતા.

### વન્યજીવ પ્રેમીઓમાં ચિંતાનું મોજું

સિંહ અને વાઘ જેવા રાષ્ટ્રીય પ્રાણીઓના અવશેષો આ રીતે જાહેરમાં વેચાતા મળી આવતા વન્યજીવ પ્રેમીઓમાં ચિંતા પ્રસરી છે. ખાસ કરીને પોરબંદર જિલ્લો બરડા અભ્યારણ્યને કારણે સિંહોનું કુદરતી રહેઠાણ બની રહ્યો છે, ત્યારે આવી પ્રવૃત્તિઓ સિંહોની સુરક્ષા સામે મોટા સવાલ ઉભા કરે છે. મીડિયા અહેવાલ મુજબ, આ શખ્સો અગાઉ પણ આવા વેપારમાં સંડોવાયેલા હોવાની શક્યતા છે. વન વિભાગે સ્થાનિક પોલીસની મદદ લઈને આરોપીઓના મોબાઈલ કોલ ડિટેલ્સ અને નેટવર્કની તપાસ શરૂ કરી છે. નિષ્કર્ષમાં કહી શકાય કે પોરબંદર વન વિભાગની આ સતર્કતાને કારણે એક મોટી તસ્કરી અટકી છે. આગામી દિવસોમાં એફએસએલ રિપોર્ટ અને આરોપીઓની પૂછપરછમાં અનેક મોટા ખુલાસા થવાની સંભાવના છે.

## એમ.એસ. યુનિવર્સિટી પરીક્ષા વિવાદ: પરીક્ષાના આગલા દિવસે પેપર સેટ થયા




વડોદરા | વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) ફરી એકવાર વહીવટી શિથિલતાને કારણે વિવાદમાં આવી છે. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગે એક મહિના પહેલા જ સ્પષ્ટ ગાઈડલાઈન જારી કરી હતી કે પરીક્ષાનું ટાઈમ ટેબલ અને પેપર સેટિંગની પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવી, જેથી વિદ્યાર્થીઓને તૈયારીનો પૂરતો સમય મળે. જોકે, ટેકનોલોજી ફેકલ્ટીમાં આ સૂચનાઓનું સરેઆમ ઉલ્લંઘન જોવા મળ્યું છે, જ્યાં શુક્રવારથી શરૂ થતી એટીકેટી (ATKT) ની પરીક્ષા માટેના પેપરો ગુરુવારે રાત્રે જ ઉતાવળે સેટ કરવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. મળતી માહિતી મુજબ, ટેકનોલોજી ફેકલ્ટીના અધ્યાપકોનું કન્વેયન્સ એલાઉન્સ (વાહન ભથ્થું) બંધ કરી દેવામાં આવતા મોટો વિવાદ સર્જાયો હતો. રોષે ભરાયેલા અધ્યાપકોએ પેપર સેટ કરીને હેડ ઓફિસે જમા કરાવવાની ના પાડી દીધી હતી. આ આંતરિક ખેંચતાણને કારણે પરીક્ષાના માત્ર ત્રણ દિવસ પહેલા જ પેપર સેટ કરવાના ઓર્ડર અપાયા હતા. યુનિવર્સિટી પ્રશાસનની આ લાપરવાહીને કારણે વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પણ જોખમ ઊભું થયું છે.

## ગિરનાર અંબાજી મંદિર વિવાદ: ભંડારામાં દારૂની પાર્ટીથી ભાવિકો લાલચોળ

(એજન્સી) જૂનાગઢ । તા. 13

લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર ગણાતા ગિરનાર પર્વત પર સ્થિત શક્તિપીઠ અંબાજી મંદિર અત્યારે એક ગંભીર વિવાદના ઘેરામાં આવ્યું છે. મંદિરના ભંડારામાં દારૂની પાર્ટી અને અભદ્ર ભાષાના પ્રયોગ સાથેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ભાવિકો અને સાધુ-સંતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પવિત્ર ધામમાં આ પ્રકારની અનૈતિક પ્રવૃત્તિ સામે આવતા તંત્ર દ્વારા તાકીદે તપાસના આદેશો જારી કરવામાં આવ્યા છે.

હાલ અંબાજી મંદિરનો વહીવટ મામલતદાર હસ્તક હોવા છતાં આવી ઘટના બનતા સુરક્ષા અને વહીવટ સામે સવાલો ઉઠ્યા છે. મામલતદારે આ બાબતને ગંભીરતાથી લઈ પૂજારીઓ અને રસોયા સહિત કુલ ૧૧ વ્યક્તિઓને મંદિરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકી દીધો છે. માતાજીની સેવા-પૂજા માટે હાલ કામચલાઉ ધોરણે બે જાણકાર વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવી છે. જોકે, સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે વીડિયોમાં જે લોકો નથી દેખાતા તેમની સામે પણ પગલાં લેવામાં આવ્યા છે, જે તપાસનો વિષય છે.

જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસિયાએ આ સમગ્ર પ્રકરણની ગંભીરતા સમજીને પ્રાંત અધિકારી (SDM) ને તપાસ સોંપી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વાયરલ થયેલો આ વીડિયો જૂનો હોવાની પણ શક્યતા છે. વીડિયોમાં દેખાતા શખ્સો પૂજારી નથી પરંતુ મંદિર સાથે સંકળાયેલા કોઈ શખ્સ દ્વારા પ્રેરિત હોવાની આશંકા સેવાઈ રહી છે. તપાસનો રિપોર્ટ આવ્યા બાદ જવાબદારો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ગિરનારની પવિત્ર ગરિમાને ઠેસ પહોંચાડતી આ ઘટનાથી ધર્મપ્રેમી જનતામાં ઉગ્ર નારાજગી છે. સાધુ-સંતોની માંગ છે કે આ બાબતે કોઈ પણ પ્રકારની ઢીલ રાખ્યા વગર સત્ય બહાર લાવવામાં આવે. મામલતદારે જણાવ્યું છે કે વીડિયોની સત્યતા અને તેમાં સામેલ લોકોની ઓળખ કરવાની પ્રક્રિયા અત્યારે ચાલુ છે.

## મધ્ય ગુજરાત વીજ માગમાં વધારો: ૧૨ દિવસમાં ૪૦૦ મેગાવોટનો ઉછાળો

(એજન્સી) વડોદરા । તા. 13

ગુજરાતમાં આ વર્ષે ઉનાળાની શરૂઆતમાં જ સૂર્યદેવ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. માર્ચ મહિનાના બીજા સપ્તાહમાં જ મે મહિના જેવી કાળઝાળ ગરમી પડતા મધ્ય ગુજરાતમાં વીજળીની માંગમાં મોટો



ઉછાળો નોંધાયો છે. મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૨ દિવસમાં જ વીજ માગમાં ૪૦૦ મેગાવોટનો જંગી વધારો થયો છે, જે વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. આંકડાકીય વિગતો મુજબ, હીટવેવ શરૂ થયો તે પહેલા એટલે કે ૧ માર્ચના રોજ પીક અવર્સમાં મધ્ય ગુજરાતની વીજ માગ ૧૯૭૧ મેગાવોટ હતી. અચાનક તાપમાન વધતા માત્ર ૧૨ દિવસમાં જ ૧૨ માર્ચ સુધીમાં આ આંકડો વધીને ૨૩૭૩ મેગાવોટ પર પહોંચી ગયો છે. મીડિયા અહેવાલ મુજબ, માર્ચ મહિનાના પ્રારંભમાં આટલી મોટી માત્રામાં વીજ વપરાશ વધ્યો હોય તેવી આ પ્રથમ ઘટના છે. અસહ્ય ગરમીથી બચવા માટે લોકોએ વહેલાસર પંખા, કુલર અને એસીનો ઉપયોગ શરૂ કરી દીધો છે. આ વધારામાં સૌથી મોટો હિસ્સો ઘરેલુ વપરાશનો છે, જેમાં ૧૩૪ મેગાવોટનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારોમાં પણ ૬૪ મેગાવોટ વીજ માગ વધી છે. ઓફિસો અને ઔદ્યોગિક એકમોમાં પણ કુલિંગ સિસ્ટમ્સ ચાલુ થતા વીજળીનો વપરાશ સતત વધી રહ્યો છે. વીજ કંપનીના અધિકારીઓનું કહેવું છે કે અગાઉ ક્યારેય માર્ચના બીજા સપ્તાહમાં ૪૦૦ મેગાવોટનો વધારો જોવા મળ્યો નથી.

## વડોદરા માર્ગ અકસ્માત સમાચાર: પાંચ દિવસની સારવાર બાદ પત્નીનું મોત

(એજન્સી) વડોદરા । તા. 13

વડોદરા શહેરના ડભોઈ રોડ પર સોમા તળાવથી કપુરાઈ ચોકડી તરફના માર્ગ પર પાંચ દિવસ અગાઉ બનેલી અકસ્માતની ઘટનામાં અંતે કરુણ અંજામ આવ્યો છે. ગત ૭ મી માર્ચના રોજ એક અજાણ્યા બાઈકચાલકની ટક્કરથી ઘાયલ થયેલા વૃદ્ધ દંપતી પૈકી પત્નીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે કપુરાઈ પોલીસ મથકે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કપુરાઈ ચોકડી પાસે આવેલા અક્ષર ટેનામેન્ટમાં રહેતા કાંતિભાઈ માનાભાઈ રવાડ અને તેમના પત્ની શાંતાબેન (ઉં.વ. ૬૫) ખોડિયાર નગરમાં રહેતા તેમના પુત્રના ઘરે ગયા હતા. ત્યાંથી પોતાના મોપેડ પર પરત ફરી રહ્યા હતા ત્યારે સોમા તળાવ ચાર રસ્તા પાસે પાછળથી પૂરઝડપે આવતા એક બાઈકચાલકે તેમના વાહનને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દંપતી રોડ પર પટકાયું હતું અને શાંતાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓ સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા.

શાંતાબેનને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા પાંચ દિવસથી તેઓ જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત નીપજ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, અકસ્માત સર્જીને બાઈકચાલક માનવતા નેવે મૂકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. કાંતિભાઈને પણ આ અકસ્માતમાં ઈજાઓ પહોંચી છે, પરંતુ પત્નીના અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

કપુરાઈ પોલીસે આ મામલે હિટ એન્ડ રનનો ગુનો દાખલ કર્યો છે. પોલીસ દ્વારા વિસ્તારના સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે જેથી ફરાર બાઈકચાલકની ઓળખ થઈ શકે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન અને બેફામ ગતિએ વાહન ચલાવવાના કારણે આ જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. પોલીસે નાગરિકોને પણ અપીલ કરી છે કે માર્ગ પર વાહન ચલાવતી વખતે સતર્કતા રાખે જેથી આવી દુર્ઘટનાઓ ટાળી શકાય.

## વડોદરા ફાયરિંગ ઘટના થી દાંડિયા બજાર વિસ્તારમાં ભારે ગભરાટ




વડોદરા | સંસ્કારી નગરી વડોદરાના દાંડિયા બજાર વિસ્તારમાં મોડી રાત્રે ફાયરિંગની ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. કાકા સાહેબના ટેકરા પાસે આવેલા નવદુર્ગા મંદિર નજીક એક શખસે જાહેરમાં હવામાં ગોળીબાર કરતા સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ રાવપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ફાયરિંગ કરનાર આરોપી રાજ નરેન્દ્રસિંહ દોલતસિંહ નશાની હાલતમાં હતો. તેણે પોતાની પાસે રહેલી બંદૂકથી એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યું હતું. આરોપી મૂળ જીએસટી (GST) ભવનમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. જવાબદાર પદ પર હોવા છતાં નશાનું સેવન કરી હથિયારનો દુરુપયોગ કરવાના આ કૃત્યથી લોકોની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા છે. આ ઘટનાને પગલે સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ્સના ચારિત્ર્ય અને શિસ્ત અંગે પણ ચર્ચાઓ જાગી છે.

### આયુર્વેદિક ડોક્ટર પતિનો પત્ની પર જીવલેણ હુમલો

# સુરત કોર્ટ એસિડ એટેક જજની હાજરીમાં જ પતિનો પત્ની પર હુમલો



(એજન્સી) સુરત । તા. 13

સુરતની ન્યાયિક વ્યવસ્થાના ઈતિહાસમાં આજે એક કાળો દિવસ નોંધાયો છે. સુરત જિલ્લા સેવા સદન જેવી અત્યંત સુરક્ષિત ગણાતી જગ્યાએ સુરત કોર્ટ એસિડ એટેક ૨૦૨૬ ની ચોંકાવનારી ઘટના બની છે. ભરણપોષણના કેસની સુનાવણી દરમિયાન એક આયુર્વેદિક ડોક્ટર પતિએ પોતાની પત્ની પર જજની હાજરીમાં જ એસિડ ફેંકીને જીવલેણ હુમલો કર્યો હતો. આ ભયાનક દ્રશ્યો જોઈને કોર્ટ રૂમમાં હાજર વકીલો અને પક્ષકારોમાં નાસભાગ મચી ગઈ હતી. પત્નીને ગંભીર રીતે દાઝી ગયા બાદ આરોપી પતિએ પણ ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા સમગ્ર સુરતમાં આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની છે.

મળતી વિગતો મુજબ, આયુર્વેદિક ડોક્ટર વિનોદ ભાનુશાળી અને તેમની પત્ની વચ્ચે છેલ્લા લાંબા સમયથી કોર્ટમાં ભરણપોષણનો વિવાદ ચાલી રહ્યો હતો. શુક્રવારે સેવા સદનના પાંચમા માળે આવેલી કોર્ટ નંબર ૬ માં આ કેસની સુનાવણી નિયત હતી. પત્ની જ્યારે કોર્ટમાં સુનાવણીની રાહ જોઈને આગળની હરોળમાં બેઠી હતી, ત્યારે જ પાછળથી ડોક્ટર પતિએ ઓચિંતી એસિડની બોટલ કાઢી પત્ની પર હુમલો કર્યો હતો. આયુર્વેદિક ડોક્ટર પતિનો પત્ની પર હુમલો એટલો અચાનક હતો કે સુરક્ષા કર્મીઓ પણ કંઈ સમજી શકે તે પહેલા મહિલા એસિડથી લપેટાઈ ગઈ હતી.

આ હુમલો માત્ર પત્ની પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ એસિડની તીવ્રતા એટલી હતી કે આસપાસ બેઠેલા અન્ય વકીલો અને પક્ષકારોના કપડાં પણ એસિડના છાંટાથી બળી ગયા હતા. સમગ્ર કોર્ટ રૂમમાં એસિડની ગંધ પ્રસરી જતાં ગૂંગળામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પત્ની પર હુમલો કર્યાના ગણતરીની સેકન્ડોમાં જ આરોપી વિનોદ ભાનુશાળીએ પોતાની પાસે છુપાવેલી ઝેરી દવા પી લીધી હતી. હાલમાં બંનેને સુરત સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડ અને ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી એસિડની ખાલી બોટલ અને દવાની શીશી કબજે કરી છે.

આ ઘટનાએ સુરત પોલીસ અને કોર્ટની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થો ઊભા કર્યા છે. કોર્ટ પરિસરમાં સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉઠાવતા વકીલ આલમે રોષ વ્યક્ત કર્યો છે કે, જ્યાં મેટલ ડિટેક્ટર અને ચુસ્ત પોલીસ પહેરો હોય છે, ત્યાં એક વ્યક્તિ એસિડની બોટલ અને ઝેરી દવા જેવી જોખમી વસ્તુઓ લઈને પાંચમા માળ સુધી પહોંચી કેવી રીતે શકે? શું ચેકિંગ માત્ર નામનું જ કરવામાં આવે છે? આ બેદરકારીને કારણે આજે એક મહિલાનો જીવ જોખમમાં મુકાયો છે અને ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચી છે.

એક તરફ ગાંધીનગર વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો ગેસની તંગી અને મોંઘવારી મુદ્દે લાકડા અને સિલિન્ડર લઈને અનોખો વિરોધ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ સુરતની આ ઘટનાએ રાજ્યના ગૃહ વિભાગને પણ દોડતું કરી દીધું છે.

### વડોદરામાંથી વોન્ટેડ આરોપી આલા જલુની ધરપકડ કરાઈ

# સુરત વ્યાજખોરી-ખંડણી કેસમાં 40 લાખ સામે 1.85 કરોડ પડાવ્યા

(એજન્સી) સુરત/વડોદરા । તા. 13



સુરત પોલીસના ઈકો સેલમાં બે વર્ષ પહેલાં નોંધાયેલા વ્યાજખોરી અને ખંડણીના હચમચાવી દેતા ગુનામાં સફળતા મળી છે. સુરત વ્યાજખોરી અને ખંડણી કેસ ૨૦૨૬ ના વોન્ટેડ આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે. ૪૦ લાખની રકમ સામે ૧.૮૫ કરોડ રૂપિયા વસૂલ કર્યા હોવા છતાં વધુ ૨૬ લાખની ઉઘરાણી માટે ધાકધમકી આપનાર આરોપી આલા ઉર્ફે લાખા જલુને મકરપુરા વિસ્તારમાંથી દબોચી લેવામાં આવ્યો છે. આ કેસમાં વ્યાજખોરોએ માત્ર નાણાં જ નહીં, પરંતુ જમીન પચાવી પાડવાનું પણ કૌભાંડ રચ્યું હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ દ્વારા મળેલી વિગત મુજબ, વર્ષ ૨૦૨૪માં સુરત ઈકો સેલમાં મનસુખ બોરડ, ભરત વસરા અને આલા ઉર્ફે લાખા સામે ફરિયાદ નોંધાઈ હતી. આરોપીઓએ ભોગ બનનારને ૪૦ લાખ રૂપિયા વ્યાજે આપ્યા હતા. આ રકમ વસૂલવા માટે તેઓએ બળજબરીથી ૯૦ લાખ રૂપિયાના ચેકો લખાવી લીધા હતા. આટલું જ નહીં, આરોપીઓ દર મહિને ૫ ટકા લેખે માતબર વ્યાજ વસૂલતા હતા. વડોદરામાંથી વોન્ટેડ આરોપી આલા જલુની ધરપકડ થતાં હવે આ ગેંગના અન્ય કાળા કામો પણ બહાર આવે તેવી શક્યતા છે. અત્યાર સુધીમાં તેઓએ કુલ ૧.૮૫ કરોડ રૂપિયા પડાવ્યા હોવા છતાં લાલચ ઓછી થઈ નહોતી.

આ કેસમાં વ્યાજખોરીની સાથે જમીન પચાવી પાડવાનું પણ મોટું કૌભાંડ સામે આવ્યું છે. વડોદરાના ડભોઈ તાલુકાના ઠીકરીયા ગામે આવેલી ૪૪ વીઘા જમીન પેટે મૂળ માલિકને માત્ર ૫૦ લાખ ચૂકવીને બાકીની રકમ પેટે સુરતની મિલકત આપવાનો વાયદો કરી છેતરપિંડી કરવામાં આવી હતી. ગુજરાત પોલીસની વ્યાજખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી ના કારણે જ આ આંતરરાજ્ય કનેક્શન ધરાવતા ગુનેગારોની ધરપકડ શક્ય બની છે. આરોપીઓએ વ્યાજના વિષચક્રમાં ભોગ બનનારને એવી રીતે ફસાવ્યો હતો કે તે પોતાની મિલકતો ગુમાવવાને આરે આવી ગયો હતો.

સુરત પોલીસથી બચવા માટે આલા ભીમભાઈ જલુ છેલ્લા બે વર્ષથી વડોદરામાં આશ્રય લઈ રહ્યો હતો. તે વડોદરાના મકરપુરા વિસ્તારમાં મહાવીર પાર્ક પાસે છુપાયો હોવાની ચોક્કસ બાતમી વડોદરા ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. બાતમીના આધારે પોલીસે છાપો મારી તેને ઝડપી લીધો હતો. આરોપી મૂળ જૂનાગઢના કેશોદના મગરવાડાનો વતની છે. સુરત પોલીસે હવે આ આરોપીનો કબજો મેળવીને વધુ તપાસ શરૂ કરી છે કે તેણે અન્ય કેટલા લોકોને આ રીતે વ્યાજના ચક્રવ્યૂહમાં ફસાવ્યા છે.

### વ્યાજખોરો માટે ચેતવણીરૂપ કિસ્સો

રાજ્ય સરકાર અને પોલીસ વિભાગ દ્વારા વ્યાજખોરો વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલી ઝુંબેશના ભાગરૂપે આ સફળતા મળી છે. સુરત વ્યાજખોરી અને ખંડણી કેસ ૨૦૨૬ એ સાબિત કરે છે કે વ્યાજખોરો ગમે તેટલા શક્તિશાળી હોય, કાયદાના હાથ તેમના સુધી ચોક્કસ પહોંચે છે. ૧.૮૫ કરોડ વસૂલ્યા બાદ પણ ૨૬ લાખની વધારાની માંગણી અને ધાકધમકી આપનાર આરોપીઓને હવે કોર્ટના કઠેડામાં ઊભા રહેવું પડશે. સુરત ઈકો સેલ હવે આ કેસમાં અન્ય ફરાર આરોપીઓની પણ શોધખોળ કરી રહી છે.

**પોલીસ ફરજમાં રુકાવટ અને કડક કાર્યવાહી શરૂ**

## વડોદરા પોલીસ હુમલો ઘટના: પિતા-પુત્રના ઝઘડામાં પોલીસ ટીમ પર પ્રહાર

(એજન્સી) વડોદરા । તા. 13

વડોદરા શહેરના તરસાલી બાયપાસ વિસ્તારમાં શાંતિ જાળવવા ગયેલી પોલીસની ૧૧૨ ટીમ પર હુમલો થવાની આઘાતજનક ઘટના સામે આવી છે. નશામાં ધૂત પિતા-પુત્ર વચ્ચેના ઘરેલું ઝઘડાને શાંત પાડવા પહોંચેલા પોલીસ જવાનો સાથે ઝપાઝપી કરી ફરજમાં રુકાવટ ઊભી કરવામાં આવી હતી. આ મામલે કપૂરાઈ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ, ગત રાત્રે માંજલપુર પોલીસ સ્ટેશનની ૧૧૨ ટીમને તરસાલીની શ્રીજી આંગન સોસાયટીમાં પિતા-પુત્ર ઝઘડતા હોવાનો કોલ મળ્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલા હેડ કોન્સ્ટેબલ અને ડ્રાઈવર વિષ્ણુ બારીયાએ જોયું કે વિનુ રોહિત અને બીપીન રોહિત નશાની હાલતમાં એકબીજા સાથે બાખડી રહ્યા હતા. પોલીસે જ્યારે તેમને અટકાવીને પૂછપરછ માટે ગાડીમાં બેસાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે નશામાં ચૂર બીપીન રોહિત ઉશ્કેરાઈ ગયો હતો અને ડ્રાઈવર વિષ્ણુ બારીયા સાથે ઝપાઝપી કરી પોલીસ વાનને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસ જવાન પર હુમલો અને ફરજમાં રુકાવટની ઘટનાને ગંભીરતાથી લેતા કપૂરાઈ પોલીસે બંને શખ્સો સામે કડક કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. બીપીન રોહિત સામે આઈપીસીની ફરજમાં રુકાવટની કલમો તેમજ પ્રોહિબિશન એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે, જ્યારે તેના પિતા વિનુ રોહિત સામે નશો કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસે બંનેને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. શહેરમાં તાજેતરમાં પોલીસ અને સુરક્ષા કર્મીઓ પર હુમલાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. દારૂના નશામાં ભાન ભૂલેલા તત્ત્વો કાયદાનો ડર રાખ્યા વગર રક્ષકો પર જ હુમલો કરી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે નશાબંધીના કડક અમલની સાથે સાથે પોલીસ સુરક્ષા માટે પણ વિશેષ સાવચેતીની જરૂર છે.

**બ્રાન્ચની મોટી કાર્યવાહીમાં આરોપીઓ દબોચાયા**

## રાજકોટ હનીટ્રેપ ટોળકી ધરપકડ: 12 લાખ પડાવ્યા બાદ વધુ લાલચ નડી

(એજન્સી) રાજકોટ । તા. 13

રાજકોટ શહેરમાં ક્રાઈમ બ્રાન્ચે એક રીઢા હનીટ્રેપ ટોળકીનો પર્દાફાશ કરીને બે મહિલાઓ સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. બોટાદના ૫૯ વર્ષીય નિવૃત્ત શિક્ષક બટુકભાઈ પટેલને જમીન બતાવવાના બહાને રાજકોટ બોલાવી, હોટલમાં લઈ જઈ નિર્વસ્ત્ર ફોટા પાડી બળજબરીથી ૧૨ લાખ રૂપિયા પડાવી લેવાના કેસમાં પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓની લાલચ વધતા અને વધુ ૩-૪ લાખની માંગણી કરતા અંતે મામલો એ-ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યો હતો.

ઝડપાયેલા આરોપીઓમાં નિલેશ જુંજા, પાયલ પટેલ અને તેજલ ટીંડાણીનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પાયલ પટેલ સામે અગાઉ અંકલેશ્વરમાં અને તેજલ સામે ગાંધીગ્રામમાં પણ હનીટ્રેપ તથા બળજબરીથી નાણાં પડાવવાના ગુના નોંધાઈ ચૂક્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ટોળકીમાં હજુ એક મહિલા સહિત બે આરોપીઓ ફરાર છે, જેમને પકડવા માટે ક્રાઈમ બ્રાન્ચે ચક્રો ગતિમાન કર્યા છે. આ ટોળકી અત્યંત સુનિયોજિત રીતે લોકોને ફસાવતી હતી. નિવૃત્ત શિક્ષકને એસટી બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટલમાં લઈ જઈ, બળજબરીથી શારીરિક સંબંધ બાંધી તેના ફોટા પાડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને ૧૨ લાખ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. જોકે, ટોળકીએ નાણાં મળી ગયા બાદ પણ ત્રાસ આપવાનું ચાલુ રાખતા ભોગ બનનાર શિક્ષકે હિંમત દાખવી પોલીસનો સંપર્ક કર્યો હતો. આ ટોળકીએ અન્ય લોકોને પણ શિકાર બનાવ્યા હોઈ શકે છે. ઝડપાયેલા આરોપીઓ પૈકી નિલેશ ડ્રાઈવિંગનું કામ કરે છે જ્યારે તેજલ ઈમિટેશન વ્યવસાય સાથે સંકળાયેલી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ટોળકીનું નેટવર્ક કયા કયા શહેરોમાં ફેલાયેલું છે. પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે આવી અજાણી વ્યક્તિઓની જાળમાં ન ફસાય અને કોઈ પણ ગેરકાયદે માંગણી સામે પોલીસને તુરંત જાણ કરે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મિથુન : ક. છ. ઘ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**કર્ક : ડ. હ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**સિંહ : મ. ટ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**તુલા : ર. ત.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**વૃશ્ચિક : ન. ય.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મકર : ખ. જ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તબિયત પર ધ્યાન આપવું પડશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**૩૭ ગેસ એજન્સીઓ અને ૦૩ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ મારફતે ગેસનો પુરવઠો આપવામાં આવી રહ્યો છે**

# બનાસકાંઠામાં એલ.પી.જી. ગેસનો પુરતો પુરવઠો: નાગરિકોને અફવાઓથી દૂર રહેવા વહીવટી તંત્રની અપીલ

(એજન્સી) પાલનપુર | તા.13

મધ્યપૂર્વ વિસ્તારમાં ઉભી થયેલી બદલાતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને રાજ્યના નાગરિકોને ઘરેલું ઉપયોગ માટે એલ.પી.જી. ગેસ સીલીન્ડરનો પૂરતો અને નિયમિત પુરવઠો મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા સતત મોનીટરીંગ અને જરૂરી આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર તેમજ સંબંધિત વિભાગો દ્વારા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સમન્વય સાધીને ગેસ પુરવઠા વ્યવસ્થા સુચારૂ રહે તે માટે સતત પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલની અધ્યક્ષતામાં આજરોજ કલેકટર કચેરી, પાલનપુર ખાતે ગેસ એજન્સીના સંચાલકો સાથે બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું કે, જિલ્લામાં હાલમાં કુલ ૩૭ ગેસ એજન્સીઓ કાર્યરત છે, જેમાં ત્રણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ મારફતે ગેસનો પુરવઠો આપવામાં આવે છે. આ કંપનીઓ દ્વારા ગેસ સીલીન્ડરની સપ્લાય નિયમિત રીતે કરવામાં આવી રહી છે અને જિલ્લામાં ગેસનો પુરવઠો સુનિશ્ચિત રહે તે માટે યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ હાલમાં બનાસકાંઠા જિલ્લામાં ગેસ સપ્લાય સંપૂર્ણપણે નિયમિત છે અને પુરવઠામાં કોઈપણ પ્રકારની અછત કે વિક્ષેપ સર્જાયો નથી. પરિણામે જિલ્લાની તમામ ગેસ એજન્સીઓને ગ્રાહકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં ગેસ સીલીન્ડર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે.

જિલ્લાના તમામ ગ્રાહકોને અપીલ કરવામાં આવે છે કે, તેઓ કોઈપણ પ્રકારની અફવાઓ પર વિશ્વાસ ન કરે અને પોતાની જરૂરિયાત મુજબ જ ગેસ સીલીન્ડર બુકિંગ કરાવે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે એક જ ગ્રાહક દ્વારા ગેસ સીલીન્ડર બુકિંગ વચ્ચે ઓછામાં ઓછો ૨૫ દિવસનો સમયગાળો રાખવો ફરજિયાત રહેશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ એ છે કે ગેસનો અનાવશ્યક સંગ્રહ ન થાય અને તમામ ગ્રાહકોને સમાન રીતે ગેસ સીલીન્ડર ઉપલબ્ધ રહે.આ ઉપરાંત કોઈપણ વ્યક્તિ દ્વારા એલ.પી.જી. ગેસ સીલીન્ડરનો અનધિકૃત સંગ્રહ, કાળાબજારી અથવા નિયત કરેલી કિંમત કરતાં વધુ ભાવ વસુલ કરવામાં આવે તો તેની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ - ૧૯૫૫ તથા એલ.પી.જી. કંટ્રોલ ઓર્ડર - ૨૦૦૦ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ ગેસનો અનાવશ્યક સંગ્રહ ન કરે અને નિયમોનું પાલન કરીને ગેસ સીલીન્ડરનો ઉપયોગ કરે. સરકાર તથા સંબંધિત વિભાગો દ્વારા ગેસ પુરવઠાની વ્યવસ્થા પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી દરેક ગ્રાહક સુધી ગેસ સીલીન્ડર સમયસર પહોંચે.

**જળ- સંકટનો આવશે કાયમી ઉકેલ**

## વડગામ- પાલનપુરના ૧૨૬ તળાવોમાં હવે આવશે નર્મદાના નીર

પાલનપુર : વડગામ અને પાલનપુર તાલુકા માટે વર્ષોથી પાણીની અછત અને ભૂગર્ભજળના ઊંડા ગયેલા તળ એક ગંભીર ચિંતાનો વિષય હતા. ખેડૂતોની રજૂઆતના પગલે પાણીના કાયમી ઉકેલની માંગને ધ્યાને લઈ, ગુજરાત સરકારશ્રી દ્વારા નર્મદા ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત રૂ. ૮૫૪ કરોડના ખર્ચે ચાર મહત્વકાંક્ષી પાઈપલાઈન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં મોટી દાઉ-કરમાવત, ડિંડરોલ- મુક્તેશ્વર, કસરા- દાંતીવાડા અને બાલારામ-મલાણા પાઈપલાઈનનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ હવે પૂર્ણતાના આરે છે, જે આ વિસ્તારના ૧૨૬ તળાવોને નર્મદાના નીરથી ભરીને જળસ્તર ઊંચા લાવવાની દિશામાં એક ઐતિહાસિક પગલું સાબિત થશે.આ પ્રોજેક્ટના અમલીકરણમાં મુખ્ય અવરોધ એ હતો કે, માત્ર મહેસુલી રેકર્ડમાં ‘કુદરતી તળાવ’ તરીકે નોંધાયેલા જળાશયોમાં જ પાણી ભરી શકાય તેમ હતું. આ સમસ્યાના નિવારણ માટે પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, કામરાજભાઈ ચૌધરી (વડગામ તાલુકા સરપંચ મંડળ) અને બનાસકાંઠા કલેક્ટર શ્રી મિહિર પટેલની સક્રિય રજૂઆતો રંગ લાવી અને રાજ્ય સરકારે ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ એક ઐતિહાસિક પરિપત્ર બહાર પાડી પ્રાંત અધિકારીઓને તળાવોને ‘કુદરતી તળાવ’ તરીકે નોંધવાની સત્તા સોંપી છે. પાલનપુર પ્રાંત અધિકારીશ્રી કે.પી.ચૌધરીએ જણાવ્યું કે, ભૂગર્ભજળ ઊંડા ઉતરવાને કારણે જે સ્થિતિ સર્જાઈ હતી.

**બહેનોનું સન્માન**

## મહિલા દિવસ નિમિત્તે આમારા ગામે 350 દૂધ ઉત્પાદક બહેનોનું સન્માન, અદાણી ફાઉન્ડેશન અને સરહદ ડેરીની અનોખી પહેલ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના આમારા ગામે મહિલા દિવસના અવસરે અદાણી ફાઉન્ડેશન અને સરહદ ડેરી દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનાર આશરે 350 શ્રેષ્ઠ મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન લાભાર્થી બહેનોને ઉપયોગી ભેટરૂપે 10 લીટર ક્ષમતા ધરાવતી ઉચ્ચ ગુણવત્તાવાળી મિલ્ક કેન (બરણી), દૂધ ગાળવાની ગરની (સ્ટ્રેનર) તથા વધુ અને સારી ગુણવત્તાવાળા દૂધ ઉત્પાદન માટે 1 કિલો મિનરલ મિક્ચર પાવડર આપવામાં આવ્યા હતા.આ પહેલ દ્વારા અદાણી ફાઉન્ડેશન ગ્રામિણ વિસ્તારોની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા, દૂધ ઉત્પાદનમાં વધારો કરવા તેમજ તેમની આર્થિક સ્થિરતા મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. મહિલા દિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના યોગદાનને માન આપી તેમને વધુ સગવડો સાથે આગળ વધારવાનો હતો.

કાર્યક્રમમાં અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) તરફથી અશોકભાઈ હડિયા અને સહદેવભાઈ ચાવડા, અદાણી ફાઉન્ડેશનના પ્રોજેક્ટ ઓફિસર યુવરાજસિંહ જાડેજા તથા કિશન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સરહદ ડેરીના ડાયરેક્ટર દયારામભાઈ પટેલ, આમારા ગામના સરપંચ વિમળાબેન પટેલ, સરહદ ડેરી નખત્રાણા સેન્ટરના ઈન્ચાર્જ રાજેન્દ્રસિંહ પરમાર, અમૂલ ફેડરેશનની રૂકસાનાબેન શેખ અને CD-ICDની સ્નેહા ડાંગર પણ હાજર રહ્યા હતા.

આ ઉપરાંત મંડળીના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ ઉગેડી, વિગોડી, મુરુ, નવાવાસ, રવાપર અને નાગવિરી ગામોના મોટી સંખ્યામાં પશુપાલક બહેનો અને ભાઈઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



**બુકીંગ વચ્ચે 25 દિવસનો સમયગાળો રાખવા નિર્ણય**

## મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ

(એજન્સી) થરાદ | તા.13



મધ્ય પૂર્વ ક્ષેત્રમાં બદલાતી પરિસ્થિતિને કારણે ઉદભવતા વર્તમાન સંજોગોમાં સમગ્ર રાજ્યમાં LPG સિલિન્ડરોના અવિરત વિતરણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયત્નો તથા મોનિટરીંગ કરવામાં આવી રહેલ છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઉપલબ્ધ LPG સ્ટોકનું પરિવહન અને કાર્યક્ષમ રીતે વિતરણ માટે રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેનો પૂરતો એલ.પી.જી નો જથ્થો ઉપલબ્ધ છે. એમ રાજ્યના અન્ન નાગરિક પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયુ છે.ગુજરાત રાજ્યમાં 30% ઘરેલુ ગેસ PNG GAS PIPELINE મારફત પૂરો પાડવામાં આવે છે. PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ગુજરાત રાજ્યની પરિસ્થિત વધારે સારી છે.રાજ્યમાં ઘરેલું જરૂરીયાત માટેના એલ.પી.જી નો પુરતો પુરવઠો દરેક સ્થળે મળી રહે તે માટે તકેદારીના ભાગરૂપે કેન્દ્ર સરકારના સૂચન હેઠળ જાહેરક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી સિલિન્ડરના બુકીંગ વચ્ચે 25 દિવસનો સમયગાળો રાખવા નિર્ણય લેવામાં આવેલ છે. આ નિર્ણયના લીધે લોકોમાં અનાવશ્યક તણાવ તેમજ એલ.પી.જી સંગ્રહ ન કરવામાં આવે તેવો મુખ્ય ઉદ્દેશ છે.કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ હાલ કોર્મશિયલ સિલિન્ડરનું વેચાણ નિયંત્રિત કરવામાં આવેલ છે. પરંતુ હોસ્પિટલ તેમજ શૈક્ષણિક સસ્થાઓ તેમની જરૂરીયાત મુજબ એલ.પી.જી ફાળવણી ચાલુ રાખવામાં આવેલ છે. પરંતુ, એલ.પી.જીનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ તથા નિયત કરેલ કીંમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-1955 તથા એલ.પી.જી કંટ્રોલ ઓડર-2000 મુજબ કાયદાકીય રીતે ગુનો બને છે. તથા આવી પ્રવૃતિ કરનાર સામે રાજ્ય સરકારના સક્ષમ અધિકારી દ્વારા ફોજદારી પગલા પણ લેવાની જોગવાઈ છે તેમ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી વાવ - થરાદ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## દાંતીવાડાના લાખણાસણ ગામે પશુપાલકો માટે વૈજ્ઞાનિક પશુપાલન અને એન્ટીબાયોટિક જાગૃતિ પરિસંવાદ યોજાયો

(એજન્સી) પાલનપુર | તા.13

સરદારકૃષિનગર સ્થિત પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી દ્વારા પશુપાલકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના ઉમદા હેતુથી દાંતીવાડા તાલુકાના લાખણાસણ ગામે એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાવિદ્યાલયના ફાર્માકોલોજી અને ટોક્સિકોલોજી વિભાગ તથા વેટરનરી માઈક્રોબાયોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૦થી વધુ પશુપાલકોએ ઉત્સાહભેર ભાગ લઈ પશુપાલન ક્ષેત્રે નવીનતમ માહિતી મેળવી હતી.આ પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ્ય પશુઓમાં એન્ટીબાયોટિક દવાઓના વધુ પડતા અને અનિયંત્રિત ઉપયોગથી ઉદ્ભવતી ‘એન્ટીબાયોટિક રેઝિસ્ટન્સ’ જેવી ગંભીર સમસ્યાઓ અને તેની આડઅસરો વિશે જાગૃતિ લાવવાનો હતો. વિષય નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દવાઓનો બિનજરૂરી ઉપયોગ પશુઓના સ્વાસ્થ્યની સાથે માનવ આરોગ્ય માટે પણ ખતરારૂપ છે. રોગોની સારવાર કરવા કરતાં પશુઓની યોગ્ય માવજત, સ્વચ્છતા અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા રોગોને અટકાવવા તે વધુ હિતાવહ અને આર્થિક રીતે ફાયદાકારક છે.



પરિસંવાદ દરમિયાન આયોજિત ગોષ્ઠીમાં પશુપાલકોએ પોતાની મૂંઝવણો રજૂ કરી હતી, જેનું નિષ્ણાતોએ સરળ શૈલીમાં સમાધાન કર્યું હતું. ખાસ કરીને પશુઓમાં આર્થિક નુકસાન કરતા ‘ગળિયા’ (માસ્ટાઈટિસ) રોગ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નિષ્ણાતો દ્વારા આ રોગના લક્ષણો, સમયસર નિદાન અને સારવાર અંગે પાયાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, દૂધ દોહન સમયે રાખવાની સ્વચ્છતા અને દોહન બાદ બાવલાની સફાઈનું પ્રાયોગિક નિદર્શન આપી ‘ડોરસ્ટેપ માસ્ટાઈટિસ પ્રિવેન્શન’ની પદ્ધતિ સમજાવવામાં આવી હતી.

આ પ્રસંગે વિષય નિષ્ણાત તરીકે ડો. જે. એચ. પટેલ, ડો. સી. એમ. મોદી અને ડો. એચ. એ. પટેલે ઉપસ્થિત રહી પશુપાલકોને પશુ આહાર, દૈનિક સંભાળ અને જવાબદારીપૂર્ણ દવાઓના ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## માધ્યમિક શિક્ષક સંઘના મહીસાગર જિલ્લાના વિવિધ તાલુકાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે

| જગદીશ ત્રિવેદી | મહીસાગર

લુણાવાડા તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ તરીકે નઈમભાઈ આઈ. શેખ (ખારોલવાલા) સેક્રેટરી તરીકે પ્રતિકભાઈ આર. પટેલ. કોઠંબા તાલુકામાં પ્રમુખ તરીકે રમેશભાઈ બી.પટેલ અને સેક્રેટરી તરીકે એન.પી. પટેલ, ખાનપુર તાલુકામાં પ્રમુખ તરીકે પ્રવીણભાઈ પી. પટેલ અને સેક્રેટરી તરીકે સંજયભાઈ એમ. પટેલ, કડાણા તાલુકામાં પ્રમુખ તરીકે પી.બી.પુવાર અને સેક્રેટરી તરીકે વિજયભાઈ પટેલ, બાલાસિનોર તાલુકામાં પ્રમુખ તરીકે દિલીપભાઈ બી.પરમાર સેક્રેટરી મુકેશભાઈ વસુનીયા, વીરપુર તાલુકામાં પ્રમુખ સુનિલભાઈ એમ. મછાર અને સેક્રેટરી તરીકે હરીશભાઈ કે. પટેલ અને સંતરામપુર તાલુકામાં પ્રમુખ તરીકે જી.એસ .ભાટીયા અને સેક્રેટરી તરીકે પ્રજાપતિ એમ.વી. તેમજ ગોધર તાલુકામાં પ્રમુખ તરીકે સવાણી ચિરાગભાઈ જે. અને સેક્રેટરી તરીકે પટેલ પ્રિયંક ભાઈની બહુમતીથી વરણી કરવામાં આવી છે.

**“વિશ્વાસ આપનો મળ્યો છે, સેવા એજ મારું ધ્યેય,**

## ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે મુકેશભાઈ રાણવાની બીજી ટર્મે વરણી: મળી રહ્યો છે મીઠો આવકાર

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે મુકેશભાઈ લાલજીભાઈ રાણવાની સતત બીજી ટર્મ માટે વરણી થતાં તેમને વિવિધ ક્ષેત્રના આગેવાનો અને કાર્યકરો તરફથી અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.મૂળ નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના રહેવાસી અને હાલ નખત્રાણા નગરમાં વર્ષોથી વસવાટ કરતા મુકેશભાઈ રાણવા મહેનત, ધીરજ અને સેવાભાવી સ્વભાવ માટે જાણીતા છે. ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમોમાં તેઓ હંમેશા આગેવાની સાથે આર્થિક સહયોગ આપતા રહ્યા છે. સાથે સાથે સરકારની યોજનાઓનો લાભ કોઈપણ વ્યક્તિથી વંચિત ન રહે તે માટે પણ તેઓ સતત પ્રયત્નશીલ રહે છે.વાંળદ સમાજ સહિત તમામ સમાજો સાથે તેમનો સારો સંપર્ક અને સહકાર રહ્યો છે, જેના કારણે તેઓ સામાજિક ક્ષેત્રમાં પણ પ્રેરણારૂપ બની રહ્યા છે.મુકેશભાઈ રાણવાના પરિવારનો પણ સામાજિક અને રાજકીય ક્ષેત્રે લાંબો ઈતિહાસ રહ્યો છે. તેવોની માતાશ્રી અગાઉ તાલુકા પંચાયતની મથલ સીટ (હાલ દેશલપર-ગુંતલી સીટ) પરથી વિજય મેળવી નોંધપાત્ર સેવા આપી હતી. જ્યારે તેમના પિતા વડીલ લાલજીભાઈ રાણવા વર્ષોથી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઈ પક્ષ પ્રત્યે વફાદારી અને સંઘર્ષ સાથે કાર્ય કરતા રહ્યા છે, જે આજે પણ પક્ષના આગેવાનો અને સામાજિક કાર્યકરો યાદ કરે છે.

**બગસરા માનસ મેઘાણી રામકથામાં છઠ્ઠો દિવસ**

## સત્યવાદી ન થવાય તો સત્યવાદીના થઈએ: મોરારિબાપુ



વેળાવદર : અમરેલી જિલ્લાના બગસરા ખાતે મેઘાણીની કર્મભૂમિના આંગણમાં માનસ મેઘાણી રામકથા પૂ મોરારીબાપુના શ્રી મુખેથી ગાન થઈ રહ્યું છે તેનો આજે છઠ્ઠો દિવસ વિરામ પામ્યો અને આજે રામકથા દરમિયાન અનેક ભક્તો સંતો વગેરેની પણ ઉપસ્થિત રહી. પુ મોરારિબાપુએ કથા સંવાદ કરતાં કહ્યું કે સર્જકની કોઈપણ વાર્તા, નવલકથા કે ઘટના જે દુનિયાનું શોષણ કરતી નથી પણ તેને પોષણ આપે છે તે હરિ કથા છે. હરિનો અર્થ ખૂબ વ્યાપક છે. સમાજ એવા લોકોને યાદ રાખે છે જેઓ જ્ઞાની હોય છે, ભલે તેઓ કુદરતી હોય. તુલસીદાસે કહ્યું હતું કે તેઓ ફક્ત જ્ઞાની જ નહીં હોય, પણ સૌથી જ્ઞાની કવિઓ પણ હોય છે.આજે, લોકસાહિત્યના કાર્યક્રમોની એક પણ રાત એવી નહીં હોય જ્યાં ગુજરાતના કવિઓ ‘પિતા’, મેઘાણી અને કવિ ‘કાગ’ બાપુને યાદ ન કરવામાં આવે. જ્ઞાનીનો અર્થ હોશિયાર નથી, પરંતુ જે સાવધ રહે છે અને દુનિયાને સાવધાન કરે છે તે જ્ઞાની છે. કથાના ક્રમમાં આજે શિવ વિવાહ સુધી પહોંચવાનો મનોરથ બાપુએ વ્યક્ત કર્યો હતો પરંતુ ન પહોચાયુ.શિવનો 37,000 વર્ષનું તપ અને પછી સતીનું આગમન,શિવ અપમાન સતીનું અગ્નિમાં હોમાઈ જવું અને પછી હિમાલયને ત્યાં તેનો પુનર્જન્મ વગેરે કથાઓનો લેવાઈ હતી. કથા દરમિયાન એક ખૂબ મનોરમ્ય પ્રસંગ ઉપસ્થિત થયો.



**આગામી ૧૫ માર્ચના રોજ દાંતા તાલુકાના દાંતા-અંબાજી રોડ પર આવેલ પીપળાવાળી વાવ ખાતે યોજાશે**

# બનાસકાંઠામાં પ્રથમ વખત “કેસુડા મહોત્સવ - ૨૦૨૬”નું આયોજન કરાશે

(એજન્સી)પાલનપુર | તા.03

બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા વસંત ઋતુના આગમન સાથે પ્રકૃતિના અગ્નિરંગી ફૂલ તરીકે ઓળખાતા કેસુડા (પલાશ) વૃક્ષના સૌંદર્ય અને પર્યાવરણમાં તેના મહત્વને ઉજાગર કરવા માટે ગુજરાતમાં પ્રથમ વખત “કેસુડા મહોત્સવ-૨૦૨૬”નું આયોજન કરાશે. આ અનોખો મહોત્સવ તા.૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૦૪.૦૦ કલાકે દાંતા તાલુકાના દાંતા-અંબાજી રોડ પર આવેલ પીપળાવાળી વાવ ખાતે યોજાશે. વસંત ઋતુ દરમિયાન ખીલી ઉઠતા કેસુડાના અગ્નિરંગી ફૂલોથી સજ્જ થતી પ્રકૃતિના આ અનોખા સૌંદર્યને નિહાળવા અને તેના પર્યાવરણીય મહત્વ અંગે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી આ મહોત્સવનું આયોજન કરવામાં આવશે.



આ પ્રસંગે વિવિધ આકર્ષક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પલાશ ફોટો પ્રદર્શન દ્વારા કેસુડા વૃક્ષ અને તેની આસપાસના કુદરતી દૃશ્યોના અનોખા ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવામાં આવશે. સાથે સાથે લોક સંસ્કૃતિ અને વસંત ઋતુની ઉજવણી દર્શાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ઉપરાંત કેસુડાના ફૂલમાંથી બનતા કુદરતી રંગો, ઔષધીય ઉપયોગી વસ્તુઓ તેમજ પરંપરાગત ઉત્પાદનોના સ્ટોલ પણ મુકવામાં આવશે, જેથી લોકોને કેસુડાના વિવિધ ઉપયોગો અંગે માહિતી મળી શકે. આ સાથે પ્રકૃતિ અને વન્યજીવન સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે પણ વિવિધ માહિતીપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં કેસુડા (પલાશ) વૃક્ષનું પર્યાવરણમાં મહત્વ, તેના પરંપરાગત ઉપયોગો તથા વન્યજીવન સાથેના સંબંધ અંગે જાગૃતિ લાવવાનો છે. પ્રકૃતિ પ્રેમી નાગરિકો, ફોટોગ્રાફર્સ, વિદ્યાર્થીઓ તેમજ સર્વ સામાન્ય જનતાને આ અનોખા મહોત્સવમાં ઉપસ્થિત રહી પ્રકૃતિના અગ્નિરંગી સૌંદર્યનો આનંદ માણવા માટે બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**ગિરની દીકરી હવે લે છે જંગલની સંભાળ**

## સાસણ ગિરના જંગલમાં જન્મેલાને ઉછરેલા સુશ્રી તૃપ્તિ જોષી વન વિભાગના અધિકારી તરીકે બજાવે છે પડકારજનક ફરજ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.13.

ગુજરાતનાં સાસણ ગિર નજીકના આંબલગઢ નામના નાનકડા એવા ગામડામાં ખેડૂત પરિવારમાં જન્મેલા અને ઉછરેલા વન વિભાગનાં મહિલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર સુશ્રી તૃપ્તિ જોષી જે હાલ મોરબી વન વિભાગ હેઠળ ચેર રેન્જનાં નવલખી દરિયાઇ વિસ્તારમાં મેન્ગ્રુવ સંરક્ષણની જવાબદારી નિભાવી રહ્યા છે. તેઓ ગિરમાં પ્રકૃત્તિ વચ્ચે જ ઉછરેલા હોવાથી વન સંપદાનાં સંવર્ધન - જાળવણીની પડકારજનક સેવા માટે “ગૌરવ” અનુભવી રહ્યા છે. ગુજરાત સરકારનાં વન વિભાગમાં મહિલા સ્ટાફની બિટ ગાર્ડ તરીકે ભરતી કરવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં કરી હતી. જેમાં સુશ્રી તૃપ્તિ જોષી પણ સામેલ હતા. ત્યારબાદ ૨૦૦૮માં પ્રથમ મહિલા ફોરેસ્ટરની ભરતી થઇ, તે બેચમાં પણ તેઓ પસંદગી પામ્યા હતા. ત્યારબાદ ખાતાકીય પરીક્ષા પાસ કરી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર બન્યા. વન વિભાગની તેઓની ૧૯ વર્ષની સેવા દરમિયાન તેમની અલગ અલગ જિલ્લાઓમાં વન સંપદાની જમીન ઉપર તેમજ દરિયાઈ વિસ્તારમાં જાળવણીની કામગીરી કરી છે. વધુમાં સુશ્રી તૃપ્તિ જોષી જણાવે છે કે, મારા ખેડૂત પિતાએ દીકરી હોવા છતાં વન વિભાગ જેવી પડકારજનક સેવામાં જવાની હિંમત આપી હતી.કોઈપણ ક્ષેત્રમાં આગળ આવવા મહેનત અને નિષ્ઠા જરૂરી છે.



## ઈંધણ નિકાસ પર ચીનનો મોટો પ્રતિબંધ લદાયો

# વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલના ભાવ સો ડોલરને પાર પહોંચ્યા

# વૈશ્વિક બજારમાં સોના ચાંદીના ભાવમાં ભારે ઉથલપાથલ




(એજન્સી) મુંબઈ | તા 13

વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને યુદ્ધની સ્થિતિ વચ્ચે આજે મુંબઈ સહિત દેશભરના બજારોમાં મોટી હલચલ જોવા મળી છે. વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં થયેલા તોતિંગ વધારાને કારણે તે સપાટાબંધ 100 ડોલરની સપાટી વટાવી ગયા છે, જેની સીધી અસર કિંમતી ધાતુઓના ભાવ પર પણ પડી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈનમાં અવરોધો ઊભા થતા અને ચીન દ્વારા નિકાસ પર મુકાયેલા પ્રતિબંધોને કારણે બજારમાં અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો છે.

વૈશ્વિક બજારમાં તેલના ભંડારોમાં ઘટાડો અને વધતા તણાવને પગલે ક્રૂડ તેલની કિંમતોમાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલ દીઠ 91.22 ડોલરથી વધીને સીધા 101.59 ડોલર સુધી પહોંચી ગયા હતા, જોકે બાદમાં તે 98.24 ડોલરની આસપાસ સ્થિર થયા હતા. તેવી જ રીતે યુએસ ક્રૂડના ભાવ પણ 95.97 ડોલર સુધી નોંધાયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વિવિધ દેશોમાં ક્રૂડ તેલના ઉત્પાદનમાં થયેલો ઘટાડો અને મુંબઈ બંદરે તેલનું જહાજ આવવાના સમાચાર વચ્ચે બજારમાં ગભરાટ ફેલાયો છે.ઝવેરી બજારમાં આજે સોના અને ચાંદીના ભાવમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. શરૂઆતમાં ભાવ ઊંચા ખુલ્યા બાદ ધીમે ધીમે નીચે આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું પ્રતિ ઔંસ 5179 ડોલરથી વધીને 5191 ડોલર સુધી પહોંચ્યું હતું, પરંતુ દિવસના અંતે 5170 ડોલરની આસપાસ રહ્યું હતું. મુંબઈ બુલીયન બજારમાં 10 ગ્રામ સોનાના ભાવ 1.60 લાખની સપાટી વટાવી ગયા છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ મોટો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો, જેમાં મુંબઈ અને અમદાવાદમાં ભાવ પ્રતિ કિલો 2.65 લાખની આસપાસ અથડાતા રહ્યા હતા.

જ્યારે કિંમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ઉછાળો હતો, ત્યારે પ્લેટિનમ અને કોપરના ભાવમાં ઘટાડો નોંધાયો છે. પ્લેટિનમના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 1500 રૂપિયાનો મોટો કડાકો જોવા મળ્યો હતો. મુંબઈ બજારમાં પ્લેટિનમ 68,154 રૂપિયાના સ્તરે બંધ રહ્યું હતું. તેવી જ રીતે, આંતરરાષ્ટ્રીય સ્તરે કોપરના ભાવમાં પણ 0.37 ટકાનો સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો, જે ઔદ્યોગિક માંગમાં નરમાઈના સંકેતો આપે છે. વિશ્વના સૌથી મોટા ઉર્જા વપરાશકર્તા દેશ ચીને પોતાની ઘરેલુ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગેસોલિન, ડીઝલ અને એવિએશન ફ્યુઅલની નિકાસ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લાદી દીધો છે. મીડિયા અહેવાલ મુજબ, ચીનના નેશનલ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મ કમિશને આ નિર્ણય લોજિસ્ટિક સમસ્યાઓને ધ્યાનમાં રાખીને લીધો છે. ચીને તેના રિફાઈનરોને નવા ઓર્ડર ન લેવા અને જૂના ઓર્ડર રદ કરવા પણ સૂચના આપી છે.ભારતની વાત કરીએ તો, લોજિસ્ટિક સમસ્યાઓ અને નિકાસકારો દ્વારા અગાઉ કરવામાં આવેલા કરારોને કારણે ઈંધણની નિકાસ પર તત્કાલ પ્રતિબંધ મૂકવો શક્ય જણાતો નથી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, પેટ્રોલિયમ ઉત્પાદનોની હેરફેર અને સંગ્રહના પડકારોને લીધે ભારત માટે આ પ્રકારનો આકરો નિર્ણય લેવો આસાન નથી. જોકે, વૈશ્વિક સ્તરે ક્રૂડના વધતા ભાવ ભારતની આયાત બિલ પર ભારે દબાણ લાવી શકે છે.

### રૂપિયો ગબડી 92.37ના નવા તળીયે ઉતર્યો : વૈશ્વિક ડોલર વર્ષની નવી ટોચે

મુંબઇ : મુંબઇ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધી ઉંચામાં રૂા. ૯૨.૩૭ સુધી ઉછળતાં રૂપિયો નવા નીચા તળીયે ઉતરી ગયો હતો. જો કે ત્યાર બાદ ડોલરના ભાવ ટોચ પરથી ઘટાડા પર રહ્યા હતા. શેરબજાર ઘટતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ ફરી વધી જતાં મુંબઇ કરન્સી બજારમાં રૂપિયો દબાણ હેઠળ જોવા મળ્યો હતો. ડોલરના ભાવ રૂા. ૯૨.૦૪ વાળા` આજે સવારે રૂા. ૯૨.૨૮ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂા. ૯૨.૩૭ થઇ રૂા. ૯૨.૧૬ રહ્યા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ આજે એકંદરે ૧૨ પૈસા વધતાં ડોલર સામે રૂપિયો ૦.૧૩ ટકા ઘટયો હતો. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૧૬ ટકા વધ્યો હતો. ડોલરનો ગ્લોબર ઈન્ડેક્સ ઉંચામાં ૯૯.૫૩ થઇ ૯૯.૩૯ રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક ડોલરના ભાવ વધી ૨૦૨૬ના વર્તમાન વર્ષની નવી ઉંચી સપાટીએ` પહોંચ્યા હતા. ક્રૂડ વધતાં તથા તેના પગલે ફુગાવો વધતાં હવે વ્યાજના દરમાં ઘટાડાની શક્યતા ઓછી તથા વધારાની શક્યતા વધુ સર્જાતાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચકાતો જોવા મળ્યો હતો. ડોલર સામે યુરોના ભાવ ઘટી નવેમ્બર ૨૦૨૫ પછીના નવા તળીયે ઉતર્યા હતા. જાપાનની કરન્સી ઘટી જુલાઇ ૨૦૨૪ પછીના તળીયે ઉતરી હતી. બ્રિટીશ પાઉન્ડના ભાવ ૮૦ પૈસા ઘટી ૧૨૩.૨૮ રહ્યા હતા. જ્યારે યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૩૨ પૈસા ઘટી નીચામાં ભાવ રૂા. ૧૦૬.૩૫ થઇ રૂા. ૧૦૬.૩૮ રહ્યા હતા.

## News Brief

### ક્રૂડ તેલમાં ઉછાળો હોવા છતાં RBI વ્યાજ દર નહીં વધારે

નવી દિલ્હી:વૈશ્વિક બજારમાં ક્રૂડ તેલના ભડકે બળતા ભાવ અને પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે સર્જાયેલી આર્થિક અસ્થિરતા વચ્ચે સામાન્ય જનતા અને ઉદ્યોગ જગત માટે રાહતના સમાચાર આવ્યા છે. નિષ્ણાતોના મતે, ભારતીય રિઝર્વ બેંક (RBI) અત્યારે વ્યાજ દરોમાં કોઈ વધારો કરે તેવી શક્યતા નથી. આર્થિક સંસ્થા નાટિક્સિસના વરિષ્ઠ અર્થશાસ્ત્રીના જણાવ્યા મુજબ, વર્તમાન મોંઘવારી એ માંગને કારણે નહીં પરંતુ પૂરવઠામાં આવેલા વિક્ષેપને કારણે છે, તેથી વ્યાજ દરો વધારવા એ આ સમસ્યાનો ઉકેલ નથી.નાટિક્સિસના સિનિયર ઈકોનોમિસ્ટ ત્રિન્હ ન્ગુએને એક વિશેષ મુલાકાતમાં જણાવ્યું હતું કે, કોઈપણ કેન્દ્રીય બેંક અત્યારે વ્યાજ દરો વધારવાની ઉતાવળ નહીં કરે. પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઊર્જા સંકટ ઊભું થયું છે જે પૂરવઠા બાજુનો આંચકો છે. વ્યાજ દરોમાં વધારો સમગ્ર અર્થતંત્રને અસર કરે છે, ખાસ કરીને રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રો વ્યાજ દરો પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે. વ્યાજ દરો વધારવાથી ઉર્જા પૂરવઠાની સમસ્યા હલ થવાની નથી, તેથી આરબીઆઈ અત્યારે 'રાહ જુઓ અને જુઓ'ની નીતિ અપનાવી શકે છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો આ સંઘર્ષ લાંબો સમય ચાલશે, તો તેની અસર પરિવહન ખર્ચ, વિમાન ભાડા અને અંતે ખાદ્ય ચીજોના ભાવ પર પડશે. મીડિયા અહેવાલ મુજબ, તેલના વધતા ભાવ ધીમે ધીમે સમગ્ર અર્થતંત્રમાં પ્રસરી શકે છે જેનાથી ફુગાવાનું દબાણ વધશે. જોકે, ભારતમાં અત્યારે સારી ચોમાસાની સિઝન અને મોંઘવારી માપવાના નવા આધાર વર્ષને કારણે ફુગાવાનું પ્રારંભિક સ્તર પ્રમાણમાં નીચું છે, જે આરબીઆઈને અત્યારે કડક પગલાં લેવામાંથી બચાવે છે.

### વૈશ્વિક વેપાર સંબંધો મજબૂત કરવા પીયૂષ ગોયલની હાઈલેવલ બેઠક

નવી દિલ્હી : ભારતની ઉત્પાદન ક્ષમતા વધારવા અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં દેશનું સ્થાન મજબૂત કરવાના હેતુથી કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે વૈશ્વિક ઉદ્યોગ જગતના દિગ્ગજો અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી. આ મંત્રણાઓનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ હબ તરીકે સ્થાપિત કરવાનો અને રોકાણની ભાગીદારીને વિસ્તૃત કરવાનો છે.પીયૂષ ગોયલે એરોસ્પેસ ક્ષેત્રની દિગ્ગજ કંપની લોકહીડ માર્ટિન એરોનોટિક્સના પ્રેસિડેન્ટ ગ્રેગ ઉલ્મર સાથે મહત્વની બેઠક કરી હતી. ગોયલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું હતું કે, આ રચનાત્મક બેઠકમાં મેન્યુફેક્ચરિંગ ભાગીદારીને ગાઢ બનાવવા અને ઔદ્યોગિક સહયોગ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ મંત્રણાથી ભારતના ઝડપથી વિકસતા ઉડ્ડયન અને સંરક્ષણ પરિતંત્રને મોટું સમર્થન મળશે તેવી અપેક્ષા છે.ઉદ્યોગ મંત્રીએ બાવરગ્રુપએશિયા (BowerGroupAsia) ના સીઈઓ અર્ની બાવર સાથે પણ બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન ભારત ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ભજવી રહેલી ભૂમિકા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વ્યાપારિક ભાગીદારી વધારવાની તકો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, એચએસબીસી (HSBC) ના પબ્લિક અફેર્સ હેડ ડેવિડ ક્વોરી સાથેની મુલાકાતમાં રોકાણના સંબંધો અને નવીનતાના ક્ષેત્રે સહયોગ વધારવા પર પણ ફળદાયી ચર્ચા થઈ હતી. મોદી સરકારના કૃષિ નિકાસ વધારવાના પ્રયાસોના ભાગરૂપે આસામના જીઆઈ-ટેગ ધરાવતા 'જોહા રાઈસ'નો ૨૫ મેટ્રિક ટનનો જથ્થો યુકે અને ઈટાલીમાં નિકાસ કરવામાં આવ્યો છે. ૨૦૧૭માં જીઆઈ ટેગ મેળવનાર આ ચોખા તેની ખાસ સુગંધ અને પોષક મૂલ્યો માટે જાણીતા છે.

### પંજાબમાં મનોરંજન ક્રાંતિ લાવવા માટે ગ્રાન્ડ સિનેમાઝ સજ્જ

મોગા: ભારતની સૌથી ઝડપથી વિકસતી સિનેમા ચેઈન પૈકીની એક, 'ગ્રાન્ડ સિનેમાઝ' હવે પંજાબના હૃદય સમાન મોગા શહેરમાં પોતાનું નવું મલ્ટિપ્લેક્સ લોન્ચ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ઓર્બિટ મોલ ખાતે શરૂ થનારા આ આધુનિક સિનેમા ઘર દ્વારા પંજાબમાં મનોરંજનના ધોરણોને નવી વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરવામાં આવશે. દેવભૂમિ ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન રાજેન્દ્ર વશિષ્ઠના વિઝન હેઠળ, આ બ્રાન્ડ ઉભરતા બજારોમાં વિશ્વસ્તરીય સિનેમા અનુભવ પહોંચાડવાનું પોતાનું મિશન આગળ ધપાવી રહી છે. મોગાના આ નવા મલ્ટિપ્લેક્સમાં પ્રેક્ષકોને આરામદાયક અને લક્ઝુરિયસ અનુભવ મળે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં વિશાળ ઓડિટોરિયમમાં પ્રીમિયમ રિક્લાઈનર અને પુશ-બેક સીટિંગની સુવિધા આપવામાં આવશે. હાઈ-ડેફિનેશન પ્રોજેક્શન સિસ્ટમ અને અત્યાધુનિક સરાઉન્ડ સાઉન્ડ ટેકનોલોજી દ્વારા દર્શકો ફિલ્મોની અદભૂત સ્પષ્ટતા અને રોમાંચક અવાજ સાથે માણી શકશે. આ મલ્ટિપ્લેક્સની ડિઝાઈન ખાસ કરીને આરામ અને અભિજાત્યપણાના મિશ્રણ પર ધ્યાન કેન્દ્રિત કરીને તૈયાર કરવામાં આવી છે. સિનેમાનો અનુભવ માત્ર ફિલ્મ જોવા પૂરતો મર્યાદિત ન રહે તે માટે ગ્રાન્ડ સિનેમાઝ દ્વારા અહીં ખાણી-પીણીની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મુલાકાતીઓ માટે વિવિધ પ્રકારના સ્નેક્સ, ગોર્મેટ ટ્રીટ્સ અને તાજગી આપનારા પીણાંની શ્રેણી ઉપલબ્ધ હશે. આ નવીન પ્રયોગ દ્વારા પરંપરાગત મૂવી આઉટિંગને સંપૂર્ણ જીવનશૈલી અનુભવમાં ફેરવવાનો બ્રાન્ડનો ઉદ્દેશ્ય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અહીં હોસ્પિટાલિટી અને સુવિધાનું સીમલેસ મિશ્રણ જોવા મળશે.

## અમેરિકાએ રશિયન તેલની ખરીદી માટે મંજૂરી આપી મોટી રાહત

વોશિંગ્ટન ડીસી:પશ્ચિમ એશિયામાં વધી રહેલા ગંભીર યુદ્ધ સંકટ અને ઉર્જા બજારમાં સર્જાયેલી અફરાતફરી વચ્ચે અમેરિકાએ એક અત્યંત ચોંકાવનારો અને વ્યુહાત્મક નિર્ણય લીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને સમુદ્રમાં અટવાયેલા રશિયન તેલના જથ્થાને ખરીદવા માટે અન્ય દેશોને કામચલાઉ મંજૂરી આપી દીધી છે. આ પગલાનો મુખ્ય હેતુ વૈશ્વિક સ્તરે તેલના વધતા ભાવોને અંકુશમાં લેવાનો અને સપ્લાય ચેઈનમાં આવેલી અડચણોને દૂર કરવાનો છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટના જણાવ્યા મુજબ, ઈરાન અને પશ્ચિમ એશિયાના તણાવને કારણે તેલના ભાવમાં લાગેલી આગને શાંત કરવા આ નિર્ણય લેવાયો છે. સોશિયલ મીડિયા પર આ અંગેની માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ વૈશ્વિક ઉર્જા બજારમાં સ્થિરતા લાવવા અને સામાન્ય જનતા માટે ઈંધણના ભાવ નીચા રાખવા માટે મક્કમ છે. રશિયન તેલની ખરીદી માટે અપાયેલી આ છૂટ ટૂંકા ગાળા માટેની છે અને તે માત્ર એવા જથ્થાને લાગુ પડશે જે અત્યારે સમુદ્રમાં ટ્રાન્ઝિટમાં છે. અમેરિકાએ સ્પષ્ટતા કરી છે કે આ નિર્ણય ખૂબ જ સાવચેતીપૂર્વક લેવામાં આવ્યો છે જેથી રશિયન સરકારને કોઈ મોટો આર્થિક ફાયદો ન થાય. બેસેન્ટના મતે, રશિયા તેની મોટાભાગની ઉર્જા આવક તેલના ઉત્પાદન બિંદુ પર લાદવામાં આવેલા ટેક્સ દ્વારા મેળવે છે, જ્યારે આ મંજૂરી માત્ર અગાઉથી રવાના થયેલા જથ્થા માટે જ છે. મીડિયા અહેવાલ મુજબ, આ પગલું વિશ્વ બજારમાં તેલની ઉપલબ્ધતા વધારશે અને યુદ્ધના કારણે સર્જાયેલી અછતને અમુક અંશે ઓછી કરશે.

### નોમુરાએ જીડીપી અંદાજ ઘટાડયો ફુગાવો વધશે

## ભારતનો આર્થિક વિકાસ દર ઘટવાની નોમુરાએ આગાહી કરી છે

(એજન્સી) મુંબઈ | તા 13

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભીષણ યુદ્ધની નકારાત્મક અસરો હવે ભારતીય અર્થતંત્ર પર દેખાવાની શરૂ થઈ ગઈ છે. વૈશ્વિક નાણાકીય સંસ્થા નોમુરાએ આગામી નાણાકીય વર્ષ માટે ભારતના આર્થિક વિકાસ દર એટલે કે જીડીપીના અંદાજમાં કાપ મૂક્યો છે. અગાઉ જે વિકાસ દર 7.10 ટકા રહેવાની ધારણા હતી, તેને હવે ઘટાડીને 7 ટકા કરી દેવામાં આવી છે. આ સાથે જ ઊર્જાના વધતા ભાવોને કારણે દેશમાં મોંઘવારી વધવાની દહેશત પણ વ્યક્ત કરવામાં આવી છે. વૈશ્વિક સ્તરે વધી રહેલા તણાવને કારણે આર્થિક વિકાસની ગતિ ધીમી પડી રહી છે. નોમુરાના તાજેતરના અહેવાલ મુજબ, પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિને કારણે ભારતની ચાલુ ખાતાની ખાધ (CAD) વધવાની શક્યતા છે, જે જીડીપીના 1.60 ટકા સુધી પહોંચી શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, ઊર્જા ખર્ચમાં થઈ રહેલો વધારો સીધો કિંમતો પર દબાણ લાવી રહ્યો છે, જેના કારણે એશિયાના મોટાભાગના દેશોમાં ફુગાવો વર્તમાન સ્તરથી ઉપર જવાની પૂરેપૂરી ધારણા છે.સામાન્ય માનવીના રસોડાના બજેટ પર પણ આ વૈશ્વિક યુદ્ધની અસર પડવાની છે. રાંધણ ગેસ એટલે કે એલપીજીની કિંમતોમાં વધારો થતા આગામી વર્ષ માટે ફુગાવાનો અંદાજ 3.80 ટકાથી વધારીને 4.50 ટકા કરવામાં આવ્યો છે. ઊર્જાની અછત, ખાસ કરીને કુદરતી ગેસની તંગીને કારણે ઘરઆંગણે ઔદ્યોગિક અને સેવા પ્રવૃત્તિઓ ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિમાં કેન્દ્રીય બેંકો વ્યાજ દરો જાળવી રાખે અથવા તેમાં વધારો કરે તેવી શક્યતા પણ ઘણી ઊંચી છે. વર્ષ 2026ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઉપભોગ અને ઉદ્યોગ જગતમાં ગતિશીલતા જળવાયેલી જોવા મળી છે, પરંતુ નિકાસ અને સરકારી ખર્ચમાં નબળાઈના સંકેતો મળી રહ્યા છે.

### સનાતન પ્રીમિયર લીગનું ઈન્દોર સ્ટેડિયમમાં ભવ્ય અને દિવ્ય ઉદઘાટન

ઈન્દોર: મધ્ય પ્રદેશના ઈન્દોર સ્ટેડિયમ ખાતે આજે રમતગમત અને આધ્યાત્મિકતાનો એક અનોખો સમન્વય જોવા મળ્યો હતો. સનાતન સંસ્કૃતિના મૂલ્યો સાથે ક્રિકેટની રમતને જોડતી 'સનાતન પ્રીમિયર લીગ' (SPL) નો અત્યંત ઉત્સાહ અને આધ્યાત્મિક ઉમંગ સાથે પ્રારંભ થયો છે. આ ઉદઘાટન સમારોહમાં રમતગમત, સંસ્કાર અને યુવા સશક્તિકરણનો ત્રિવેણી સંગમ રચાયો હતો, જેણે સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

આ ભવ્ય આયોજનમાં દેશના નામાંકિત આધ્યાત્મિક ગુરુઓની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. ચિન્મયાનંદ બાપુજી મહારાજ, દેવકીનંદન ઠાકુરજી મહારાજ, અનિરુદ્ધાચાર્યજી મહારાજ અને જગદગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામ દિનેશાચાર્યજી સહિત અનેક સંતોએ હાજર રહી ખેલાડીઓને આશીર્વાદ આપ્યા હતા. સંતોની હાજરીએ આ લીગને માત્ર એક રમત નહીં, પરંતુ સંસ્કાર સિંચનનું એક માધ્યમ બનાવી દીધું છે. સનાતન પરંપરાના આ મહાનુભાવોએ રમત દ્વારા રાષ્ટ્રીય ગૌરવ અને સાંસ્કૃતિક જાગૃતિ ફેલાવવા પર ભાર મૂક્યો હતો.

### કેનસ્ટારને ભારતના સૌપ્રથમ 5-સ્ટાર BEE રેટિંગવાળા એર કૂલર્સ સાથે ઉર્જા-કાર્યક્ષમ કૂલીંગ પર મોટી આશા




(એજન્સી) નવી દિલ્હી | તા 13

દેશમાં સતત વધી રહેલી આર્થિક ચિંતાઓ વચ્ચે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં ગ્રાહક મોંઘવારીનો દર ભારતીય રિઝર્વ બેંક (RBI) ના અંદાજ કરતા પણ ઓછો રહેવાની શક્યતા છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના અહેવાલ મુજબ, આ સમયગાળા દરમિયાન ફુગાવો ૩ ટકાની આસપાસ રહી શકે છે, જે આરબીઆઈના ૩.૨ ટકાના અંદાજ કરતા સાધારણ નીચો છે.યુનિયન બેંકના આંતરિક અંદાજો સૂચવે છે કે આગામી ક્વાર્ટરમાં પણ ફુગાવો સેન્ટ્રલ બેંકના અંદાજ કરતા નીચો રહેશે. જોકે, એપ્રિલમાં યોજાનારી મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠકમાં રિઝર્વ બેંક ફુગાવાના પોતાના આઉટલુકમાં સુધારો કરે તેવી શક્યતા છે. આ ફેરફાર પાછળનું મુખ્ય કારણ કેન્દ્રીય આંકડા મંત્રાલય દ્વારા ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) માટેના આધાર વર્ષમાં કરાયેલો બદલાવ છે. હવે મોંઘવારીની ગણતરી માટે ૨૦૧૨ને બદલે ૨૦૨૪ને આધાર વર્ષ તરીકે ગણવામાં આવશે. તાજેતરના આંકડાઓ પર નજર કરીએ તો, જાન્યુઆરી ૨૦૨૬માં મોંઘવારીનો દર ૨.૭૪ ટકા હતો, જે ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા નોંધાયો છે. ભલે આ આંકડો ૧૧ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હોય, પરંતુ તે હજુ પણ રિઝર્વ બેંકની નિર્ધારિત મર્યાદામાં જ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો પણ વધીને ૩.૩૫ ટકા રહ્યો હતો, જે બેંકના ૨.૫૫ ટકાના અગાઉના અંદાજ કરતા ઘણો વધારે છે.

### ભારતમાં સ્માર્ટફોન ઉત્પાદન ક્ષમતા વધારવા આઈ પ્લસના મોટા કરાર

નવી દિલ્હી: ભારતની અગ્રણી ટેકનોલોજી બ્રાન્ડ 'આઈ પ્લસ સ્માર્ટફોન' (Ai+ Smartphone) એ દેશમાં પોતાની ઉત્પાદન ક્ષમતામાં મોટો વધારો કરવાની જાહેરાત કરી છે. કંપનીએ 'મેક ઈન ઈન્ડિયા' વિઝનને વેગ આપવા માટે ઓપ્ટિમસ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (OEL) સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. આ કરાર હેઠળ, કંપની ભારતમાં વધારાની ૩૦ લાખ સ્માર્ટફોન ઉત્પાદન ક્ષમતા વિકસાવશે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદેશી બ્રાન્ડ્સ સામે ભારતીય બનાવટના સ્માર્ટ ઉપકરણોને મજબૂતીથી ઊભા રાખવાનો છે. આ કરાર મુજબ, આઈ પ્લસ સ્માર્ટફોન અને ઓપ્ટિમસ ઈલેક્ટ્રોનિક્સ આગામી ૫ વર્ષમાં ભારતીય મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આશરે ૧૨૫ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ રોકાણ માત્ર ઉત્પાદન સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ તેનાથી ઉત્પાદન, કામગીરી અને સહાયક ક્ષેત્રોમાં અંદાજે ૧,૨૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીઓનું સર્જન થશે. નોઈડા સ્થિત ઓપ્ટિમસના અત્યાધુનિક પ્લાન્ટમાં એપ્રિલ ૨૦૨૬થી આ ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## ડીપી વર્લ્ડે 2025માં 24.4 અબજ ડોલરની આવક અને 6.4 અબજ ડોલરની EBITDA નોંધાવી

(એજન્સી) દુબઈ | તા 13

ડીપી વર્લ્ડે 2025ના વિક્રમી નાણાંકીય પરિણામો જાહેર કર્યા હતા, જેમાં આવકો 22 ટકા વધીને 24.4 અબજ ડોલર અને એડજસ્ટેડ EBITDA 18 ટકા વધીને 6.4 અબજ ડોલર થઈ હતી (માર્જિન 26.3 ટકા), જે વિવિધ પોર્ટ્સ અને ટર્મિનલ્સ તથા લોજિસ્ટિક્સમાં મજબૂત કામગીરીને આભારી હતી. ટોટલ ગ્રુપ ગ્રોસ થ્રોટપુટ 5.8 ટકા વધીને 93.4 મિલિયન twenty-foot equivalent units (TEU) થયું હતું. વર્ષ માટેનો નફો 32.2 ટકા વધીને 1.96 અબજ ડોલર થયો હતો, જે ઓપરેટિંગ લિવરેજ અને શિસ્તબદ્ધ કોસ્ટ મેનેજમેન્ટ દર્શાવે છે. ઓપરેટિંગ કેશ ફ્લો 14 ટકા વધીને 6.3 અબજ ડોલર થયો હતો. પરિણામો અંગે ડીપી વર્લ્ડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ચેરમેન હીસ એક્સીલન્સી એસા કાઝિમે જણાવ્યું હતું કે, "ઉચ્ચ અનિશ્ચિતતા તથા બદલાતા વેપારી માહોલના લીધે ઊભી થયેલી નવી પરિસ્થિતિમાં અમારા ડાયવર્સિફાઈડ પોર્ટફોલિયો, શિસ્તબદ્ધ રીતે મૂડી ફાળવણી અને ઉચ્ચ ઉપજવાળા કાર્ગો પર ધ્યાન આપવાના લીધે અમે સ્થિતિસ્થાપક આવક અને મજબૂત કેશ ફ્લો આપી શક્યા છીએ. આ પરિણામો અમારા ઈન્ટિગ્રેટેડ પ્લેટફોર્મની મજબૂતાઈ અને સપ્લાય ચેઈન નવેસરથી ઊભી થઈ રહી છે ત્યારે તે મુજબ અનુકૂલનશીલતા સાધવાની અમારી ક્ષમતા દર્શાવે છે." ડીપી વર્લ્ડના ગ્રુપ સીઈઓ યુવરાજ નારાયણે ઉમેર્યું હતું કે, "પોર્ટ્સ અને ટર્મિનલ્સ વિભાગે તંદુરસ્ત વોલ્યુમ્સ, વધુ સારી ઉપજ અને શિસ્તબદ્ધ કોસ્ટ મેનેજમેન્ટના પગલે મજબૂત દેખાવ કર્યો હતો. TEU દીઠ લાઈક-ફોર-લાઈક રેવન્યુ 8.5 ટકા વધી હતી. 2025માં અમે સિંગલ ડીપી વર્લ્ડ બ્રાન્ડ હેઠળ અમારા મરિન સર્વિસીસ બિઝનેસને એક કર્યો હતો અને ફુલ્લી ઈન્ટિગ્રેટેડ ગ્લોબલ લોજિસ્ટિક્સ પ્રોવાઈડર તરીકે અમારી સ્થિતિ મજબૂત બનાવી હતી. સમગ્ર લોજિસ્ટિક્સ અને અમારા બોર્ડર ટ્રેડ પ્લેટફોર્મ પર અમે અમારા વન ડીપી વર્લ્ડ ઓપરેટિંગ મોડલ દ્વારા સહયોગ ગહન બનાવ્યો હત્ એ ક્ષમતાઓ સતત વધારી હતી. અમે શિસ્તબદ્ધ રીતે મૂડી ફાળવણી, ઓપરેશનલ ઉત્કૃષ્ટતા અને ગ્રાહક કેન્દ્રિત અમલીકરણ પર ધ્યાન આપી રહ્યા છીએ. અમે નજીકના ગાળાની અનિશ્ચિતતાના ગાળામાં ગ્રાહકોને ટેકો આપી રહ્યા છીએ તથા ટકાઉ લાંબા ગાળાની વૃદ્ધિ પૂરી પાડવા માટે પસંદગીપૂર્વક રોકાણ કરી રહ્યા છીએ."રોકેલી મૂડી પર વળતર (ROCE) 2024માં 8.9 ટકાથી વધીને 9.9 ટકા થયું હતું, જે ભૂરાજકીય અને વ્યાપારના ક્ષેત્રે સતત અનિશ્ચિતતા હોવા છતાં મજબૂત આવક દર્શાવે છે.




### યુદ્ધની અસરથી સંકટ | કાચા માલ અને એપીઆઈના ભાવ વધતા મુશ્કેલી

## યુદ્ધના કારણે દવાઓની કિંમતમાં ત્રીસ ટકા સુધીનો તોતિંગ વધારો



અમદાવાદ:મધ્ય પૂર્વમાં વકરેલા ઈરાન યુદ્ધની ભીષણ જ્વાળાઓ હવે સામાન્ય માનવીના સ્વાસ્થ્ય બજેટને દઝાડવા તૈયાર છે. છેલ્લા બે સપ્તાહમાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદન માટે અનિવાર્ય એવા સક્રિય ઘટકો એટલે કે એપીઆઈ અને કાચા માલના ભાવમાં 30 ટકા સુધીનો જંગી ઉછાળો નોંધાયો છે. જો આ જ વૈશ્વિક સ્થિતિ યથાવત રહેશે, તો આગામી દિવસોમાં જીવનરક્ષક દવાઓની કિંમતમાં મોટો વધારો ઝીંકાય તેવી પૂરેપૂરી શક્યતા છે.ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, યુદ્ધના કારણે સમુદ્રી માર્ગો પર કન્ટેનર જહાજોની ભારે અછત સર્જાઈ છે. ભારત દવા બનાવવા માટે જરૂરી કાચા માલ માટે મોટાભાગે ચીન પર નિર્ભર છે, પરંતુ શિપિંગ રૂટ ખોરવાતા ચીનથી આવતા પૂરવઠાને માઠી અસર પહોંચી છે. આ સપ્લાય ચેઈન તૂટવાને કારણે સ્થાનિક ઉત્પાદન ખર્ચમાં અસહ્ય વધારો થયો છે અને ફાર્મા કંપનીઓ હવે આ બોજ ગ્રાહકો એટલે કે દર્દીઓ પર નાખવા મજબૂર બની શકે છે.

તાજેતરના આંકડાઓ પર નજર કરીએ તો, દવાઓના ઉત્પાદનમાં વપરાતા મુખ્ય ઘટકોના ભાવ આસમાને પહોંચ્યા છે. ડિસેમ્બર મહિનાથી ગ્લિસરીનના ભાવમાં આશરે 64 ટકાનો તોતિંગ વધારો થયો છે. એ જ રીતે, તાવ અને દુખાવા માટે સામાન્ય રીતે વપરાતી પેરાસિટામોલના ભાવ પણ 26 ટકા વધી ગયા છે. આ ઉપરાંત, પેટ્રોકેમિકલ્સ આધારિત ફાર્માસ્યુટિકલ સોલવન્ટ્સના ભાવમાં પણ માત્ર એક સપ્તાહમાં 20 થી 30 ટકાની તેજી જોવા મળી છે, જેનું મુખ્ય કારણ વૈશ્વિક તેલ પૂરવઠામાં આવેલો વિક્ષેપ છે.

યુદ્ધને કારણે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો જોખમી બન્યા છે, જેને પરિણામે નૂર ખર્ચ (ફ્રેઈટ ચાર્જ) બમણો થઈ ગયો છે. અગાઉ જે શિપમેન્ટ માટે ચોક્કસ રકમ ચૂકવવી પડતી હતી, તેમાં હવે 4,000 ડોલરથી લઈને 8,000 ડોલર સુધીનો વધારાનો ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ વધારાના પરિવહન ખર્ચને કારણે ફાર્માસ્યુટિકલ કંપનીઓના નફા પર કાતર ફરી વળી છે, જે આખરે દવાઓના ભાવ વધારામાં પરિણમશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ વદ-11

# ક્લાઈમેટ ચેન્જ : માર્ચ મહિનામાં જ ગરમીનો પારો ૪૦ને પાર

આ વખતે નવેમ્બર 2025થી કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થયું નથી. તેના કારણે ઠંડક લાંબો સમય ટકી નહીં અને ગરમી શરૂ થતાં જ આકરી થવા લાગી. આ વખતે માર્ચ મહિનાથી અહીંયા સાવ ગરમ અને શુષ્ક હવા ચાલી રહી છે. આ હવા રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને અન્ય કેટલાક ભાગમાં ગરમીમાં સતત વધારો કરી રહી છે : ગુજરાતના વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, સુરત અને મહારાષ્ટ્રના અકોલામાં તાપમાન 41.2 ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ મહારાષ્ટ્રના નંદુરબારમાં દેશનું સૌથી વધારે તાપમાન 42.4 ડિગ્રી નોંધાયું હતું. આ તમામ વિસ્તારોમાં માર્ચથી મે મહિના સુધી લોકોને સિવિયર હિટવેવની ચેતવણી આપવામાં આવી છે : જાણકારોના મતે માર્ચથી મે સુધીમાં પશ્ચિમી રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વ મહારાષ્ટ્ર, પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળના ઘણા વિસ્તારો, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુના કેટલાક ભાગમાં આ વખતે વ્યાપક ગરમી પડશે ભારતમાં આ વખતે ઉનાળાની શરૂઆત જ ખૂબ જ આકરી થઈ છે. હજી તો માર્ચના દસ-બાર દિવસ ગયા છે ત્યાં ગરમી ૪૦ ડિગ્રીને પાર થવા લાગી છે. દેશના ઉત્તર-પશ્ચિમના રાજ્યોના શહેરોના સરેરાશ તાપમાનમાં એકાએક ૧૦ થી ૧૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. તાજેતરની જ વાત કરીએ તો મુંબઈ, દિલ્હીમાં પારો ૪૦ ડિગ્રીને પાર જઈ આવ્યો. બીજી તરફ ગુજરાતના પણ અનેક શહેરોમાં સરેરાશ તાપમાન ૩૯-૪૦ ડિગ્રીની આસપાસ રહે છે. રાજસ્થાનમાં તો અત્યારથી ૪૦ ડિગ્રીનો અનુભવ થઈ રહ્યો છે. આ સિવાય ગોવા, મધ્યપ્રદેશમાં પણ ભયાનક ગરમી પડી રહી છે. ગત અઠવાડિયે દિલ્હીમાં રાતનું તાપમાન ૩૬ ડિગ્રી હતું જે છેલ્લાં ૫૦ વર્ષનું સૌથી વધારે તાપમાન નોંધાયું હતું. આ તાપમાન વધવા પાછળ ઘણા કારણો છે છતાં જાણકારો સૌથી મોટું કારણ તો ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જને જ ગણાવે છે. જાણકારોના મતે છેલ્લાં કેટલાક વર્ષોમાં પૃથ્વી ઉપર પ્રદુષણનું પ્રમાણ અસહ્ય, અકલ્પનિય રીતે વધ્યું છે. તેના કારણે ગ્લોબલ વોર્મિંગની સ્થિત સર્જાઈ છે. દુનિયાભરના દેશોમાં ક્લાઈમેટ ચેન્જ જોવા મળી રહ્યા છે. અનેક દેશોના ઋતુચક્રોમાં વ્યાપક ફેરફાર આવી રહ્યો છે. આ વખતે ઘણા દેશોમાં શિયાળો જામ્યો જ નથી. જોઈએ તે પ્રમાણે બરફ પડયો જ નથી. બીજી તરફ અમેરિકા અને રશિયા જેવા દેશોમાં શિયાળો જતા જતા કેર વર્તાવી ગયો હતો. અનેક વિસ્તારોમાં દસથી પંદર ફૂટ બરફની ચાદર છવાઈ જાય તેવા ભીષણ સ્નોસ્ટોર્મ પણ આવ્યા હતા. પોલરવોર્ટેક્સની સ્થિતિ પણ વકરી હતી. મૂળ મુદ્દે માનવ સર્જિત પ્રદુષણને કારણે કુદરત પોતાનું ચક્ર ગુમાવી રહી છે. તેની કામગીરી ખોરવાઈ રહી છે. તેથી જ ઋતુઓ લંબાતી કે ટુંકાતી જાય છે. ઘણી વખત મિક્ષ ઋતુઓનો પણ અનુભવ થઈ રહ્યો છે. હાલમાં માર્ચ મહિનામાં જ ભારતમાં આગઝરતી ગરમી પડવા લાગી તે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની જ અસર ગણી શકાય તેમ છે. દેશના તાપમાનની વાત કરીએ તો માર્ચના પહેલા જ અઠવાડિયામાં દિલ્હીનું તાપમાન ૩૫ ડિગ્રીને પાર થઈ ગયું છે. તેવી જ રીતે ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ કેટલાક શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રી ઉપર જ ચાલી રહ્યું છે. કેટલાક દિવસોમાં તો ૩૯ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું છે. બીજી તરફ રાજસ્થાનમાં બાડમેરમાં પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. આ સિવાય જયપુર, જોધપુરમાં પણ ૩૮-૩૯ ડિગ્રી જેટલી ગરમી નોંધાઈ રહી છે. મધ્ય પ્રદેશના રતલામમાં ૩૯ ડિગ્રી જ્યારે ભોપાલમાં ૩૭ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. ગત અઠવાડિયે અમદાવાદ, રાજકોટ, ડિસા, કંડલા અને ભાવનગરમાં પાસે ૪૦ ડિગ્રીને પાર જઈ આવ્યો. કચ્છના કંડલા અને તેની આસપાસના વિસ્તારોમાં તો ૪૧ ડિગ્રીને પાર ગરમી પહોંચી ગઈ હતી. મહારાષ્ટ્રના જલગાંવમાં ૪૦ ડિગ્રી, મુંબઈમાં ૩૬ ડિગ્રી જ્યારે પુણેમાં ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જાણકારોના મતે આ વખતે માર્ચ મહિનાથી જ ગરમી વધી જવાના હાલમાં તો મુખ્ય ત્રણ કારણો જોવા મળી રહ્યા છે. સૌથી પહેલાં તો હાલમાં કોઈ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ નથી. ભારતના પશ્ચિમ વિસ્તારમાં ભૂમધ્ય સાગર ઉપર ચક્રવાતી પવનો હવામાં ભેજ લઈને ગલ્ફ દેશો ઉપર થઈને કાળા સમુદ્ર, કેસ્પિયન સમુદ્રના રસ્તે ભારત સુધી આવે છે. તેને આપણે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહીએ છીએ. આ વખતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાયું નથી. હાલમાં ઈરાન ઉપર એક એક્ટિવ છે જે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન સુધી પહોંચે તેમ લાગે છે. ભારત સુધી તો પહોંચી શકે તેમ નથી.

## ગ્રામજનોએ સરકારી યોજનાઓનો લાભ લીધો.....

# કડાણાનાં ગોધર ઉત્તર ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર



મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ગોધર ઉત્તર ગામે રાજ્ય સરકારના અભિગમ હેઠળ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગોધર સહિત આજુબાજુના ગામોના ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી એક જ સ્થળે વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ લીધો હતો.આ કાર્યક્રમ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા આરોગ્ય તપાસ, આધાર કાર્ડની કામગીરી, ખેડૂત માર્ગદર્શન તથા સામાજિક સુરક્ષા યોજનાઓ અંગેની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. સેવા સેતુ કેમ્પમાં ગ્રામજનો માટે આરોગ્ય સેવા અંતર્ગત ડાયાબિટીસ તથા બ્લડપ્રેશરની તપાસ માટે નિદાન કેમ્પ યોજાયો હતો.સાથે જ નવા આધાર કાર્ડ કઢાવવાની તેમજ આધાર કાર્ડમાં સુધારા-વધારાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.ખેડૂતોને ખેતીવાડી સંબંધિત વિવિધ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સામાજિક સુરક્ષા યોજનાઓ અંતર્ગત વિધવા સહાય સહિતની સહાય મેળવવા માટેના અરજી ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત અન્ય સરકારી યોજનાઓ માટે કુપન સુવિધા અને ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં કડાણા તાલુકા પંચાયત પરમુખ મંગુબેન, કડાણા તાલુકાનાં ભાજપા પાર્ટી પ્રમુખ પર્વતભાઈ ,ગોધર ઉત્તર સરપંચ, બાબુભાઈ સહિત રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.તાલુકા મામલતદાર, તાલુકા પંચાયતના ટી ડી ઓ સહિત અધિકારીઓ, ગામના સરપંચ, તલાટી મંત્રી તેમજ આસપાસના ગામોના સરપંચોએ પણ હાજરી આપી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ગ્રામજનોએ જણાવ્યું હતું કે ઘરઆંગણે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમથી વિવિધ સરકારી સેવાઓ સરળતાથી પ્રાપ્ત થતાં લોકોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.

# નેત્રા શક્તિકેન્દ્ર ખાતે ભાજપની બુથ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકા ભાજપ દ્વારા નેત્રા શક્તિકેન્દ્ર ખાતે પ્રવાસ કરી બુથ સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ બુથ સ્તરે ચાલી રહેલી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે નખત્રાણા તાલુકા મંડળના પ્રભારી પરેશભાઈ ભાનુશાલી અને મંડલ પ્રમુખ ધર્મેશભાઈ કેશરાણી સહિત પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.સ્થાનિક કાર્યકર્તાઓમાં ગુલામ હુસેન બારાચ, બહાદુરસિંહ, રસીકભાઈ પટેલ, ચિરાગ ભાવાણી, વિનોદભાઈ કોલી, મંગલભાઈ રબારી, વિનોદભાઈ ઈશાભાઈ તેમજ હાજીભાઈ સંઘાર હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન આવનારા કાર્યક્રમોને ધ્યાનમાં રાખી સંગઠનાત્મક કામગીરી વધુ સશક્ત બનાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ચાણસ્મા પાલિકા ખાતે 16 મી માર્ચે શહેરી કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાશે



નિતીન ઠાકર ચાણસ્મા | સરકાર તમારા દ્વારે રાજ્ય સરકાર દ્વારે ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારના લોકો ને સરકારી યોજનાઓ વિશેષ જાણકારી સાથે આધારકાર્ડ પાન કાર્ડ સુધારા વધાર આરોગ્યલક્ષી યોજનાના કાર્ડ રેશનકાર્ડમાં નામ સુધારા વધારા સહિતના કામો તાલુકા કક્ષાની કચેરીએ ધક્કા ન ખાવા પડે અને ઘર આંગણે જ થાય તે માટે ગ્રામીણ વિસ્તારના તાલુકા કે જિલ્લા સદસ્ય બેઠક પ્રમાણે. સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરાય છે સાથે શહેરી કક્ષાના સેવા સેતુ કાર્યક્રમનું પાલિકા દ્વારા કરવામાં આવે છે ત્યારે અગામી 16મી માર્ચના રોજ ચાણસ્મા નગરના લોકો સરકારી યોજનાઓ ની જાણકારી આધાર કાર્ડ પાનકાર્ડ રેશનકાર્ડ સુધારા વધારા જેવા કામો કરી શકે તે માટે ચાણસ્મા નગર પાલિકા સામે પાલિકા દ્વારા શહેરી કક્ષાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે નગરજનોએ સેવા સેતુ કાર્યક્રમ માં સરકારી યોજનાઓની વિશેષ જાણકારી તેમજ સરકારી કામોમાં ઉપીયોગી પુરાવા ના કાર્ડ અંગેના કામો માટે લાભ લેવા પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેન પટેલે જણાવ્યું છે

# આંગણવાડીમાં જીવતા બોમ્બ ની સામે બેસતા નાના માસુમ ભૂલકાઓ...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં નવીન આંગણવાડીઓ માટે લખલૂટ રૂપિયાઓની લહાણી કરે છે જ્યારે બીજી બાજુ ગ્રામીણ વિસ્તારો ની અંદર પરિસ્થિતિ કંઈક વિકટ જ જોવા મળી રહી છે. ત્યારે જિલ્લાના અધિકારીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોની આંગણવાડીઓમાં તપાસ કરવામાં આવે તો 'દીવાની તળે અંધારા 'જેવો ઘાટ જોવા મળે તો નવાઈ પામવા જેવું નથી.

કોઠંબા તાલુકાના ખારોલ ગામે ગ્રામ પંચાયતની બાજુમાં આવેલ આંગણવાડી કેન્દ્રની અંદર છેલ્લા ઘણા લાંબા સમયથી સિર્ફ એક જ ઓરડામાં નાના માસુમ ભૂલકાઓને બેસાડવામાં આવી રહ્યા છે અને તે પણ બાળકો જે રૂમ ની અંદર બેસે છે તેની સામેના ટેબલ ઉપર ગેસની સગડી અને ટેબલની બાજુમાં તેમજ નાના ભૂલકાઓની બિલકુલ સામે જીવતા બોમ્બ સમાન ગેસનો બાટલો જોવા મળે છે ત્યારે આવા મસમોટા જોખમ સામે નાના ભૂલકાઓની સલામતી અંગે વેદક સવાલ ઊભરો થવા પામ્યો છે. ભૂલકાઓને બેસાડવામાં આવતા રૂમમાં અને નાના માસુમ ભૂલકાઓની બિલકુલ સામે મુકેલા ગેસના બાટલા થી આકસ્મિક કોઈ દુર્ઘટના સર્જામા પામે તો તેના માટે જવાબદાર કોને ગણવા ?

પહેલા નાના માસુમ ભૂલકાઓને જે આંગણવાડીમાં બેસાડવામાં આવતા હતા તે આંગણવાડી જર્જરીત હાલતમાં થઈ ગઈ હોવાથી છેલ્લા કેટલાય સમયથી આ આંગણવાડીને તાળા મારી દેવામાં આવ્યા છે.

# મહીસાગર જિલ્લામાં સીબીડીસી કામગીરી અમલીકરણ સામે ગરીબોને વ્યવહારુ મુશ્કેલીઓ વધશે..

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત સરકારના ગરીબ રાશનકાર્ડ ધારકો માટે જાહેર વિતરણ વ્યવસ્થામાં સીબીડીસી (ડિજિટલ કરન્સી)ના અમલીકરણથી ગરીબ ગ્રાહકોની વ્યવહારો મુશ્કેલીઓ વધી જશે.મહીસાગર જિલ્લામાં એનએફએસએ હેઠળ સરકારી અનાજ મેળવતા રાશનકાર્ડ ધારકો માટે સીબીડીસી યોજના અમલમાં મુકવા આવી છે.આ યોજના માટે રાજ્યના તમામ દુકાનદારો સહિત જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારો સાથે ઓનલાઈન વીસીથી રાજ્યના પુરવઠા સચિવ દ્વારા કામગીરી કરવા પર ભારપૂર્વક જણાવ્યું હતું. ગાંધીનગરના આદેશને લઈને જિલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારો દ્વારા ફરજિયાત સીબીડીસી કરવા માટે આદેશ કર્યા છે. cbdc કામગીરીને લઈ મહીસાગર જિલ્લા પ્રમુખ નિલેશ પટેલ દ્વારા સરકારની તઘલખી નીતિ કે એક સિક્કાની બે બાજુ તપાસ્યા વગર દુકાનદારને આદેશ કરવામાં આવતા વિરોધ કરવામાં આવ્યો છે.

બોક્સ -૧

ગરીબ રાશનકાર્ડ કાર્ડ ધારકો પાસે સાદા ફોન હોય અને તેમાં પણ 60 વર્ષથી ઉપરના ઉંમરલાયક ગરીબ ગ્રાહક પાસે સ્માર્ટફોન ફોન ક્યાંથી લાવવો એક સવાલ છે. નવો સ્માર્ટફોન ફોન ખરીદવા 15000/- રૂપિયાની જરૂર પડે અને દર માસે રિચાર્જ કરવા ૨૫૦/- રૂ.ની જરૂર પડે. મોટાભાગના પરિવાર આર્થિક રીતે નબળા છે.

# મોટી ભેદી મધ્યે વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

મહેશ એલ. સોની નખત્રાણા




તાલુકાના મોટી ભેદી ગામે તારીખ:૧૦/૩/૨૦૨૬નારોજ વાંઢું મંડળ દ્વારા સનાતન હિન્દુ સંમેલન ધર્મ સભા યોજાઈ ગઈ જેમાં આજુબાજુ વાંકુ, મોટી ભેદી, આરીખાણા, પિંગલેશ્વર, રાપરગઢ, કુડુલી, સિંધોડી મોટી, વાડાપધ્ધર, પરજાઉ, તેમજ સમગ્ર સનાતન હિન્દુ સમાજ મોટી સંખ્યામાં ઉમટી પડ્યો હતો. દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી જેમાં સંતો મહંતોની ઉપસ્થિતિમાં વાંકુ આરીખાણા તેમજ મોટી ભેદી ગામના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંતો તેમજ વક્તાઓ દ્વારા હિન્દુ સમાજને એક થવા તેમજ ધર્મની રક્ષા માટે જાગૃત થવા હાકલ કરાઈ હતી. પરમ પૂજ્ય સ્વામી પ્રદીપ્તાનંદજી સરસ્વતી આર્શ અધ્યયન કેન્દ્ર ભુજ માધાપર એ તેમના ઉદબોધનમાં સમગ્ર સનાતન ધર્મ પ્રેમીઓને એક રહેંગે સેફ રહેંગે એક રહેંગે નેક રહેંગેનો નારા સાથે શ્રી ભગવદ ગીતામાં ભગવાન કૃષ્ણ દ્વારા જીવન જીવવાનો સંદેશ સાથે સનાતન ધર્મ પ્રેમીઓને પ્રેરક ઉદબોધન આપી ભાવવિભોર કર્યા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શ્રી ધનસુખભાઈ વાઘાણી એ સંઘ શતાબ્દીના 100 વર્ષ પૂર્ણ થતા પંચ પરિવર્તનના સિદ્ધાંતો સમજાવેલ ભરતભાઈ શાસ્ત્રી વિઝાણ દ્વારા પણ પ્રેરક ઉદબોધન આપવામાં આવ્યું રાજેશ્રીબેન ગઢવી (ડુમરા)ના શ્રી મુખેથી ગણપતિ વંદના તેમજ શિવ મહા આરતી રજૂ કરવામાં આવી હતી તેમજ પધારેલ સંતો શ્રી પીંગલેશ્વર મહાદેવ મંદિર મહંત શ્રી પરષોત્તમગીરી બાપુ, હે બાવા ધામ જખૌ મહંત શ્રી પરેશ મહારાજ , શ્રી આવડ માં ધામ સિંધોડી પરમ પૂજ્ય નાથીમાં , સિદ્ધેશ્વર મહાદેવ મોટી ભેદી મહંત શ્રી સૌરવગીરી, કથાકાર રાજેશભાઈ જોશી વાંકુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા

# મહીસાગર જિલ્લામાં માર્ગ અકસ્માતો નિવારવા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો રોડ સેફ્ટી એક્શન પ્લાન અને PM-RAHAT યોજનાના અસરકારક અમલીકરણ અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી.આ એક્શન પ્લાનનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય લક્ષ્યાંકને અનુરૂપ વર્ષ ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુમાં ૫૦% નો ઘટાડો કરવાનો છે. કલેક્ટરશ્રી દ્વારા રોડ એન્જિનિયરિંગ સુધારવા, ટ્રાફિક કાયદાનું કડક પાલન કરાવવા, જાગૃતિ લાવવા તેમજ ઈમરજન્સી કેર (4Es) મજબૂત કરવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. જિલ્લામાં આઈડેન્ટિફાય કરાયેલા મુખ્ય બ્લેક સ્પોટ (બાબલીયા ચોકડી, ચારણના દેગમડા, લીંબડીયા ચોકડી અને વાંઝિયા ખૂંટ) ખાતે સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ્સ અને સાઈન બોર્ડ જેવી અકસ્માત નિવારણની કામગીરી પૂર્ણ કરવા સૂચનો અપાયા હતા.

# પાટણ વિધાનસભા કાર્યકર્તા સંમેલનની ઉપસ્થિતી પહેલાં જિલ્લા ભાજપ સંગઠન દ્વારા આયોજન બેઠક યોજાઇ

નિતીન ઠાકર ચાણસ્મા

પાટણ જિલ્લા ભાજપ સંગઠનની રચના પૂર્ણ થઈ ગઈ છે જ્યારે નજીકના સમયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાટણ જિલ્લા ભાજપ દ્વારા સંગકાત્મક તૈયારીઓ શરૂ કરી છે અગામી સમયમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજી પાટણ જિલ્લા વિધાનસભા બેઠકો પૈકી પાટણ તાલુકા વિધાનસભા બેઠકના કાર્યકરોની બેઠકમાં અગામી સમયમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ બહુમતી સિદ્ધ કરી શકે તે માટે પાટણ તાલુકા ભાજપના બુથ લેવલ થી લઈ સંગઠનના તમામ કાર્યકરોને માર્ગદર્શન આપવાના હોઈ વધુમાં વધુ કાર્યકરો લોકો જોડાય તેના પૂર્વા યોજન માટે બેઠક મળી હતી જેમાં પાટણ જિલ્લા ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ દિલીપભાઈ જોશી અગ્રણી વિરેશભાઈ વ્યાસ સહિત ભાજપના પદાધિકારીઓએ બેઠકમાં ઉપસ્થિત કાર્યકરો પદાધિકારીઓને પ્રદેશ પ્રમુખની બેઠકની જાણકારી આપી હતી.

# નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા માં નાવડી ભાડું રૂ. 20 રાખવા માંગ

### આ વર્ષે ભાડું રૂ . 50/- કરાતા કલેકટર ને આવેદન પત્ર અપાયું

રાજપીપલા | નર્મદા ઉત્તર વાહિની પરિક્રમા માટે નાવડી નું ભાડું રૂ . 50/- રાખતા પ્રજાજનો માં રોષ ની લાગણી ફેલાઈ છે . અને વિશ્વ હિન્દૂ પરિષદે ગત વર્ષ ની જેમ રૂ . 20/- ભાડું રાખવા કલેકટર ને આવેદનપત્ર પાઠવ્યું છે .

પ્રાપ્ત માહિતી મુજબ આગામી 19 માર્ચ થી શરુ થતી. અને એક મહિના સુધી ચાલતી નર્મદા પંચકોશી પરિક્રમા દરમ્યાન યાત્રાળુ એ નદી પાર કરવા એકવાર ફરજીયાત નાવડી માં બેસવું પડે છે ત્યારે વહીવટી તંત્ર એ ટેન્ડર માં નાવડી ભાડું રૂ 50/- રાખ્યું છે જે ગત વર્ષે રૂ .20/- ભાડું હતું . આ તોતિંગ ભાડા વધારા ના વિરોધ માં અને ભાડું ગતવર્ષ જેટલું રાખવા ની માંગણી સાથે વિશ્વ હિન્દૂ પરિષદે કલેકટર ને આવેદનપત્ર પાઠવ્યું હતું . ગત વર્ષે એક મહિના દરમ્યાન 10 લાખ થી વધુ યાત્રાળુઓ એ પરિક્રમા માં ભાગ લીધો હતો આ સંખ્યા દર વર્ષે વધતી જાય છે અને વિશ્વ હિન્દૂ પરિષદે ગત વર્ષ ની જેમ રૂ . 20/- ભાડું રાખવા કલેકટર ને આવેદનપત્ર પાઠવ્યું છે . ત્યારે વિહિપ ની ભાડા ઘટાડા ની માંગણી જિલ્લા તંત્ર સ્વીકારે છે કે કેમ તે જોવું રહ્યું .

# શહેરમાં મંજૂરી વગર જાહેરાત બોર્ડ લગાડતા પારેવડી ડીઝાઈનર પાસેથી રૂ.૧૫,૦૦૦/- નો દંડ વસુલ કરતી મહાનગરપાલિકા જૂનાગઢ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩. મહાનગરપાલિકા, જૂનાગઢ હદ વિસ્તારમાં કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી વગર પારેવડી ડીઝાઈનર દ્વારા અગલ અગલ વિસ્તારમાં કિયોસ્ક પોલ ઉપર જાહેરાત બોર્ડ પ્રદર્શિત કરવામાં આવેલ જે અન્વયે માન. કમિશનરશ્રી તેજસ પરમાર ના આદેશ અન્વયે નાયબ કમિશનરશ્રી જે.પી. વાજા ની સુચનાથી આસી. કમિશનર(ટિક્સ) કે.જી.ટોલીયાના માર્ગદર્શન હેઠળ ટેક્સ સુપ્રીટેન્ડન્ટશ્રી મનોજ રૂપાપરાની ટીમ દ્વારા પારેવડી ડીઝાઈનર પાસેથી તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ રૂ.૧૫,૦૦૦/- ના દંડની વસૂલાત કરવામાં આવેલ અને જાહેરાત બોર્ડ પોતાના ખર્ચે જ ઉતારી લેવા તેમજ ભવિષ્યમાં આવી કોઈ ભૂલ ન થાય તેવી બાહેધરી પણ લેવામાં આવેલ છે.વધુમાં જણાવવાનું કે મહાનગરપાલિકા, જૂનાગઢની કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી વગર આવી પ્રવૃતિ ન કરવા એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# બેંકમાંથી મોબાઈલ ચોરી કરનાર શખ્સને ગણતરીના કલાકોમાં ડાંગ એલ .સી. બી ની પકડમાં ...



ડાંગ | ડાંગ જિલ્લામાં વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા અને ગુનેગારો પર કમર કસવા માટે ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓને પગલે ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને મોટી સફળતા મળી છે.પોલીસે આહવા બસ સ્ટેશન પાસેથી મોબાઈલ ચોરીના આરોપીને ચોરીના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે.મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલા આહવા ખાતે આવેલી ગ્રામીણ બેંકમાં કામ અર્થે આવેલા એક ફરિયાદીનો ઓપ્પો કંપનીનો ગોલ્ડન કલરનો મોબાઈલ કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. આ અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ-303(2) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.જી. અનડકટ અને તેમની ટીમના માણસો તપાસમાં હતા. તે દરમિયાન હ્યુમન અને ટેકનિકલ સોર્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે ચોરીનો મોબાઈલ ધરાવતો શખ્સ આસમાની કલરના શર્ટમાં આહવા બસ સ્ટેશન પાસે ઉભો છે.બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ શખ્સને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી ઓપ્પો કંપનીનો ગોલ્ડન મોબાઈલ મળી આવ્યો હતો.

# જૂનાગઢ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા વાહનોના નંબરો મેળવવા માટે ઓનલાઈન ઈ-ઓકશન યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩. આર.ટી.ઓ. કચેરી, જૂનાગઢના કાર્યક્ષેત્રના તમામ વાહન માટે નોન ટ્રાન્સપોર્ટમાં ટુ વ્હીલર વાહનોની નવી સિરીઝ GJ-11-EB, ફોર વ્હીલર વાહનોની નવી સિરીઝ GJ-11-DB તેમજ ટ્રાન્સપોર્ટ વાહનોમાં GJ-11-VV માં બાકી રહેલા નંબરોનું રી-ઓક્શન કરવામાં આવશે.

આ ઈ-ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન આગામી તા. ૧૬-૦૩-૨૦૨૬ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે શરૂ થશે અને આગામી તા. ૨૦-૦૩-૨૦૨૬ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે બંધ થશે. પસંદગીના વાહન નંબર મેળવવા માટે ઈ-ઓકશન આગામી તા. ૨૦-૦૩-૨૦૨૬ના રોજ ૦૪:૦૦ કલાકે પ્રારંભ થશે અને તા.૨૨-૦૩-૨૦૨૬ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકના પૂર્ણ થશે.

જેમાં ગોલ્ડન નંબર માટે ૧, ૫, ૭, ૯, ૧૧, ૯૯, ૧૧૧, ૩૩૩, ૫૫૫, ૭૭૭, ૭૮૬, ૯૯૯, ૧૧૧૧, ૧૨૩૪, ૨૨૨૨, ૩૩૩૩, ૪૪૪૪, ૫૫૫૫, ૭૭૭૭, ૮૮૮૮, ૯૦૦૦, ૯૦૦૯, ૯૦૯૦, ૯૦૯૯, ૯૯૦૯, ૯૯૯૦ અને ૯૯૯૯ નો સમાવેશ થાય છે. જેમા ટુ-વ્હીલર માટેની ફી રૂ. ૮૦૦૦ અને ફોર વ્હીલર તેમજ ટ્રાન્સપોર્ટ વાહનો માટેની ફી રૂ. ૪૦,૦૦૦ રહેશે.

સિલ્વર નંબર માટે ૨, ૩, ૪, ૮, ૧૦, ૧૮, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, ૯૦, ૧૦૦, ૧૨૩, ૨૦૦, ૨૨૨, ૨૩૪, ૩૦૦, ૩૦૩, ૪૦૦, ૪૪૪, ૪૫૬, ૫૦૦, ૫૬૭, ૬૦૦, ૬૭૮, ૭૦૦, ૭૮૯, ૮૦૦, ૮૮૮, ૯૦૦, ૯૦૯, ૧૦૦૦, ૧૦૦૧, ૧૦૦૮, ૧૧૮૮, ૧૮૧૮, ૧૮૮૧, ૨૦૦૦, ૨૩૪૫, ૨૫૦૦, ૨૭૨૭, ૨૭૭૨, ૩૦૦૦, ૩૪૫૬, ૩૬૩૬, ૩૬૬૩, ૪૦૦૦, ૪૪૫૫, ૪૫૪૫, ૪૫૫૪, ૪૫૬૭, ૫૦૦૦, ૫૦૦૫, ૫૪૦૦, ૫૪૪૫, ૫૪૫૪, ૬૦૦૦, ૬૩૩૬, ૬૩૬૩, ૬૭૮૯, ૭૦૦૦, ૭૦૦૭, ૭૨૨૭, ૭૨૭૨, ૮૦૦૦, ૮૦૦૮, ૮૦૫૫, ૮૧૧૮, અને ૮૧૮૧ નો સમાવેશ થાય છે. જેમા ટુ-વ્હીલર માટેની ફી રૂ. ૩૫૦૦ અને ફોર વ્હીલર તેમજ ટ્રાન્સપોર્ટ વાહનો માટેની ફી રૂ. ૧૫,૦૦૦ રહેશે. ગોલ્ડન અને સિલ્વર સિરીઝ સિવાયના અન્ય નંબરના વાહનો માટેની ફી જેમાં ટુ-વ્હીલર વાહનો માટેની ફી રૂ.૨૦૦૦ અને ફોર વ્હીલર તેમજ ટ્રાન્સપોર્ટ વાહનો માટેની ફી રૂ.૮,૦૦૦ રહેશે.પસંદગીના નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને https://fancy.parivahan.gov.in આ વેબસાઈટ પર નોંધણી, યુઝર આઈ.ડી. અને પાસવર્ડની વિગતો ભરીને વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના પરિપત્રમાં દર્શાવેલી સૂચનાઓ મુજબ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવાનો રેહશે. પસંદગીના નંબર મેળવવા માટેની અરજી સેલ ઈન્વોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બેમાંથી એક જે વહેલું હોઈ તે તારીખથી સાત દિવસની અંદર રજૂ કરવાની રહેશે. આવી અરજી અરજી કાર્યની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે.

# ધારીના માણાવાવ ગામે સિંહણે માસૂમ બાળકને ફાડી ખાધો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધારી ગીર વિસ્તારમાં વન્ય પ્રાણીઓના હુમલાની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે, ત્યારે માણાવાવ ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં રામકુંભાઈ વલકુભાઈ વાળાની વાડીમાં રહી ખેતીકામ કરતા પરપ્રાંતીય શ્રમિક પરિવારના પાંચ વર્ષનાં બાળક પર સિંહણે હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દેતાં ફફડાટ પ્રસર્યો છે. પંથકમાં ફફડાટ, એ શિકારી પ્રાણી સિંહણ જ કે બીજું કશું તે વિશે વનવિભાગની તપાસ, પાંજરે પૂરવા તજવીજ માણાવાવ ગામની સીમમાં આવેલી વાડીમાં પરપ્રાંતિય શ્રમિક ઈશ્વરભાઈ કટારાનો પાંચ વર્ષનો પુત્ર ધવલ રમી રહ્યો હતો એ દરમિયાન અચાનક ત્રાટકેલી સિંહણે માસૂમ બાળક પર હુમલો કરી દીધો હતો.

# સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારમાં ભારે પૂરને કારણે ધોવાઇ જતાં ખેતરોને સુરક્ષિત કરવા માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ.૧,૪૨૩& કરોડની યોજનાને આપી વહિવટી મંજૂરી

ઘેડ | ખેડૂતો અને ગામજનોના હિતમાં સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં આ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા કુલ રૂ. ૧,૪૨૩.૪ કરોડની મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ગામ તેમજ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. જેમાં ફેઝ - ૧ ના ૧૭ અને ફેઝ -૨ ના ૧૨ કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું. જળ સંપત્તિ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે આ પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ઘેડ વિસ્તાર માં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે પોરબંદરના ધારાસભ્ય અને વન-પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ આ વિસ્તારના ધારાસભ્યો દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેને આગામી સમયમાં સફળતા મળશે.રાજ્યમાં માટે ઘેડ વિસ્તારના પાણી નિકાલના અભ્યાસ માટે કન્સલટન્ટ એજન્સી દ્વારા સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એજન્સી દ્વારા રજૂ કરાયેલ પ્રાથમિક અહેવાલ મુજબ ઘેડ વિસ્તારના પાણી નિકાલના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે ગત જાન્યુઆરી- ૨૦૨૫માં રૂ. ૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૫૦.૦૧ કરોડ એમ કુલ અંદાજીત રૂ. ૧૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુંજ હતું. જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવાય છે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું.

## LPGની અછત વચ્ચે હોટલોએ ચૂલા શરુ કર્યા, રોજનું લાખોનું નુકશાન

# હિમાચલના પ્રવાસન પર મિડલ ઈસ્ટમાં તણાવની અસર: હોટલોમાં 50% એડવાન્સ બુકિંગ રદ

શિમલા | અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની અસર હવે હિમાચલ પ્રદેશના પર્યટન ઉદ્યોગ પર પડવાની શરૂઆત થઈ ગઈ છે. એલપીજી સિલિન્ડર અને પેટ્રોલ-ડીઝલની અછતની આશંકાએ પ્રવાસીઓ અને પર્યટન ઉદ્યોગકારો બંનેને ચિંતામાં મૂકી દીધા છે. આનાથી હોટલોમાં એડવાન્સ બુકિંગ રદ થઈ રહ્યા છે અને હોટેલ-રેસ્ટોરન્ટ ઉદ્યોગકારોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવું પડી રહ્યું છે.રાજ્યમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરોની ભારે અછત છે. હોટેલ, રેસ્ટોરન્ટ અને ઢાબા સંચાલકોને કોમર્શિયલ સિલિન્ડર મળી રહ્યા નથી. આવી સ્થિતિમાં, જે હોટેલ ઉદ્યોગકારો પાસે એલપીજીનો પૂરતો સ્ટોક બચ્યો નથી, તેઓ પોતે પણ પ્રવાસીઓની બુકિંગ રદ કરાવવા મજબૂર થઈ રહ્યા છે. બીજી તરફ, ઘણા પ્રવાસીઓ પણ પેટ્રોલ-ડીઝલની સંભવિત અછતના સમાચારોને કારણે પહાડો પર ફરવાનો પ્લાન બદલી રહ્યા છે અને પોતાની એડવાન્સ બુકિંગ કેન્સલ કરી રહ્યા છે.આ દરમિયાન કેટલાક હોટેલિયરોએ લાકડાથી ચાલતા ચૂલા પર ભોજન બનાવવાનું પણ શરૂ કરી દીધું છે. કેટલાક વેપારીઓ ઈન્ડક્શન પર પણ ભોજન બનાવી રહ્યા છે. પર્યટન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે જો ખાડી દેશોમાં ચાલી રહેલો તણાવ લાંબો ખેંચાય તો આવનારી ઉનાળાની સિઝનમાં હિમાચલના પર્યટન ઉદ્યોગને મોટો ફટકો પડી શકે છે. ઉનાળાના મહિનાઓમાં રાજ્યની અર્થવ્યવસ્થાનો મોટો ભાગ પર્યટન પર નિર્ભર રહે છે અને આ દરમિયાન હોટેલ, ટ્રાવેલ એજન્સી, ટેક્સી ઓપરેટર, રેસ્ટોરન્ટ અને નાના વેપારીઓને વર્ષનું સૌથી વધુ કામ મળે છે. સિમલા ખાતે લેન્ડમાર્ક હોટલના માલિક રાજીવ ભારદ્વાજે જણાવ્યું કે ચાર-પાંચ દિવસમાં તેમની 50 ટકા એડવાન્સ બુકિંગ રદ થઈ ગયા છે. આનાથી તેમને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. પ્રવાસીઓ વચ્ચે પણ ગભરાટનો માહોલ બની ગયો છે, જ્યારે વાસ્તવિક સ્થિતિ એટલી ગંભીર નથી.રાજીવ ભારદ્વાજે જણાવ્યું કે એલપીજીની અછતને કારણે તેમને હોટલમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડી છે. તેમણે રસોઈ બનાવવા માટે લાકડાનો ચૂલો લગાવ્યો છે અને ઈન્ડક્શન સ્ટવ પણ મંગાવ્યા છે, જેથી હોટલમાં રોકાયેલા પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન થાય. આ સાથે જ હોટલના મેનૂમાં પણ ફેરફાર કરવો પડ્યો છે. લાંબા સમયે પાકતી વાનગીઓ જેવી કે રાજમા અને કાબુલી ચણા હાલ પૂરતા બંધ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ઝડપથી તૈયાર થતી દાળો અને હળવા ભોજનને મેનૂમાં સામેલ કરવામાં આવ્યું છે.તેમણે કહ્યું કે સામાન્ય દિવસોમાં વીકએન્ડ પર હોટલ ફૂલ રહેતી હતી, પરંતુ આ વખતે ધંધો લગભગ ઠપ જેવો થઈ ગયો છે.પર્યટન નગરી મનાલીમાં પણ હોટલ ઉદ્યોગપતિઓ વચ્ચે ચિંતાનો માહોલ છે. મનાલીના હોટેલિયર અનૂપ ઠાકુરે સ્વીકાર્યું કે ખાડી દેશોમાં ચાલી રહેલા સંઘર્ષની અસર ધીમે ધીમે પર્યટન વ્યવસાય પર દેખાવા લાગી છે. તેમણે કહ્યું કે જો પરિસ્થિતિઓ જલ્દી સામાન્ય નહીં થાય તો આવનારા દિવસોમાં પર્યટન ઉદ્યોગને મોટો ફટકો પડી શકે છે.અનૂપ ઠાકુરે સરકાર પાસે માંગ કરી છે કે પેટ્રોલ-ડીઝલ અને એલપીજીના પુરવઠા અંગે સ્પષ્ટ સ્થિતિ રજૂ કરવામાં આવે, જેથી પ્રવાસીઓમાં ફેલાયેલી આશંકા દૂર થઈ શકે અને પર્યટન વ્યવસાય સામાન્ય બની રહે.જોકે, પેટ્રોલ પંપ સંચાલકોનું કહેવું છે કે રાજ્યમાં હાલમાં પેટ્રોલ-ડીઝલની કોઈ મોટી અછત નથી. સિમલાના પેટ્રોલ પંપ સંચાલક અમિત નંદાના જણાવ્યા અનુસાર, પહેલાની જેમ વધારાનો સ્ટોક ચોક્કસ નથી મળી રહ્યો, પરંતુ જેટલી માંગ છે તેટલો પુરવઠો થઈ રહ્યો છે અને કોઈ પણ વાહન ચાલકને ખાલી હાથે પાછા ફરવું પડતું નથી.એડવાન્સ બુકિંગ રદ થવા અને ગેસ સપ્લાયમાં મુશ્કેલી વચ્ચે હિમાચલ હોટેલિયર એસોસિએશને રાજ્ય સરકારને પત્ર લખીને પરિસ્થિતિથી વાકેફ કર્યા છે. એસોસિએશનના પ્રમુખ એમકે સેઠે સરકારને પેટ્રોલ-ડીઝલ અને એલપીજીનો નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.

## જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે લીલીઝંડી આપી ધન્વંતરી રથનું લોકાર્પણ કર્યું

### હવે કુલ ૭ રથ દ્વારા શ્રમિકોને વિનામૂલ્યે મળશે આરોગ્ય સેવાઓ

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૧૩ રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા જૂનાગઢ જિલ્લાના બાંધકામ શ્રમિકો માટે કલ્યાણકારી પગલું ભરતા વધુ ૪ ધન્વંતરી આરોગ્ય રથનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

મેંદરડા તાલુકાના દાત્રાણા ગામ ખાતેથી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે આ રથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તંદુરસ્ત શ્રમિક પરિવાર, તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રના સૂત્રને સાર્થક કરવાના હેતુથી કાર્યરત આ યોજના હેઠળ હવે બાંધકામ સાઈટ, કડિયાનાકા અને શ્રમિક વસાહતો પર જઈને શ્રમિકોને સ્થળ પર જ પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જિલ્લા પંચાયત પ્રમુખશ્રીએ નવીન ધન્વંતરી આરોગ્ય રથમાં ઉપલબ્ધ દવાઓ અને તબીબી સાધનોનું નિરીક્ષણ કર્યું હતું.

આ રથ દ્વારા જિલ્લાના દરેક બાંધકામ શ્રમિકને આરોગ્યપ્રદ સેવાઓ મળે તે માટે નક્કર આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ જૂનાગઢ જિલ્લામાં જિલ્લા સ્તરે ૧ અને કેશોદ તથા વિસાવદર ખાતે ૧-૧ મળી કુલ ૩ રથ કાર્યરત હતા. હવે મેંદરડા, માણાવદર, માંગરોળ અને જૂનાગઢ શહેર માટે ફાળવવામાં આવેલા નવા ૪ રથ સાથે જિલ્લામાં કુલ ૭ ધન્વંતરી આરોગ્ય રથ કાર્યરત થયા છે, જે સમગ્ર જિલ્લાને આવરી લેશે. વધુમાં, શ્રમિકો સરકારની શિક્ષણ, સહાય, પ્રસુતિ સહાય, આકસ્મિક મૃત્યુ સહાય, શ્રમિક અન્નપૂર્ણા યોજના અને ગો-ગ્રીન યોજનાની માહિતી મેળવી શકે તે માટે હેલ્પલાઈન નંબર ૧૫૫૩૭૨ કાર્યરત પણ છે. તેના થકી શ્રમિકો જરૂરી માહિતી અને માર્ગદર્શન મેળવી શકે છે.

## અમદાવાદ મંડળમાં કાંકરિયા સ્થિત આધુનિક મેકેનાઈઝ્ડ લોન્ડ્રી: મુસાફરોને મળી રહ્યા છે સ્વચ્છ અને હાઈજિનિક બેડરોલ



અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા મુસાફરોને સ્વચ્છ, સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાની લિનેન સેવા ઉપલબ્ધ કરાવવા માટે કાંકરિયા ખાતે BOOT મૉડેલ આધારિત આધુનિક મેકેનાઈઝ્ડ લોન્ડ્રીનું અસરકારક સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ અત્યાધુનિક લોન્ડ્રી લાંબા અંતરની ટ્રેનોમાં એસી શ્રેણીના મુસાફરોને આપવામાં આવતા બેડરોલની ધોલાઈ, સફાઈ અને પ્રબંધનને વૈજ્ઞાનિક તથા સ્વચાલિત ટેકનોલોજી દ્વારા સુનિશ્ચિત કરે છે. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) દ્વારા વર્ષ 2022-23 દરમિયાન 67 મિકેનાઈઝ્ડ લોન્ડ્રીમાંથી નિરીક્ષણ માટે પસંદ કરાયેલી 19 લોન્ડ્રીમાં કાંકરિયા લોન્ડ્રીને સૌથી કિફાયતી, કુશળ અને પર્યાવરણ અનુકૂળ હોવાનું જણાયું. આશરે 1800 ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત આ એકમમાંથી 1300 ચોરસ મીટર વિસ્તાર કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટની ધોલાઈ ક્ષમતા પ્રતિ શિફ્ટ 8 ટન (કુલ 16 ટન) છે, જ્યારે દરરોજ આશરે 19.5 ટન લિનેન (18 ટન બેડરોલ અને 1.5 ટન અન્ય કપડા) ની ધોલાઈ કરવામાં આવે છે દરરોજ આશરે 43,000 બેડશીટની ધોલાઈ, 21000 તકિયાના કવર સહિત કુલ 72000 લીનેન ની ધોલાઈ કરવામાં આવે છે, જેના દ્વારા લગભગ 12 ટ્રેનો માટે બેડરોલ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. હાલમાં લિનેન ધોલાઈ માટેનો કરાર દર 16.65 પ્રતિ કિલોગ્રામ અથવા પ્રતિ બેડરોલ નક્કી કરવામાં આવ્યો છે અને આ એકમમાં અંદાજે 200 કર્મચારીઓ કાર્યરત છે. પર્યાવરણ સંરક્ષણને ધ્યાનમાં રાખીને થર્મિક ફ્લુઈડ બોઈલરમાં ઈંધણ તરીકે મગફળીની છાલ(Groundnut Shell) નો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે પ્રદૂષણ ઓછું થાય છે અને ઊર્જા કાર્યક્ષમતા વધે છે. લોન્ડ્રીમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) દ્વારા ભૂગર્ભ જળને આરઓ સિસ્ટમથી શુદ્ધ કરીને ધોલાઈ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

### દિવ્યાંગોની ગતિશીલતા માટે રાજ્ય સરકારનો સંવેદનશીલ નિર્ણય.......

## મહીસાગર જિલ્લામાં ૫૧ દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ......

જગદીશ ત્રિવેદી | મહીસાગર



ગુજરાતના દિવ્યાંગજનોનું જીવન વધુ સરળ, સુગમ અને ગતિશીલ બનાવવાના ઉમદા હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર વિતરણનો પ્રારંભ કરાવ્યો છે. આ અભિગમના ભાગરૂપે આજે સમાજિક ન્યાય અધિકારિતા વિભાગ દ્વારા મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે વિશ્રામ ગૃહ સામે આવેલા ચિલ્ડ્રન હોમના પ્રાંગણમાં સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.લુણાવાડા ખાતે આયોજિત આ વિતરણ કાર્યક્રમમાં જિલ્લાના જરૂરતમંદ દિવ્યાંગ લાભાર્થીઓને આધુનિક સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં ૪૪ મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ,૦૭ જોયસ્ટિક વ્હીલચેર કુલ ૫૧ જેટલા સાધનોનું વિતરણ કરી દિવ્યાંગોને સ્વનિર્ભરતા તરફ ડગ માંડવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભાર્ગવી નિનામા તેમજ સમાજ સુરક્ષા વિભાગના કર્મચારીગણ અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીશ્રીઓએ દિવ્યાંગોને સાધનોના ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું અને સરકારની આ કલ્યાણકારી યોજનાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

## નખત્રાણામાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે

મહેશ એલ. સોની નખત્રાણા

Shri Bhojay Sarvodaya Trust દ્વારા આયોજિત અને Shri Somaiya Sarvodaya Trust ના સહયોગથી નખત્રાણા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. 15 માર્ચ 2026, રવિવારના રોજ સવારે 9 થી બપોરે 1 વાગ્યા સુધી યોજાશે.કેમ્પમાં મોતિયો, જામર, વેલ, પરવડા, આંખમાંથી પાણી પડવું, આંખ લાલ થવી, આંખમાં ઝાંખું દેખાવું તેમજ આંખમાં ખંજવાળ આવવી સહિત આંખને લગતા વિવિધ રોગોની નિષ્ણાત ડોક્ટરો દ્વારા તપાસ કરવામાં આવશે. કેમ્પનું આયોજન Somaiya Hospital ખાતે કરવામાં આવ્યું છે. તપાસ દરમિયાન જેમને ઓપરેશનની જરૂર જણાશે એવા દર્દીઓને તારીખ આપીને નિષ્ણાત સર્જનો દ્વારા શ્રી ભોજાય ટ્રસ્ટ હોસ્પિટલમાં ઓપરેશન કરી આપવામાં આવશે.

### દર વર્ષે ગીરનું જંગલ ઉનાળામાં ખાલીખમ થઈ જાય છે

## વનમાં ઉનાળો: ગીરના નેસડાઓમાંથી પશુધન સાથે માલધારીઓનું સ્થળાંતર

કિશોર આર. સોલંકી | જાફરાબાદ




ગીરના જંગલમાં વસવાટ કરતા માલધારીઓ અને તેમના પશુધન માટે ઉનાળાની ઋતુ કસોટી સમાન હોય છે. ગીરમાંથી સ્થળાંતરની પ્રક્રિયા એ એક અનિવાર્ય પરંપરા બની ગઈ છે. દર વર્ષે ઉનાળામાં ફરજિયાતપણે માલધારીઓ હંગામી સ્થળાંતર કરવા મજબુર બને છે. ગીરનો વિશાળ જંગલ વિસ્તાર ગીર સોમનાથ, અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં ફેલાયેલો છે. જંગલમાં અંદાજિત ૫૪ નેસડાઓ આવેલા છે. જેમાંથી મોટાભાગના નેસડાઓ અત્યારથી જ ખાલી ખમ થઈ ગયા છે. જંગલમાં ઘાસચારો ખૂટી પડતાં પશુધનનો નિર્વાહ પડકાર બની જાય છે, ગીરની બોર્ડર પરના ગામડાઓમાં માલધારીઓના ડેરા તંબુપાણી અને ઘાસચારાની અછતને કારણે ગીરના માલધારીઓએ હંગામી સ્થળાંતર કરવું પડે છે. ઉનાળામાં ગીરના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા પાણીના સ્ત્રોતો સૂકાઈ જાય છે. પશુઓ માટે જરૂરી લીલો કે સૂકો ઘાસચારો પણ જંગલમાં ખૂટી પડે છે. ગીરના માલધારીઓ પાસે મુખ્યત્વે ગાય અને ભેંસોનું મોટું પશુધન હોય છે. તેમના જીવનનિર્વાહ અને પશુઓના રક્ષણ માટે તેઓ જંગલ છોડી બહાર નીકળવા મજબૂર બને છે. માલધારીઓ જંગલની બોર્ડર પર આવેલ ગામોમાં અથવા ખેતરોમાં હંગામી ડેરા તંબુ નાખીને રહે છે. ઘણા માલધારીઓ ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લા ના જંગલની બોર્ડર વિસ્તારોમાં ગામડાઓના છેવાડે વસવાટ કરે છે. આ સ્થળાંતર દરમ્યાન માલધારીઓને સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓથી પશુધનને બચાવવા માટે સતત જાગતા રહેવું પડે છે.

## મહાશિવરાત્રી પર્વે સોમનાથ મહાદેવની 25₹ વાળી બિલ્વપૂજા નોંધાવનારા 2 લાખ થી વધુ પરિવારોને ટ્રસ્ટ દ્વારા ભસ્મ , રુદ્રાક્ષ અને નમન પ્રસાદ મોકલવાનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા.૧૩ મહાશિવરાત્રી પર્વે પ્રત્યેક ભક્તને સોમનાથ મહાદેવની પૂજાનો લાભ પ્રાપ્ત થાય તે માટે, શ્રી સોમનાથ ટ્રસ્ટના માન. અધ્યક્ષશ્રી અને દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ માત્ર 25 માં બિલ્વપૂજા સેવા લોન્ચ કરવામાં આવી હતી જે છેલ્લા 3 વર્ષથી ભક્તોમાં વિશેષ પ્રિય બની છે. આ આગવી પહેલને અભૂતપૂર્વ સફળતા મળી છે, જેમા દેશ ભરના 16 લાખથી વધુ ભક્ત પરિવારો એ આજસુધી આ પૂજામાં ભાગ લીધો, જે એક અનોખો વિક્રમ છે.જમ્મુ કાશ્મીરથી લઈ અને કન્યાકુમારી, ગુજરાતથી લઈને મણીપુર અરુણાચલ પ્રદેશ, અને આંદામાન નિકોબાર ટાપુ સુધી દેશભરમાંથી ભક્તોએ વિશેષ બિલ્વપૂજાને અદ્‌ભુત પ્રતિસાદ આપ્યો છે.ભક્તો માટે આ પવિત્ર સેવાના પ્રસાદ તરીકે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભસ્મ, રુદ્રાક્ષ અને બિલ્વપત્ર નમન ભક્તોના ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. મહાશિવરાત્રી 2026માં પૂજા નોંધાવનાર ભક્તો માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભારતીય પોસ્ટ વિભાગ મારફત આ પ્રસાદ વિતરણનો પ્રારંભ કરાયો છે જેથી દેશની 1.55 લાખથી વધુ પોસ્ટ ઓફિસ મારફત આ પ્રસાદ દેશભરના ભક્તો સુધી પહોંચાડવામાં આવશે.આજરોજ સોમનાથ મંદિર ખાતેથી પ્રથમ કવરોનો સમૂહ જેમાં 15 હજાર જેટલા કવરોનુ પ્રસ્થાન શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી દ્વારા કરવામાં આવ્યું. પ્રભાસ પાટણ પોસ્ટ ઓફિસ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયેલ જેમા સુપ્રિટેન્ડન્ટ પોસ્ટ દ્વારા એ આ કવરો સ્વિકારી આ સેવાની શુભ શરૂઆત કરી હતી.

## પોરબંદર શહેરના વીજ ગ્રાહકોને પડતી અનેકવિધ મુશ્કેલીઓ બાબતે રજૂઆત તથા તાત્કાલિક નિવારણ અંગે

પોરબંદર | આમ આદમી પાર્ટી પોરબંદર શહેર પ્રજાના પ્રશ્નોને લઈને હંમેશા સક્રિય રહી છે. હાલ પ્રજામાં વ્યાપક અસંતોષ અને ફરિયાદો જોવા મળી રહી છે. આથી નીચે મુજબના મુદ્દાઓ પર આપનું ધ્યાન દોરવામાં આવે છે જેની નોંધ તાત્કાલિક પણે લેવામાં આવે.

મુખ્ય મુદ્દાઓ

1. સ્માર્ટ મીટરથી બિલ ની રકમ ખૂબ વધી જાય છે અને વપરાશ એટલો જ હોય છે, તો આ મીટરો જે સમસ્યા વાળા છે અને અપાઈ ગયા છે તે મિટરો ને તાત્કાલિક બદલી કરી અને જૂના મીટરો પરત નાખી આપવામાં આવે .નવા મીટરો ફરી ક્યાંય ના નાખવામાં આવે.

2. પીજીવીસીએલ દ્વારા ગ્રાહકોને બિલની રકમ, વીજ કાપ કે મેન્ટેનન્સ અંગે SMS દ્વારા માહિતી આપવામાં આવે છે. પરંતુ વીજદર વધારાની માહિતી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવતી નથી. વીજદર વધે ત્યારે દરેક ગ્રાહકને SMS દ્વારા તેની સ્પષ્ટ માહિતી આપવી જરૂરી છે.

3. અગાઉ ગ્રાહકોને એડવાન્સ બિલ ભરવાની સુવિધા ઉપલબ્ધ હતી, જે હાલમાં બંધ કરવામાં આવી છે. ઘણા લોકો બહારગામ હોવાના કારણે મહિનાઓ સુધી બિલ ભરાઈ શકતું નથી અને પછી એકસાથે વધુ રકમનું બિલ આવે છે અથવા કોઈ પૂર્વ નોટિસ વિના વીજ કાપ કરવામાં આવે છે. આથી એડવાન્સ બિલ ભરવાની સુવિધા ફરી શરૂ કરવામાં આવે.

4. ઘણીવાર બે કે અઢી મહિના પછી બિલ બનાવવામાં આવે છે જેના કારણે યુનિટના સ્લેબ વધી જાય છે અને ગ્રાહકોને વધારે દરે બિલ ચૂકવવું પડે છે. આથી દર મહિને એક નિશ્ચિત તારીખે નિયમિત રીતે બિલ બનાવવાની વ્યવસ્થા કરવામાં આવે.

5. કોન્ટ્રાક્ટ પર રાખેલા કર્મચારીઓ દ્વારા બિલ બનાવવામાં આવે છે, પરંતુ તેમને વીજ તંત્ર અંગે પૂરતી જાણકારી ન હોવાના કારણે ખોટા કે અંદાજિત બિલ બનાવવામાં આવે છે. આથી બિલ બનાવતા તમામ કર્મચારીઓને યોગ્ય તાલીમ આપવામાં આવે અને તાલીમ લીધેલા કર્મચારીઓ દ્વારા જ બિલ બનાવવામાં આવે.

6. પોરબંદર શહેરના ઘણા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો દિવસ દરમિયાન પણ ચાલુ રહેતી જોવા મળે છે, જે વીજ બગાડ અને જાહેર નાણાંનો દુરુપયોગ છે. સ્ટ્રીટ લાઈટોના વીજ બિલનો ખર્ચ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ ભોગવે છે. તેથી જ્યાં આવા બનાવો બને ત્યાં સંબંધિત સંસ્થાના જવાબદાર હોદેદારોની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવામાં આવે અને તેમના સામે શિસ્તભંગની કાર્યવાહી તથા વ્યક્તિગત દંડની વ્યવસ્થા કરવામાં આવે.

# હું તો તમારા આગળ માફી માંગવાને પણ લાયક રહી નથી પુત્ર ના મોત...



અસ્તિત્વ ભાગ :૨૨

- રુપાલી દવે

.... આઇ.સી યુ ની બહાર ના સોફા પરથી ઊભા થઈને બે હાથ જોડીને રડતા રડતા બા બોલ્યાં કે વેવાણ!!હું તો તમારા આગળ માફી માંગવાને પણ લાયક રહી નથી પુત્ર ના મોત નો આરોપ પુત્રવધુ પર નાખીને એનું પતિ ગુમાવ્યા નું દુઃખ સમજી ન શકી.

કદાચકદાચ..ભગવાન પણ મને મારા ક્રૂર વર્તન બદલ માફ કરી શકશે નહીં..

કેવી અભાગણી છું? પુત્ર ની સાથે એ દિવસે પુત્રવધુ ને પણ ગુમાવી દીધી હતી.. જે ભૂલ નું ભાન કલાક માં થવાના બદલે નવ માસ બાદ થયું. મારી પુત્રવધૂ નું પતિ ગુમાવ્યા નું દુઃખ મારું પુત્ર ગુમાવ્યાના દુઃખ કરતા વધારે હતું..

એ દિવસે પતિ ગુમાવ્યા ના દર્દ માં રૂમ ના ખૂણા માં બેભાન અવસ્થા માં આંખો બંધ કરીને બેઠેલ શિવા ને ઢોંગી સમજવાની મારા થી મોટા માં મોટી ભૂલ થઇ હતી..

માફી ને લાયક તો હું કે મારો પરિવાર નથી..

સાડી ના પાલવ થી બા ની આંખ માંથી વ્હેતા આંસુઓ લૂછતા ભીના આવજ માં કુસુમ કાકી એ કહ્યું કે વેવાણ, જે આપણે વિચારતા હોઈએ છીએ એવું થતું હોત તો સારું થાત ને..ધાર્યું ધણી નું જ થાય છેઆપણા હાથ માં રડી ને દુઃખી થવા સિવાઈ કશુજ નથી મહેશ કુમાર ના આકસ્મિક મૃત્યુ ના સમાચાર એ બન્ને પરિવાર માટે આઘાત ના સમાચાર હતા. જુવાન જોધ દીકરો ગુમાવવાનું દુઃખ શું? અમે સમજીએ છીએ.તમે કદાચ નવ માસ બાદ પણ શિવા ની ખબર પૂછવા ન આવ્યા હોત તો અમને બિલકુલ ખરાબ ન લાગત..સાચા સારા નખ માં પણ રોગ વગર ના કાયમ આનંદિત મુદ્રા માં રહેતા મહેશ કુમાર.. હજુ પણ એવું લાગે છે કે એ જુવે છે..બા એ વેવાણ ની વાત માં સુર પુરાવતા કહ્યું કે મને તો નિત્ય "મારી લાડલી બા ક્યાં છૂપાઈ ને બેઠી છો" એના અવાજ ના ભણકારા વાગ્યા કરે છેમેં મારા શરીર ના અંગો કે જીવ ગુમાવ્યા હોત ને તો મને અફસોસ ન થાત પણ મેં મારા કાળજા ના ટુકડા ને ગુમાવ્યો છે એ વાત મારા હદય પર ચીરા પાડી રહી છે..મારા કાળજા નો કટકો ખબર નહી ક્યાં એની બા ને છોડીને ગુમ થઇ ગયો છે દિવસ રાત ચુપચાપ એને મનોમન બોલાવ્યા કરું છું છતાંય એ આવતો નથી..મહેશ ની કુંડળી માં અકસ્માત થી મૃત્યુ લખ્યું હતું એટલે એને બાળપણ થી સાયકલ આવડવા છતાંય એને ચલાવવા દેતી નહતી. મહેશે મોટર સાયકલ ક્યાંથી અને ક્યારે શીખી લીધી એ આજ પણ સમજાતું નહતું. મોટર સાયકલ એ મારા દીકરાનો ભોગ લીધો..જો એ માળનાથ થી શિહોર પરત ફરતી વખતે એસ.ટી માં આવ્યો હોત..તોતો..મારો મહેશ મારે પાસે હોત..

કુસુમ કાકી એ બા નું દર્દ સમજી ને કીધું કે વેવાણ,મહેશ કુમાર તો બધાનો મોહ ત્યજી ને અનંત યાત્રાની સફરે નવ માસ થી નીકળી ગયા છે...પણ..પણ.. શિવા ને લાઈફ ટાઈમ નું એવું ઊંડું દર્દ આપી ને ગયા..મને ભય એ લાગે છે કે જ્યારે પણ શિવા આંખ ખોલશે ત્યારે મહેશકુમાર વિશે પૂછશે તો શું જવાબ આપીશ?

મહેશ કુમાર ના મૃત્યુ ના સમાચાર સાંભળ્યા બાદ એ તુરંત કોમા માં ગયા બાદ નવ માસ થી આંખ ખોલી નથી. કુસુમ કાકી નો હાથ પોતાના હાથમાં લેતા બા એ કહ્યું કે મહેશ અને શિવા નો એકબીજા પ્રત્યેનો લગાવ એવો હતો ને કે ઘણીવાર મને બન્ને ના પ્રેમસંબંધ પર નજર ન પડી જાય એની ચિંતા થતી હતી. મહેશ વગર શિવા કે શિવા વગર મહેશ ક્યારેય ભોજન,નાસ્તો કરતા નહતા. એના બાપુજી તો કાયમ બન્ને ને એક જ થાળી માં સાથે જમતા જોઈને મજાક મજાક માં બોલતા હતા કે તમારા બન્નેનો થાળી ના બચાવ વાળો વીચાર સારો છે.સારું.. સારું મોટીવહુ ને કમ સે કમ એક થાળી તો ઓછી સાફ કરવી પડશે..દીકરો તો ભૂલ ના લીધે ચીર નિંદ્રા માં પોઢી ગયો પણ એની ઘરવાળી ને જીવનભર નું દર્દ આપીને ગયો..એ વાતનું ઊંડું દુઃખ છે ને રહેશે..બિચારી શિવા થી તો ક્યારેય ભૂલ નથી થઈ છતાંય એને અન્ય ના ભૂલની સજા મળી રહી છે..

કુસુમ કાકી બોલ્યાં કે વેવાણ,મહેશ કુમાર ના આકસ્મિક એક્સિડન્ટ ના ગુનેગાર ખુદ એ પણ નથી કદાચ એના ભવિષ્ય નું નિર્માણ આવું લખાયું હશે.. ને એના લીધે શિવા ના નસીબ માં પહાડ જેવું દર્દ લખ્યું હશે.. ત્યારે તો સ્વપ્નેય વિચાર્યું નહતું એવી ઘટના બની ગઇ..

બન્ને વેવાણ વાતો કરીને એકબીજા નું દુઃખ ઓછું કરવા પ્રયત્ન કરી રહ્યા હતા ત્યાં નર્સે એ આનંદિત થતા કહ્યું કે શિવા એ નવ માસ બાદ બેત્રણ વાર આંખ ખોલી ને બંધ કરી,આજ એના શરીર માં પણ હરકત જોવા મળી છે. કુસુમ કાકી ની આંખ માં નર્સ ની વાત સાંભળતા જ આશા ની ચમક આવતા જ એણે નર્સ ને આઇ સી યુ રૂમ અંદર જવાની મંજૂરી માંગી...નર્સે એ કુસુમકાકી ની આંખ માં નવ માસ બાદ ખુશી ની ચમક નિહાળતા કહ્યું કે દસ મિનિટ નો સમય આપું છું પણ દર્દી ડિસ્ટર્બ થવું જોઈએ નહી એટલે રૂમ ની બિલકુલ અવાજ ન કરતા..

આઈ.સી.યુ નાં રૂમમાં મશીન ના સહારે ગાઢ નિંદ્રા માં પોઢેલ શિવા નો અત્યંત ખૂબ સુરત ચહરો સાવ મૂર્જાઈ ને નબળો લાગતો હતો. એનું શરીર બેજાન બની ને પડ્યું હતું માત્ર હદયના ધબકારા ના આધારે જીવતી હતી.. શિવા નું નબળું શરીર પથારી માં માંડ માંડ દેખાતું હતું પુત્રવધુ ની હાલત નિહાળતા જ બાં ના મોઢા માંથી ડૂસકું નીકળી જતા મનોમન બોલ્યાં કે મહેશ ના મૃત્યુ એ શિવા ની દશા હાડપિંજર જેવી કરી નાખી છે...ભગવાન,માફ કરજો શિવા ની આ દશા ની જિમ્મેદાર હું જ છું..

કુસુમ કાકી એ બાં ને પાણી નો ગ્લાસ આપતા કહ્યું કે વારંવાર ખુદ ને આક્ષેપ આપવાનું બંધ કરો એમાં તમારો શું વાંક? તમારી જગ્યા એ કોઈપણ હોત તો એજ કરત જે તમે કર્યું હતું?

આઈ સી યુ ના બેડ પાસેની ચેર પર બેસી ને શિવા નો હાથ પોતાના હાથ માં લેતા બા ધીમે થી ને બોલ્યાં કે જાગી જા બેટા ઘણા દિવસો સૂતી,જલદી જલદી જાગી જા તો

બાં નો અવાજ શિવા ના કાને પડતા જ આંખો ધીમેથી ખોલી ને મહા મહેનતે પૂછ્યું કે 'મહેશ'...ક્યાં?..આ ચમત્કાર જોઈને કુસુમ કાકી હર્ષ ઘેલા થઈને નર્સ ને બોલાવવા રૂમ ની બહાર તરફ જવા નીકળ્યા...

આઇ. સી.યુ બાહર બેઠેલ બાપુજી,મોટા ભાઈ અને ફઈબા ના મનમાં ધ્રાસકો પડતાં ચિંતિત સ્વરે બોલ્યાં કે ભગવાન, ધ્યાન રાખજે..

બાં એ શિવા ના માથે હળવે હળવે હાથ ફેરવતા ખોટું બોલ્યા કે બેટા,મહેશની નોકરી વિદેશ લાગી છે, મારું હાળું મને એ વિદેશી નામ યાદ નથી..આ ખુશ ખબર સાંભળ્યા બાદ એ પાંચ વર્ષ બાદ વતન આવશે એના દુઃખ માં કોમા સરી પડી હતી ને નવ મહિનાથી પથારી માં છો....

તારે લગ્ન પહેલા ભણવું હતું ને લે તને ભગવાને ફરી ભણવાની તક આપી દીધી પાંચ વર્ષ માં તારું ભણવા નું પણ પૂરું થઈ જશે...બાં ની સાંભળી ને શિવા ને એનો પતિ મહેશ જીવે છે એની ખાતરી થતા એ પુનઃ નિંદ્રાધીન થઈ ગઈ..

કુસુમ કાકી એ ડોક્ટર અને નર્સ સાથે રૂમ માં પ્રવેશ્યા ત્યારે શિવા નો હસતો ચહેરો જોઈને આશ્ચર્ય સાથે બાં ને પૂછ્યું કે તમે કલાક માં આવી ને એવું તે શું કર્યું? જે અમે નવ મહિના થી સખત મહેનત કરતા હતા છતાંય પરિણામ શૂન્ય મળતું હતું..

ઊંડો નિસાસો નાખતા બા મનોમન બોલ્યાં કે 'મહેશ' જ શિવા નો પ્રાણ છે મૃત મહેશનું જીવંત રહેવું જ કદાચ શિવા ને જીવાડી શકશે.. શિવા એના અસ્તિત્વની લડાઈ જ મહેશ ને જીવંત રાખી ને જ લડી શકશે...



# દીકરી સાથે દુબઈમાં ફસાયેલી લારા દત્તા ભારત પરત ફરી: ત્યાંની હાલત જોઈને લાગતું નહોતું અમે બચી શકશું

(એજન્સી) મુંબઈ તા.13

મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ વચ્ચે દુબઈમાં ફસાયેલી એક્ટ્રેસ લારા દત્તા અને તેની 14 વર્ષની દીકરી સુરક્ષિત મુંબઈ પરત ફર્યા છે. લારાએ જણાવ્યું કે દુબઈના જેબેલ અલી પોર્ટ નજીક બોમ્બમારાને કારણે સ્થિતિ ચિંતાજનક હતી. સાથે જ એક્ટ્રેસે જણાવ્યું કે તેણે સોશિયલ મીડિયા પર વીડિયો એટલા માટે પોસ્ટ કર્યો, કારણ કે તેને લાગ્યું કે આ તેનો છેલ્લો સંદેશ પણ હોઈ શકે છે. લારા દત્તાએ 4 માર્ચે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક વીડિયો પોસ્ટ કરીને દુબઈમાં પોતાની દીકરી સાયરા સાથે ફસાયેલા હોવાનો અનુભવ શેર કર્યો હતો.

લારા દત્તાએ તાજેતરમાં જણાવ્યું કે તેનું ઘર જેબેલ અલી પોર્ટથી લગભગ 10 કિલોમીટર દૂર છે, જ્યાં સતત બોમ્બમારો થઈ રહ્યો હતો. પરિવાર પાસે પાછા ફરવા માટે તેણે જોખમ ઉઠાવવાનો નિર્ણય કર્યો. લારાએ જણાવ્યું કે તે બે કલાકની યાત્રા કરીને ફુજૈરાહ પહોંચ્યા. તેના એક દિવસ પહેલા જ ફુજૈરાહ પોર્ટ અને ઓઈલ રિફાઈનરી પર પણ હુમલો થયો હતો. આ સફર ખૂબ જ ડરામણી હતી.

લારા દત્તાએ જણાવ્યું કે એરપોર્ટ પર પણ ધડાકાના અવાજો સંભળાઈ રહ્યા હતા અને બધાને આશા હતી કે કોઈ હુમલો ન થાય. તેણે એરલાઈન્સની પણ પ્રશંસા કરી અને કહ્યું કે આ અનુભવની અસર તેની દીકરી પર પડી શકે છે.

લારાએ જણાવ્યું કે- મજાકમાં તેણે ફિલ્મ વેલકમ ટુ ધ જંગલમાં પોતાના કો-સ્ટાર અક્ષય કુમારને કહ્યું કે તેને એવું લાગી રહ્યું હતું, જાણે કે તે ફિલ્મ 'એરલિફ્ટ 2'નો ભાગ હોય. તેણે સોશિયલ મીડિયા પર વીડિયો એક ખાનગી કારણસર શેર કર્યો હતો. તે પોતાની દીકરી સાથે એકલા એક જોખમી યાત્રા પર નીકળવાના હતા અને તે સમયે સ્થિતિને લઈને ઘણી અનિશ્ચિતતા હતી. તેના મનમાં એ પણ વિચાર આવ્યો કે કદાચ આ વીડિયો છેલ્લો મેસેજ હોઈ શકે છે. આ જ કારણોસર તેણે તેને પોસ્ટ કરવાનો નિર્ણય કર્યો.

લારા દત્તા છેલ્લા ત્રણ વર્ષથી દુબઈમાં રહી રહી છે. તેણે જણાવ્યું કે તેની દીકરી ત્યાં એક પ્રખ્યાત ટેનિસ કોચ સાથે ટ્રેનિંગ કરી રહી છે. તે સમયે તેમના પતિ મહેશ ભૂપતિ કામના સંબંધમાં લંડનમાં હતા. વર્કફ્રન્ટની વાત કરીએ તો લારા દત્તા જલ્દી જ અહેમદ ખાનની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'માં જોવા મળશે, જેમાં અક્ષય કુમાર મુખ્ય ભૂમિકામાં છે.

# સૂરજ બડજાત્યાની દીકરી ઈશાના રિસેપ્શનમાં પહોંચ્યો સલમાન

## આમિરનો દીકરા સાથે પોઝ, તબ્બુ-રાની મુખર્જીએ પણ હાજરી આપી ગ્લેમર વધાર્યું









(એજન્સી) મુંબઈ તા.13 ફિલ્મમેકર સૂરજ બડજાત્યાએ ગુરુવારે સાંજે મુંબઈમાં તેમની દીકરી ઈશા અને તેમના પતિ અભિષેકના લગ્નનું રિસેપ્શન હોસ્ટ કર્યું. આ ઈવેન્ટ જુહુના JW મેરિયટ હોટલમાં યોજાઈ હતી અને તેમાં સલમાન ખાન, આમિર ખાન સહિત ઘણા બોલિવૂડ સેલેબ્સ હાજર રહ્યા હતા. સૂરજ બડજાત્યાની દીકરીના રિસેપ્શનમાં વિક્કી કૌશલ, અનિલ કપૂર, અનુપમ ખેર, તબ્બુ, સોનાલી બેન્દ્રે, નીના ગુપ્તા અને બોમન ઈરાની જેવા કલાકારો પહોંચ્યા હતા. ઉપરાંત રાની મુખર્જી, સોનુ સૂદ અને જેકી શ્રોફ જેવા સેલેબ્સ પણ જોવા મળ્યા હતા.

સૂરજ બડજાત્યા પ્રખ્યાત ડિરેક્ટર, પ્રોડ્યુસર અને સ્ક્રીનરાઈટર છે. તે રાજશ્રી પ્રોડક્શન્સના ચેરમેન છે, જેની શરૂઆત તેના દાદા તારાચંદ બડજાત્યાએ કરી હતી. સૂરજે 1989માં 24 વર્ષની ઉંમરે ફિલ્મ 'મૈંને પ્યાર કિયા'થી ડિરેક્શનમાં ડેબ્યૂ કર્યું હતું, જે ખૂબ મોટી હિટ સાબિત થઈ હતી. ફિલ્મ 'મૈંને પ્યાર કિયા' લીડ એક્ટર તરીકે સલમાન ખાનની પહેલી ફિલ્મ હતી. તેમણે 'હમ આપકે હૈં કૌન...!', 'હમ સાથ-સાથ હૈં', 'વિવાહ', 'પ્રેમ રતન ધન પાયો' અને 'ઊંચાઈ' જેવી ફિલ્મો બનાવી. તેમની ફિલ્મોમાં પારિવારિક સંબંધો, ભારતીય પરંપરાઓ અને મૂલ્યો ખાસ કરીને દર્શાવવામાં આવે છે.

# થલપતિ વિજયની 'જન નાયકન'ની OTT ડીલ કેન્સલ



## એમેઝોન પ્રાઈમ વીડિયોએ 120 કરોડનો કોન્ટ્રાક્ટ કેન્સલ કર્યો; સેન્સર વિવાદમાં ફસાઈ છે ફિલ્મ...

(એજન્સી) મુંબઈ તા.13

થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ 'જન નાયકન'ની મુશ્કેલીઓ ફરી એકવાર વધી ગઈ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સેન્સર બોર્ડ સાથે ચાલી રહેલા વિવાદ અને રિલીઝમાં થઈ રહેલા વિલંબને કારણે OTT પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ વીડિયોએ ફિલ્મ સાથેની પોતાની ડીલ રદ કરી દીધી છે. એમેઝોન પ્રાઈમ વીડિયોએ 'જન નાયકન'ના ડિજિટલ રાઈટ્સ માટે લગભગ 120 કરોડ રૂપિયાની ડીલ કરી હતી. ચાહકો છેલ્લા બે મહિનાથી ફિલ્મ રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા છે, પરંતુ અત્યાર સુધી તેની રિલીઝ ડેટ ફાઈનલ થઈ શકી નથી.

હજી સુધી એ સ્પષ્ટ નથી થયું કે ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ ક્યારે મળશે અને તે સિનેમાઘરોમાં ક્યારે રિલીઝ થશે. રિપોર્ટ્સ અનુસાર, આ જ કારણોસર એમેઝોન પ્રાઈમ વીડિયોએ આ ડીલ રદ કરી છે. સામાન્ય રીતે, OTT પ્લેટફોર્મ્સ થિયેટર રિલીઝની તારીખના આધારે જ કરાર કરે છે. 'જન નાયકન'ને શરૂઆતમાં 9 જાન્યુઆરીએ રિલીઝ કરવાનું આયોજન હતું. પરંતુ સેન્સર બોર્ડ (CBFC) એ ફિલ્મના કેટલાક સીન પર વાંધો ઉઠાવ્યો અને તેને હટાવવાનો નિર્દેશ આપ્યો. બોર્ડનું માનવું હતું કે કેટલાક દ્રશ્યો ખૂબ જ સંવેદનશીલ છે. આ પછી, નિર્માતાઓ અને સેન્સર બોર્ડ વચ્ચે વિવાદ વધ્યો અને મામલો કોર્ટ સુધી પહોંચી ગયો. બે મહિનાથી વધુ સમય વીતી ગયા પછી પણ ફિલ્મ અધ્ધરતાલ લટકેલી છે.

વિવાદ ઉકેલવા માટે મેકર્સે કોર્ટમાંથી કેસ પાછો ખેંચ્યો અને રિવાઈઝિંગ કમિટી પાસે પહોંચ્યા. 9 માર્ચે ફિલ્મની સ્ક્રીનિંગ રાખવામાં આવી હતી, પરંતુ છેલ્લી ઘડીએ કમિટીના એક સભ્ય બીમાર પડવાને કારણે તેને રદ કરવી પડી. સ્ક્રીનિંગ રદ થવાથી રિવ્યૂ પ્રક્રિયામાં વધુ વિલંબ થયો છે. વિજયની આ છેલ્લી ફિલ્મ માનવામાં આવી રહી છે. વિજય તમિલગા વેટ્રી કઝગમ (TVK) પાર્ટીના પ્રમુખ છે. તેની પાર્ટીએ માર્ચ-એપ્રિલમાં યોજાનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

તાજેતરમાં વિજયે પોતાની એક્ટિંગ કારકિર્દીમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી. તેણે 33 વર્ષની લાંબી ફિલ્મી કારકિર્દી પછી ફિલ્મોને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો. તેણે આ જાહેરાત મલેશિયામાં ફિલ્મના ઓડિયો લોન્ચ દરમિયાન કરી હતી. હવે તે રાજકારણમાં સંપૂર્ણપણે સક્રિય થશે.



# રશ્મિકા મંદાનાની પ્રાઈવેટ ઓડિયો ક્લિપ લીક...!

(એજન્સી) મુંબઈ તા.13

રશ્મિકા મંદાનાની એક જૂની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા પછી હવે એક્ટ્રેસે આ સમગ્ર મામલે પોતાનું મૌન તોડ્યું છે. રશ્મિકાએ તેને પોતાની પ્રાઈવસીનું ગંભીર ઉલ્લંઘન ગણાવતા કન્ટેન્ટ ફેલાવનારાઓને સખત ચેતવણી આપી છે. તેણે કહ્યું છે કે જો 24 કલાકની અંદર આ ઓડિયોને હટાવવામાં નહીં આવે, તો તે કાનૂની કાર્યવાહી કરવા માટે મજબૂર થશે.

એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી નોટ શેર કરતા જણાવ્યું કે જે ઓડિયો ક્લિપ ઈન્ટરનેટ પર વાઈરલ થઈ રહી છે, તે લગભગ આઠ વર્ષ જૂની એક ખાનગી વાતચીતનો ભાગ લાગે છે. રશ્મિકા મુજબ, આ વાતચીત કદાચ તેમાં સામેલ લોકોની જાણકારી કે સહમતિ વિના રેકોર્ડ કરવામાં આવી હતી અને હવે તેને ખોટા સંદર્ભમાં ફેલાવવામાં આવી રહી છે.

પોતાના નિવેદનમાં રશ્મિકાએ એમ પણ કહ્યું કે છેલ્લા ઘણા વર્ષોથી તે મીડિયાના એક ભાગ અને સોશિયલ મીડિયા પર કેટલાક લોકો દ્વારા ફેલાવવામાં આવતી ખોટી માહિતી,ટ્રોલ અને ટાર્ગેટેડ એટેકનો સામનો કરી રહી છે. તેણે લખ્યું કે ઘણીવાર તેની વાતોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી, જ્યારે કેટલાક નિવેદનો એવા પણ તેના નામથી ફેલાવવામાં આવ્યા જે તેણે ક્યારેય આપ્યા જ નહોતા.

રશ્મિકાએ જણાવ્યું કે અત્યાર સુધી તેમણે આ બધી વાતોને અવગણવી જ વધુ સારી સમજી હતી અને ચૂપ રહેવાનું પસંદ કર્યું હતું, પરંતુ છેલ્લા 24 કલાકમાં જે બન્યું તેણે તેમની સહનશીલતાની સીમા પાર કરી દીધી. તેણે કહ્યું કે આ વિવાદને કારણે તેના પરિવાર અને નજીકના લોકોને પણ બિનજરૂરી પરેશાની ભોગવવી પડી રહી છે, જ્યારે તેનો આ મામલા સાથે કોઈ સંબંધ નથી.

# અહાન પાંડેને એક્શન મૂવી કર્ણ સહિત બે ફિલ્મોની ઓફર



## રાકેશ ઓમ પ્રકાશ મહેરા કર્ણ બનાવશેઃ આનંદ એલ રાય પણ અહાનના સંપર્કમાં : અનીત પછી અહાને ઓફરોના અનેક દાવા

મુંબઈ : 'સૈયારા'ની સફળતા પછી જેમ અનીત પડ્ડાને નવી નવી ફિલ્મોની ઓફર મળી રહી હોવાના દાવા થાય છે તેવું જ અહાન પાંડેની બાબતમાં પણ બની રહ્યું છે. હવે એવી વાત ચર્ચાઈ રહી છે કે અહાનને આનંદ એલ રાય તથા રાકેશ ઓમ પ્રકાશ મહેરાએ પણ ફિલ્મોની ઓફર આપી છે.

અહાન પાંડેને આનંદ એલ રાયની ફિલ્મનો વિષય પસંદ પડયો છે. જોકે તે પૂરી સ્ક્રિપ્ટ વાંચ્યા પછી જ નિર્ણય લેશે. રાકેશ ઓમ પ્રકાશ મહેરા એક્શન ફિલ્મ 'કર્ણ' બનાવી રહ્યા છે. તેમણે પણ અહાનને ઓફર કરી હોવાનું કહેવાય છે.

ઉલ્લેખનીય છે કે અહાને હજુ સાતત્યપૂર્ણ સફળતા મેળવવાની બાકી છે. અત્યારે તેના નામે એક જ ફિલ્મ 'સૈયારા'ની સફળતા બોલે છે. બોલિવુડમાં અગાઉ કુમાર ગૌરવ સહિતના અનેક હિરો પહેલી ફિલ્મની સફળતા પછી ખોવાઈ ગયાના દાખલા છે.

# વિક્કી કૌશલની મહાવતારનું શૂટિંગ જુલાઈથી શરૂ થશે



મુંબઈ : વિક્કી કૌશલની ફિલ્મ 'મહાવતાર'નું શૂટિંગ આગામી જુલાઈમાં શરુ થવાની સંભાવના છે. વિક્કી કૌશલ આ ફિલ્મમાં ભગવાન પરશુરામની ભૂમિકા ભજવવાનો છે.

દિગ્દર્શક અમર કૌશિકે પ્રી પ્રોડક્શન પૂર્ણ કરી લીધું છે. તેઓ હવે શૂટિંગ શરુ કરવાની તૈયારીમાં છે. વિક્કી કૌશલને પાત્રને અનુરુપ લૂક ધારણ કરવા તથા તાલીમ લેવા પણ જણાવી દેવાયું છે. જોકે, વિક્કી હાલ સંજય લીલા ભણશાળીની 'લવ એન્ડ વોર'નાં શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મનું શૂટિંગ ધાર્યા કરતાં વધારે લંબાઈ ગયું છે. આ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થાય તે પછી જ વિક્કી 'મહાવતાર' માટે તારીખો ફાળવી શકશે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## જિંદાલ પેન્થર પોલો વિજય સાથે સિઝનનો શાનદાર પ્રારંભ

● નોઈડામાં શાનદાર રમતનું પ્રદર્શન જોવા મળ્યું



(એજન્સી) નોઈડા । તા. 13

ઉત્તર પ્રદેશના નોઈડામાં સ્થિત જિંદાલ પોલો એસ્ટેટ ખાતે રમાઈ રહેલા પ્રતિષ્ઠિત 'કાર્લોસ ગ્રાસિડા મેમોરિયલ કપ'માં જિંદાલ પેન્થર ટીમે વિજયી શિરોપાવ મેળવ્યો છે. પોતાની પ્રથમ મેચમાં જ આક્રમક રમત બતાવીને જિંદાલ પેન્થરે યંગસ્ટર્સની ટીમને ૧૦-૪ ના મોટા સ્કોરથી હરાવી દીધી હતી. આ જીત સાથે જ પેન્થરે ટૂર્નામેન્ટમાં પોતાની દાવેદારી મજબૂત કરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આખી મેચ દરમિયાન જિંદાલ પેન્થરની રણનીતિ સામે વિરોધી ટીમ લાચાર જણાતી હતી. આ ભવ્ય વિજયના અસલી હીરો આર્જેન્ટિનાના સ્ટાર ખેલાડી જુઆન ગ્રિસ ઝાવાલેટા રહ્યા હતા. ઝાવાલેટાએ મેદાન પર અદભૂત કૌશલ્ય બતાવતા એકલા હાથે ૮ ગોલ ફટકારીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. મીડિયા અહેવાલ મુજબ, પ્રથમ ચક્કરમાં સાવચેતીભરી શરૂઆત કર્યા બાદ બીજા ચક્કરમાં ઝાવાલેટાએ ૪ ગોલ કરીને યંગસ્ટર્સની ડિફેન્સ લાઈનને વેરવિખેર કરી નાખી હતી. રાંશય પુરોહિતે પણ બે મહત્વના ગોલ કરીને ટીમની લીડને મજબૂત બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.

## વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ માં સુમિત અંતીલનો ગોલ્ડન થ્રો



નવી દિલ્હી | વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સમાં ભારતીય ખેલાડીઓએ પોતાનું શાનદાર પ્રદર્શન જાળવી રાખતા ગુરુવારે મેડલની હેલી લાવી દીધી હતી. સતત બે વાર પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ જીતનાર ભાલા ફેંક ખેલાડી સુમિત અંતીલે અપેક્ષા મુજબ જ પોતાનું વર્ચસ્વ સાબિત કરતા ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. સુમિતે ૬૯.૨૫ મીટરના પ્રચંડ થ્રો સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જેની સાથે જ ભારતે જેવલિન થ્રો ઈવેન્ટમાં ત્રણેય મેડલ જીતીને ક્લીન સ્વીપ કર્યું હતું. હરિયાણાના સોનીપતથી આવતા ૨૭ વર્ષીય સુમિતે પોતાની જીત બાદ જણાવ્યું હતું કે, "આ ઓફ-સીઝન હોવા છતાં મને આટલા સારા થ્રોની અપેક્ષા નહોતી.

## ઈન્ડિયન વેલ્સ ટેનિસ સેમીફાઈનલ માં અલ્કારાઝની શાનદાર એન્ટ્રી



ઈન્ડિયન વેલ્સ | ટેનિસની દુનિયામાં અત્યારે એક જ નામનો દબદબો જોવા મળી રહ્યો છે અને તે છે - કાર્લોસ અલ્કારાઝ. સ્પેનના આ ૨૨ વર્ષીય યુવા સ્ટારે ઈન્ડિયન વેલ્સના મેદાન પર પોતાનું પ્રભુત્વ જાળવી રાખતા કેમેરોન નોરીને હરાવીને સતત પાંચમા વર્ષે સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શુક્રવારે રમાયેલા ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં અલ્કારાઝે નોરીને ૬-૩, ૬-૪ થી હરાવીને ૨૦૨૬ની સીઝનમાં પોતાનો અજેય રેકોર્ડ ૧૬-૦ પર પહોંચાડી દીધો છે. ગયા નવેમ્બરમાં પેરિસ માસ્ટર્સમાં મળેલી હારનો બદલો લેતા અલ્કારાઝે મેદાન પર અદભૂત રમત બતાવી હતી. નોરીની વિશિષ્ટ શૈલી અને તેના ભારે ફોરહેન્ડ સામે સંઘર્ષ કર્યા હોવાનું સ્વીકારતા અલ્કારાઝે જણાવ્યું હતું કે, "તેની સામે રમવું હંમેશા પડકારજનક હોય છે, પરંતુ મેં મારી આક્રમક રમત જાળવી રાખી હતી." પ્રથમ સેટમાં ૪-૨ થી પાછળ રહ્યા બાદ અલ્કારાઝે જોરદાર વાપસી કરી ૩૧ મિનિટમાં સેટ પોતાના નામે કર્યો હતો.

# IPL ક્રિકેટર મેચ ફિક્સિંગ મામલે આઈસીસીની મોટી કાર્યવાહી



(એજન્સી) દુબઈ/બાર્બાડોસ । તા. 13

ક્રિકેટના મેદાનમાં શિસ્ત અને પ્રામાણિકતા જાળવવા માટે ICC એ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર અને ભૂતપૂર્વ આઈપીએલ ખેલાડી જેવોન સેલ્સને ભ્રષ્ટાચાર વિરોધી નિયમોના ભંગ બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. સેલ્સ સામે વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રમાયેલી 'બિમ ૧૦' લીગમાં મેચોના પરિણામો અને રમતની સ્થિતિને અયોગ્ય રીતે પ્રભાવિત કરવાનો ગંભીર આરોપ છે.

માત્ર ખેલાડી જ નહીં, પરંતુ આ કાવતરામાં સામેલ ટાઈટન્સ ટીમના માલિક ચિત્તરંજન રાઠોડ અને ટીમ અધિકારી ટ્રેવોન ગ્રિફિથ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ત્રણેય વ્યક્તિઓ પર ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કાવતરામાં મેચ ફિક્સિંગ માટે ખેલાડીઓને ઉશ્કેરવા અને તપાસ એજન્સીઓને સહયોગ ન આપવા જેવા ગંભીર મુદ્દાઓ સામેલ છે.

જેવોન સેલ્સ ભારતીય ચાહકો માટે જાણીતું નામ છે, કારણ કે તેણે વર્ષ ૨૦૧૮ માં આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) નું પ્રતિનિધિત્વ કર્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, સેલ્સે અંડર-૧૯ સ્તરે વેસ્ટ ઈન્ડિઝની ટીમનું નેતૃત્વ કર્યું હોવા છતાં, તે ક્યારેય રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવી શક્યો ન હતો. હવે આ ભ્રષ્ટાચારના કેસને કારણે તેની કારકિર્દી પર કાયમી કલંક લાગવાની ભીતિ સેવાઈ રહી છે. ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે પણ આ મામલે આઈસીસી સાથે મળીને તપાસ તેજ કરી છે.

આઈસીસીએ ત્રણેય આરોપીઓને પોતાનો પક્ષ રજૂ કરવા માટે ૧૪ દિવસનો સમય આપ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો તેઓ નિર્ધારિત સમયમાં સંતોષકારક જવાબ નહીં આપી શકે, તો તેમના પર કાયમી પ્રતિબંધ પણ લાદવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પણ અમેરિકાના ખેલાડી એરોન જોન્સ સામે આવી જ કાર્યવાહી કરવામાં આવી હતી. ક્રિકેટની રમતને ભ્રષ્ટાચાર મુક્ત રાખવા માટે આઈસીસી હવે કોઈપણ સ્તરે બાંધછોડ કરવા તૈયાર નથી.

# ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટ માં સ્વિતોલિનાનો ધમાકો



(એજન્સી) મેક્સિકો સિટી । તા. 13

ટેનિસ જગતના પ્રતિષ્ઠિત ઈન્ડિયન વેલ્સ ટુર્નામેન્ટમાં ગુરુવારે એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો. યુક્રેનની સ્ટાર ખેલાડી એલિના સ્વિતોલિનાએ વિશ્વની બીજા નંબરની ખેલાડી ઈગા સ્વિયાતેકને હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. અત્યંત રોમાંચક રહેલા આ મુકાબલામાં સ્વિતોલિનાએ ૬-૨, ૪-૬, ૬-૪ થી જીત મેળવી હતી. સાત વર્ષ બાદ પ્રથમ વખત આ ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પહોંચેલી સ્વિતોલિનાએ પોતાની રમતથી સાબિત કરી દીધું છે કે તે હજુ પણ ચેમ્પિયન બનવાની ક્ષમતા ધરાવે છે.

મેચની શરૂઆતથી જ સ્વિયાતેક લયમાં જણાતી નહોતી. તેણે પાંચ ડબલ ફોલ્ટ કરીને પોતાની મુશ્કેલીઓમાં વધારો કર્યો હતો, જેનો ફાયદો ઉઠાવીને સ્વિતોલિનાએ પ્રથમ સેટ માત્ર ૩૮ મિનિટમાં જીતી લીધો હતો. બીજા સેટમાં સ્વિયાતેકે વાપસી કરી હતી, પરંતુ અંતિમ અને નિર્ણાયક સેટમાં સ્વિતોલિનાએ પોતાની પકડ મજબૂત રાખી હતી. વિજય બાદ સ્વિતોલિનાએ જણાવ્યું હતું કે, "ઈગા સામે રમવું હંમેશા પડકારજનક હોય છે અને તેની લડાયક ભાવનાને કારણે મારે મારી ક્ષમતા કરતા પણ વધુ જોર લગાવવું પડ્યું હતું."

વિશ્વની નંબર વન ખેલાડી આરીના સબાલેન્કાએ કેનેડાની ૧૯ વર્ષીય વિક્ટોરિયા મ્બોકોને ૭-૬, ૬-૪ થી હરાવીને અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું છે. સબાલેન્કાએ સ્વીકાર્યું હતું કે યુવા ખેલાડીઓ આજે ખૂબ જ હિંમતપૂર્વક રમી રહ્યા છે. પુરુષોના વર્ગમાં પણ ચોથા ક્રમના એલેક્ઝાન્ડર ઝ્વેરેવે આર્થર ફિલ્સને ૬-૨, ૬-૩ થી પરાજય આપ્યો હતો. હવે સેમીફાઈનલમાં ઝ્વેરેવનો સામનો વિશ્વના બીજા નંબરના ખેલાડી જેનિક સિનર સામે થશે, જેણે અમેરિકાના લર્નર ટિએનને માત્ર એક કલાકમાં ૬-૧, ૬-૨ થી હરાવી દીધો હતો. આ ટુર્નામેન્ટ ભારતીય ચાહકો માટે પણ ખાસ છે, કારણ કે યુકી ભામ્બરીએ પ્રથમ વખત એટીપી માસ્ટર્સ ૧૦૦૦ ની સેમીફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો છે.

# એશિયન કપ ભારતીય મહિલા ફૂટબોલ તૈયારીનો AIFF બચાવ



(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ઓસ્ટ્રેલિયામાં રમાયેલા એએફસી (AFC) મહિલા એશિયન કપ ૨૦૨૬ માં ભારતીય ટીમનું અભિયાન નિરાશાજનક રીતે સમાપ્ત થયું છે. ગ્રુપ સ્ટેજની ત્રણેય મેચોમાં હાર બાદ ટીમ બહાર ફેંકાઈ ગઈ છે, પરંતુ અખિલ ભારતીય ફૂટબોલ ફેડરેશન (AIFF) એ ટીમના નબળા પ્રદર્શન છતાં તેમની તૈયારીઓનો જોરદાર બચાવ કર્યો છે. એશિયન કપ ૨૦૨૬ ભારતીય મહિલા ફૂટબોલ તૈયારી અંગે સવાલ ઉઠતા ફેડરેશને દાવો કર્યો છે કે ખેલાડીઓને પૂરતું એક્સપોઝર અને તાલીમ આપવામાં આવી હતી. જોકે, મેદાન પરના પરિણામો કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે, જ્યાં ભારત વિયેતનામ, જાપાન અને ચાઈનીઝ તાઈપેઈ સામે પરાસ્ત થયું હતું.

એઆઈએફએફના નેશનલ ટીમ ડિરેક્ટર સુબ્રત પાલે તૈયારીઓને "વ્યાપક" ગણાવતા જણાવ્યું કે ભારતીય ટીમે વિદેશમાં આશરે ૪૮ દિવસ વિતાવ્યા હતા. આ સમયગાળા દરમિયાન ટીમે તુર્કીમાં ૬ અને ઓસ્ટ્રેલિયામાં ૨ મેચ રમી હતી. આ ઉપરાંત દુબઈ અને શિલોંગમાં પણ ખાસ કેમ્પ યોજવામાં આવ્યા હતા. સુબ્રત પાલના જણાવ્યા મુજબ, ખેલાડીઓએ કુલ ૬૭ દિવસ તૈયારી કરી હતી, જેમાં ૧૩ આંતરરાષ્ટ્રીય અને ૧૭ ક્લબ મેચોનો સમાવેશ થાય છે. તેમ છતાં, જાપાન સામેની ૦-૧૧ ની હાર સાબિત કરે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ફૂટબોલનો સંઘર્ષ હજુ ઘણો લાંબો છે.

ટુર્નામેન્ટ શરૂ થવાના માત્ર ૪૮ કલાક પહેલા ભારતીય છાવણીમાં કિટ વિવાદ સર્જાયો હતો. ખેલાડીઓને નબળી ગુણવત્તાના અને ખોટા માપના જેર્સી આપવામાં આવ્યા હોવાના અહેવાલ બાદ ભારે ટીકા થઈ હતી. એઆઈએફએફ કિટ વિવાદ અને તપાસ અંગે ફેડરેશનના ડેપ્યુટી સેક્રેટરી જનરલ એમ. સત્યનારાયણે જણાવ્યું કે આ મામલે સીબીઆઈના નિવૃત્ત અધિકારી દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ખેલાડીઓએ પત્ર લખીને યોગ્ય કિટની માંગણી કરવી પડી હતી, જે ફેડરેશનના વ્યવસ્થાપન પર ગંભીર સવાલો ઊભા કરે છે.

### કોચની નિમણૂક અને વ્યુહરચના

એશિયન કપના બે મહિના પહેલા જ કોસ્ટા રિકાના અમેલિયા વાલ્વર્ડેને મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ટેકનિકલ ડાયરેક્ટર સાબિર પાશાએ આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે ડ્રેસિંગ રૂમમાં અમેલિયા જેવા અનુભવી કોચની જરૂર હતી, જેઓ અગાઉ બે વિશ્વકપમાં કોચિંગ આપી ચૂક્યા છે. જોકે, ટૂંકા ગાળામાં કોચ બદલવાથી ટીમની એકતા અને વ્યુહરચના પર શું અસર પડી, તે હવે વિશ્લેષણનો વિષય છે. ચાઈનીઝ તાઈપેઈ સામેની ૩-૧ ની હારમાં મનીષા કલ્યાણના શાનદાર ગોલ સિવાય ભારત ખાસ કંઈ પ્રભાવ પાડી

# ભારતીય રમતગમત સમાચાર અપડેટ બોક્સિંગમાં ભારતનો દબદબો



(એજન્સી) ચેન્નાઈ/બેંગકોક । તા. 13

વૈશ્વિક રમતગમત ક્ષેત્રે ભારતીય યુવા પ્રતિભાઓએ ફરી એકવાર પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું છે. બેંગકોકમાં રમાઈ રહેલા 'વર્લ્ડ બોક્સિંગ ફ્યુચર્સ કપ'ના પાંચમા દિવસે ભારતીય યુવા બોક્સરોએ શાનદાર દેખાવ કરતા અનેક વિજય હાંસલ કર્યા છે. શુક્રવારે જાહેર થયેલા અહેવાલો મુજબ, ભારતની ગુજંન, રાધામણી અને ચંદ્રિકા પુજારીએ પોતપોતાની બાઉટમાં હરીફ ખેલાડીઓને ધૂળ ચટાડીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

૪૮ કિલોગ્રામ કેટેગરીમાં ગુજંને પોલેન્ડની ખેલાડી સામે ૫-૦ થી એકતરફી વિજય મેળવ્યો હતો. બીજી તરફ, ૫૭ કિલોગ્રામમાં રાધામણી લોન્ગજામે એક્વાડોરની મેલિસા સામે એટલી પ્રચંડ રમત બતાવી કે રેફરીએ પ્રથમ રાઉન્ડમાં જ રમત રોકવી પડી હતી. ૫૦ કિલોગ્રામ કેટેગરીમાં ચંદ્રિકા પુજારીએ અમેરિકાની રૂબી લોપેઝને સર્વસંમતિથી પરાજય આપ્યો હતો. જોકે, પ્રાચી અને પ્રિયાંશ સેહરાવતને હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ભારતીય ટીમનો એકંદર દેખાવ અત્યંત પ્રોત્સાહક રહ્યો છે.

ટેનિસના મેદાનમાં પણ ભારતીય ખેલાડીઓએ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. કોલકાતામાં રમાઈ રહેલી આઈટીએફ એમ૨૫ ટૂર્નામેન્ટમાં સિદ્ધાર્થ રાવતે ચેક રિપબ્લિકના ડોમિનિક પાલાનને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. તેની સાથે કરણ સિંહ અને મનીષ સુરેશકુમાર પણ અંતિમ આઠમાં પહોંચવામાં સફળ રહ્યા છે. મોટરસ્પોર્ટ ક્ષેત્રે પણ મહત્વના સમાચાર છે; મદ્રાસ મોટર સ્પોર્ટ્સ ક્લબ આ વર્ષે સપ્ટેમ્બરમાં ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્ટિંગ સ્પર્ધાનું આયોજન કરશે, જે ભારતીય રેસિંગ પ્રેમીઓ માટે મોટી ભેટ સાબિત થશે.

### ભવિષ્યના સુરક્ષા, વિકાસનું વિઝન

ભારતીય ખેલાડીઓ જે રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રગતિ કરી રહ્યા છે, તે દેશમાં રમતગમત પ્રત્યે બદલાતા અભિગમનું પ્રતીક છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી સમયમાં ભારતમાં ક્રોસકાર નેશનલ ચેમ્પિયનશિપ અને ૪x૪ ઓફ-રોડ સુવિધાઓ પણ શરૂ કરવામાં આવશે. રમતગમતના આ વિવિધ ક્ષેત્રોમાં ભારતની વધતી જતી સક્રિયતા દર્શાવે છે કે ભારત હવે માત્ર ક્રિકેટ જ નહીં પરંતુ તમામ રમતોમાં વિશ્વશક્તિ બનવા તરફ પ્રયાણ કરી રહ્યું છે.

# વેસ્ટ ઈન્ડીઝ મહિલા ટી૨૦ ટીમ જાહેર ઓસ્ટ્રેલિયા સામે જંગ

## મહિલા ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ ની તૈયારી તેજ બની



(એજન્સી) સેન્ટ જોન્સ । તા. 13

આગામી જૂન મહિનામાં ઈંગ્લેન્ડની ધરતી પર રમાનારા આઈસીસી મહિલા ટી૨૦ વિશ્વકપ પૂર્વે ક્રિકેટ જગતમાં ગરમાવો આવી ગયો છે. વેસ્ટ ઈન્ડીઝ ક્રિકેટ બોર્ડ દ્વારા પ્રવાસી ઓસ્ટ્રેલિયા સામેની આગામી ઘરઆંગણે રમાનારી મહત્વની શ્રેણી માટે ૧૫ સભ્યોની મજબૂત વેસ્ટ ઈન્ડીઝ મહિલા ટી૨૦ ટીમ જાહેર કરવામાં આવી છે. આ શ્રેણી ૧૯ માર્ચથી ૨૩ માર્ચ દરમિયાન સેન્ટ વિન્સેન્ટના આર્નોસ વેલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે. વિશ્વની નંબર વન ટીમ ઓસ્ટ્રેલિયા સામેનો આ મુકાબલો કેરેબિયન મહિલાઓ માટે તેમની શક્તિ અને નબળાઈઓ ચકાસવાની સુવર્ણ તક સાબિત થશે. હેલી મેથ્યુઝના નેતૃત્વમાં મેદાનમાં ઉતરનારી આ ટીમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જે ટીમ મેનેજમેન્ટનો ખેલાડીઓ પરનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.

આગામી શ્રેણી માટે જાહેર કરાયેલી ટીમમાં અનુભવ અને જોશનો અનોખો સંગમ જોવા મળે છે. કેપ્ટન હેલી મેથ્યુઝ ઉપરાંત સ્ટેફની ટેલર અને વિસ્ફોટક બેટર ડિઆન્દ્રા ડોટિન જેવી વરિષ્ઠ ખેલાડીઓની હાજરીથી ટીમનું મનોબળ મજબૂત બન્યું છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા સામે ક્રિકેટ શ્રેણી પ્રારંભ થતાની સાથે જ વિકેટકીપર-બેટર શેમેન કેમ્પબેલ પર સૌની નજર રહેશે, કારણ કે તે આ શ્રેણી દરમિયાન પોતાની ૧૫૦મી આંતરરાષ્ટ્રીય ટી૨૦ મેચ રમીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા જઈ રહી છે. બીજી તરફ, ૧૭ વર્ષીય એબોની બ્રેથવેટ અને ૧૯ વર્ષીય જહઝારા ક્લેક્સ્ટન જેવી યુવા ખેલાડીઓ ટીમમાં નવી ઉર્જા ફૂંકશે.

વેસ્ટ ઈન્ડીઝના મુખ્ય કોચ શેન ડિટ્ઝે આ પ્રવાસને અત્યંત મહત્વનો ગણાવ્યો છે. તેમણે મીડિયા અહેવાલ દ્વારા જણાવ્યું હતું કે, વિશ્વની સર્વશ્રેષ્ઠ ટીમ સામે રમવું એ હંમેશા એક પડકાર હોય છે. મહિલા ટી૨૦ વિશ્વકપ ૨૦૨૬ ની તૈયારી ના ભાગરૂપે આ શ્રેણી અમને એ સમજવામાં મદદ કરશે કે અમે ક્યાં ઉભા છીએ. શ્રીલંકા સામેની તાજેતરની શ્રેણીમાં વેસ્ટ ઈન્ડીઝે શાનદાર લડત આપી હતી, જેમાં હેલી મેથ્યુઝની શાનદાર સદીએ ટીમને ક્લીન સ્વીપથી બચાવી હતી. હવે ઓસ્ટ્રેલિયા જેવી દિગ્ગજ ટીમ સામે પોતાની ધરતી પર રમવું એ માનસિક રીતે પણ ખેલાડીઓ માટે મોટી કસોટી હશે.

જીત // મેહદી હસન મિરાજની કેપ્ટનશિપમાં વિજય મળ્યો

# બાંગ્લાદેશ પાકિસ્તાન વનડે શ્રેણીમાં ટાઈગર્સનો ગર્જના



(એજન્સી) ઢાકા । તા. 13

ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ વનડે મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને ધૂળ ચટાડીને ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. બાંગ્લાદેશ પાકિસ્તાન વનડે શ્રેણી ૨૦૨૬ ના પ્રથમ મુકાબલામાં યજમાન ટીમે ૮ વિકેટે ભવ્ય વિજય મેળવીને ત્રણ મેચોની શ્રેણીમાં ૧-૦ ની લીડ મેળવી લીધી છે. બાંગ્લાદેશના કેપ્ટન મેહદી હસન મિરાજે આ જીતને ભવિષ્યના રોડમેપ માટે અત્યંત મહત્વની ગણાવી છે. આ જીત માત્ર એક મેચનો વિજય નથી, પરંતુ આઈસીસી વનડે રેન્કિંગમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા તરફનું એક મક્કમ ડગલું છે. પાકિસ્તાની બેટરો બાંગ્લાદેશી બોલરો સામે તરેહ-તરેહના સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા, જેનો પૂરેપૂરો લાભ યજમાન ટીમે ઉઠાવ્યો હતો.

કેપ્ટન મેહદી હસન મિરાજે આ વિજય બાદ સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, શ્રેણીની શરૂઆત શાનદાર રહી છે. મેહદી હસન મિરાજની કેપ્ટનશિપમાં વિજય મળવાની સાથે તેણે પોતાની વ્યક્તિગત બોલિંગ ફોર્મ પર પણ ખુશી વ્યક્ત કરી હતી. મિરાજે સ્વીકાર્યું હતું કે તે છેલ્લા કેટલાક સમયથી ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો હતો, પરંતુ તેણે બીસીએલની મેચોમાં સખત મહેનત કરીને પોતાની લય પાછી મેળવી છે. મીડિયા અહેવાલ મુજબ, મિરાજે પોતાની બોલિંગ પર જે નિયંત્રણ મેળવ્યું છે, તેણે પાકિસ્તાની મધ્યક્રમને ધરાશાયી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

૧૧૫ રનના સાધારણ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમે માત્ર ૧૫.૧ ઓવરમાં જ જીત હાંસલ કરી લીધી હતી. આ આસાન જીતનો શ્રેય ઓપનર બેટર તાંઝિદ હસન તમીમને જાય છે. તમીમે માત્ર ૪૨ બોલમાં ૭ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૬૭ રનની અણનમ ઈનિંગ રમી હતી. તેની આક્રમક બેટિંગ સામે પાકિસ્તાની બોલરો લાચાર દેખાતા હતા. આ ઝડપી વિજયથી બાંગ્લાદેશના રન રેટમાં પણ ધરખમ સુધારો થયો છે, જે આઈસીસી રેન્કિંગમાં મોટો ઉલટફેર લાવવા માટે પૂરતો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાની કેપ્ટન બાબર આઝમ આ શરમજનક હાર બાદ ટીમની બેટિંગ લાઈન-અપથી અત્યંત નારાજ જોવા મળ્યા હતા. ચાલુ વર્ષે બાંગ્લાદેશને અનેક વનડે મેચો રમવાની છે, ત્યારે પાકિસ્તાન જેવી મજબૂત ટીમ સામેની આ જીતથી ટીમના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. મિરાજે જણાવ્યું હતું કે, આ વર્ષે દરેક પોઈન્ટ્સ મહત્વના છે. આઈસીસી વનડે ટીમ રેન્કિંગમાં ઉપર આવવા માટે આ શ્રેણી જીતવી અનિવાર્ય છે. પાકિસ્તાન જેવી ઉચ્ચ ક્રમાંકિત ટીમને હરાવવાથી બાંગ્લાદેશને રેટિંગ પોઈન્ટ્સમાં મોટો ફાયદો થશે. નિષ્ણાતો માને છે.

લાવણ્યા ગુપ્તાની શાનદાર લીડ સાથે વાપસી

# વુમન્સ પ્રો ગોલ્ફ ટૂર્નામેન્ટમાં લાવણ્યાની આશ્ચર્યજનક આગેકૂચ



(એજન્સી) ગુરુગ્રામ । તા. 13

હરિયાણાના ગુરુગ્રામમાં સ્થિત પ્રતિષ્ઠિત ડીએલએફ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે રમાઈ રહેલી વુમન્સ પ્રો ગોલ્ફ ટૂર્નામેન્ટના પાંચમા તબક્કામાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. બીજા રાઉન્ડના અંતે એમેચ્યોર ખેલાડી લાવણ્યા ગુપ્તાએ શાનદાર રમત બતાવીને અગાઉની લીડર જસ્મીન શેખરને પાછળ છોડી દીધી છે. લાવણ્યાએ બીજા દિવસે ઈવન પાર ૭૨નો સ્કોર કરીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે, જ્યારે જસ્મીન ૨-ઓવર ૭૪ના સ્કોર સાથે બીજા ક્રમે સરકી ગઈ છે.

મેચ દરમિયાન બંને ખેલાડીઓ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. લાવણ્યાએ સમગ્ર રાઉન્ડમાં ત્રણ બર્ડી અને ત્રણ બોગી સાથે સ્થિરતા જાળવી રાખી હતી. બીજી તરફ, જસ્મીને પણ ત્રણ બર્ડી ફટકારી હતી, પરંતુ ૧૫મા હોલ પર થયેલી 'ડબલ બોગી' તેને મોંઘી પડી હતી. મીડિયા અહેવાલ મુજબ, હાલ લાવણ્યા કુલ ૧૪૩ના સ્કોર સાથે મેદાનમાં સૌથી આગળ છે. જ્યારે દુર્ગા નિત્તુર બીજા દિવસે ૭૦ના સર્વશ્રેષ્ઠ સ્કોર સાથે ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે.

આ સપ્તાહની ટૂર્નામેન્ટમાં કુલ ૫૭ ખેલાડીઓએ ભાગ લઈને એક નવો રેકોર્ડ બનાવ્યો છે, જેઓ ૧૮ લાખ રૂપિયાની ઈનામી રકમ માટે એકબીજાને ટક્કર આપી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નેહા ત્રિપાઠી અને ત્વેસા મલિક જેવી સ્ટાર ખેલાડીઓ માટે આ કોર્સ પડકારજનક સાબિત થયો છે અને તેઓ સંયુક્ત રીતે ૧૪મા ક્રમે છે. ૩૬ હોલ બાદ થયેલા કટમાં ૪૧ ખેલાડીઓએ અંતિમ રાઉન્ડ માટે ક્વોલિફાય કર્યું છે.

હવે સૌની નજર શુક્રવારે રમાનારા અંતિમ અને નિર્ણાયક રાઉન્ડ પર છે. લાવણ્યા, જસ્મીન અને દુર્ગા વચ્ચે માત્ર એક-એક શોટનું અંતર હોવાથી મેચ અત્યંત રોમાંચક તબક્કે પહોંચી છે.

ઈરાની નૌસેનાની જહાજો પર સખ્ત પાબંદી લાગુ થઈ, મોજતબા ખામેનેઈની અમેરિકાને ખુલ્લી ચેતવણી મળી

# હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન તેલ સંકટથી દુનિયામાં હાહાકાર

(એજન્સી) તેહરાન । તા. 13

મધ્ય પૂર્વના રણમેદાનમાં ચાલી રહેલા સંઘર્ષે હવે સમુદ્રી માર્ગો પર કબજો જમાવવાની દિશા પકડી છે. હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન તેલ સંકટ ૨૦૨૬ ના કારણે સમગ્ર વિશ્વમાં ઉર્જા પુરવઠો ખોરવાય તેવી ભીતિ સેવાઈ રહી છે. ઈરાનના વિદેશ મંત્રાલયે એક ચોંકાવનારો આદેશ બહાર પાડીને જાહેર કર્યું છે કે, હવેથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા પ્રત્યેક જહાજે ઈરાની નેવીની પૂર્વ મંજૂરી લેવી પડશે. “અમારી નેવી સાથે વાત કરો અને જહાજ લઈ જાઓ” - ઈરાનનું આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે હવે આ વ્યૂહાત્મક જળમાર્ગ પર તેહરાનનું સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપિત થઈ ગયું છે. ખાસ કરીને તેલ અને કુદરતી ગેસનું વહન કરતા ટેન્કરો માટે આ રસ્તો હવે લોખંડી પહેરા હેઠળ આવી ગયો છે.

ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતાના અવસાન બાદ સત્તાના સૂત્રો સંભાળનાર મોજતબા ખામેનેઈએ પિતા કરતા પણ વધુ કઠોર વલણ અપનાવ્યું છે. સત્તા સંભાળ્યા બાદ આપેલા પ્રથમ નિવેદનમાં જ તેમણે અમેરિકા અને ઈઝરાયેલને લપડાક લગાવી છે. મોજતબા ખામેનેઈની અમેરિકાને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો પશ્ચિમી દેશો પોતાની આક્રમકતા નહીં છોડે તો હોર્મુઝ સ્ટ્રેટને કાયમ માટે બંધ કરી દેવામાં આવશે. આ નિવેદને સાબિત કરી દીધું છે કે અમેરિકાનો ઈરાનને નબળું પાડવાનો દાવો તદ્દન ખોટો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈરાની નેવીએ આ વિસ્તારમાં પોતાની મિસાઈલ બોટ અને સબમરીન તૈનાત કરી દીધી છે, જે કોઈપણ પશ્ચિમી જહાજને અટકાવવા સજ્જ છે.

ઈરાનના આ કડક વલણની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજાર પર પડી છે. ક્રૂડ ઓઈલના ભાવમાં રાતોરાત ઉછાળો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ ડૉલર પ્રતિ બેરલની સપાટી વટાવી ચૂક્યું છે, જ્યારે WTI ક્રૂડ ૯૫ ડૉલર પર પહોંચ્યું છે. ઈરાને અત્યંત ઉદ્ધતાઈપૂર્વક નિવેદન આપ્યું છે કે તેઓ તેલના ભાવને ૨૦૦ ડૉલર સુધી લઈ જવાની તાકાત ધરાવે છે. મીડિયા અહેવાલ



મુજબ, જો હોર્મુઝ સ્ટ્રેટ લાંબો સમય બંધ રહેશે તો વિશ્વના અનેક દેશોમાં પેટ્રોલ-ડીઝલના રેશનિંગની સ્થિતિ પેદા થઈ શકે છે. ઈરાને હાલમાં કોઈપણ પ્રકારના યુદ્ધ વિરામનો ઈનકાર કરીને સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી તેમની શરતો માનવામાં નહીં આવે ત્યાં સુધી આ દરિયાઈ પાબંદીઓ ચાલુ રહેશે.

ભારત પોતાની ઉર્જા જરૂરિયાતો માટે મોટાભાગે અખાતી દેશો પર નિર્ભર છે, તેથી ઈરાની નૌસેનાની જહાજો પર સખ્ત પાબંદી ભારત માટે માથાના દુખાવા સમાન બની છે. હોર્મુઝ સ્ટ્રેટ ભારત માટે જીવનરેખા સમાન છે કારણ કે આપણો મોટાભાગનો તેલ પુરવઠો આ જ માર્ગે આવે છે. ભારત સરકારે પોતાના વ્યાપારી જહાજોની સુરક્ષિત અવરજવર માટે તેહરાન સાથે ઉચ્ચ સ્તરીય વાતચીત શરૂ કરી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ભારતીય વિદેશ મંત્રાલય ઈરાનને વિનંતી કરી રહ્યું છે કે ભારતીય ધ્વજ ધરાવતા જહાજોને આ વિવાદમાંથી બાકાત રાખવામાં આવે. જોકે, ઈરાને સ્પષ્ટ કર્યું છે કે ઈઝરાયેલ કે અમેરિકા સાથે સંબંધ ધરાવતા કોઈપણ રાષ્ટ્રના જહાજને અહીંથી પસાર થવા દેવામાં આવશે નહીં. નિષ્ણાતો માને છે કે જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરશે તો તે વૈશ્વિક અર્થતંત્ર માટે આત્મઘાતી સાબિત થશે. દુનિયાનું ૨૦ ટકા તેલ આ સાંકડી પટ્ટીમાંથી પસાર થાય છે. હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન તેલ સંકટ ૨૦૨૬ એ માત્ર યુદ્ધનો મુદ્દો નથી પણ ગરીબ અને વિકાસશીલ દેશોના અર્થતંત્રને પાયમાલ કરનારી ઘટના બની શકે છે.

ઓપરેશન એપિક ફ્યુરી અમેરિકા નુકસાન વધ્યું

# અમેરિકા મિલિટરી વિમાન દુર્ઘટનાથી ઈરાકમાં હાહાકાર

(એજન્સી) બગદાદ/વોશિંગ્ટન । તા. 13

મધ્ય પૂર્વમાં ઈરાન વિરુદ્ધ છેડાયેલા ભીષણ જંગમાં અમેરિકાની સૈન્ય તાકાતને અત્યાર સુધીનો સૌથી મોટો આંચકો લાગ્યો છે. અમેરિકા મિલિટરી વિમાન દુર્ઘટના ૨૦૨૬ અંતર્ગત ઈરાકના આકાશમાં ઉડાન ભરી રહેલું અમેરિકન વાયુસેનાનું અત્યંત મહત્વનું KC-135 રિફ્યુલિંગ વિમાન રહસ્યમય રીતે ક્રેશ થયું છે. આ વિમાન હવામાં જ લડાયક વિમાનોમાં ઈંધણ ભરવાની ક્ષમતા ધરાવતું હતું, જેનો નાશ થવો એ અમેરિકા માટે વ્યુહાત્મક રીતે મોટું નુકસાન માનવામાં આવે છે. આ દુર્ઘટના બાદ વિમાનમાં સવાર ૫ ક્રૂ મેમ્બર્સ લાપતા છે, જેમના માટે અત્યારે ઈરાકના રેતાળ વિસ્તારોમાં યુદ્ધના ધોરણે શોધખોળ ચાલી રહી છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, આ દુર્ઘટના ‘ઓપરેશન એપિક ફ્યુરી’ દરમિયાન ઘટી છે. આ ઓપરેશન ખાસ કરીને ઈરાનની સૈન્ય ક્ષમતાઓને નષ્ટ કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

### ટેકનિકલ ખામી કે કોઈ અન્ય કારણ?

અમેરિકન સૈન્ય પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું છે કે આ અકસ્માત દુશ્મન દેશના કોઈ હુમલા અથવા ભૂલથી થયેલા ‘ફ્રેન્ડલી ફાયર’ ને કારણે થયો નથી. પ્રાથમિક તપાસમાં ટેકનિકલ ખામી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, યુદ્ધના માહોલ વચ્ચે મધ્ય પૂર્વ જંગમાં અમેરિકાને ફટકો પડવો એ મનોવૈજ્ઞાનિક રીતે પણ નુકસાનકારક છે. મીડિયા અહેવાલ મુજબ, ટ્રમ્પ પ્રશાસને આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. શું આ વિમાનના મેન્ટેનન્સમાં કોઈ ભૂલ હતી કે પછી રેતાળ વાતાવરણને કારણે એન્જિનમાં ખામી સર્જાઈ, તે તપાસનો મુખ્ય વિષય છે.

ઓપરેશન એપિક ફ્યુરી અમેરિકા નુકસાન ની યાદીમાં આ પ્લેન ક્રેશ સૌથી મોટી ઘટના છે.

## ન્યૂઝ બ્રીફ

### ભારતની ડિજિટલ પરિવર્તન યાત્રા જોઈ વિશ્વ સ્તબ્ધ બન્યું



જિનીવા । સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારતે વૈશ્વિક મંચ પર પોતાની તકનીકી ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે. ભારતના પશ્ચિમ વિભાગના સચિવ સિબી જ્યોર્જે સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર હાઈ કમિશનર વોલ્કર તુર્ક સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં વૈશ્વિક માનવાધિકાર મુદ્દાઓ અને ભારતમાં ચાલી રહેલા ડિજિટલ ક્રાંતિના અભિયાન વિશે ગહન ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નવી દિલ્હીમાં યોજાયેલા તાજેતરના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ શિખર સંમેલનના પરિણામો વિશે પણ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં, સિબી જ્યોર્જે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) ના ડાયરેક્ટર જનરલ ગિલ્બર્ટ એફ. હોંગબો સાથે પૃથક બેઠક યોજી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ ચર્ચામાં ભારતના શ્રમ કાયદાઓમાં થયેલા તાજેતરના સુધારાઓ અને અસંગઠિત ક્ષેત્રના કામદારોને ડિજિટલ માધ્યમથી સશક્ત બનાવવાના પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

### ઉત્તર કોરિયા-ચીન રેલ સેવા છ વર્ષ બાદ ફરી શરૂ થઈ



બેઈજિંગ/પ્યોંગયાંગ | એશિયાના બે મહત્વપૂર્ણ પડોશી દેશો વચ્ચે છ વર્ષના લાંબા વિરામ બાદ ફરી એકવાર રેલવેના પૈડાં ગતિમાન થયા છે. શુક્રવારે વહેલી સવારે ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગથી નીકળેલી પેસેન્જર ટ્રેન બેઈજિંગ રેલવે સ્ટેશન પર પહોંચતા જ એક નવો ઈતિહાસ રચાયો છે. જાન્યુઆરી ૨૦૨૦માં કોરોના મહામારીને કારણે બંધ કરવામાં આવેલી આ સેવાઓ ફરી શરૂ થતા બંને દેશો વચ્ચેના સંબંધોમાં નવી ઉષ્મા જોવા મળી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ ટ્રેન આજે સવારે ૮:૪૦ કલાકે બેઈજિંગ આવી પહોંચી હતી. ચીનના સત્તાવાર રેલવે ઓપરેટરના જણાવ્યા અનુસાર, આ ટ્રેન સેવા બેઈજિંગ અને ડેન્ડોંગને પ્યોંગયાંગ સાથે જોડશે. આનાથી માત્ર સરહદ પારની મુસાફરી જ સરળ નહીં બને, પરંતુ બંને દેશો વચ્ચે આર્થિક, વ્યાપારી અને સાંસ્કૃતિક વિનિમયને પણ મોટું પ્રોત્સાહન મળશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ચીન એ ઉત્તર કોરિયાનું સૌથી મોટું વ્યાપારી ભાગીદાર છે, તેથી આ રેલ સેવા આર્થિક દૃષ્ટિએ અત્યંત મહત્વની માનવામાં આવે છે. પ્યોંગયાંગથી ઉપડેલી ટ્રેનની સાથોસાથ બેઈજિંગથી પણ એક ટ્રેન રવાના થઈ છે જે આજે સાંજે ઉત્તર કોરિયા પહોંચશે. ચીન સ્ટેટ રેલવે ગ્રુપ દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, બેઈજિંગ અને પ્યોંગયાંગ વચ્ચે આ આંતરરાષ્ટ્રીય પેસેન્જર ટ્રેન અઠવાડિયામાં ચાર વખત દોડશે.

રશિયા અને ચીનનો ઈરાનને ટેકો જાહેર થયો, વૈશ્વિક સત્તાઓ વચ્ચે મહાયુદ્ધના એંધાણ વર્તાયા

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ US ઈરાન જંગમાં રશિયા ચીન કૂદ્યા

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 13

વિશ્વની સર્વોચ્ચ સંસ્થા ગણાતી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અત્યારે એક ભયાનક રાજદ્વારી અખાડામાં ફેરવાઈ ગઈ છે. રશિયા અને ચીન ખુલ્લેઆમ ઈરાનના સમર્થનમાં મેદાનમાં ઉતરી આવતા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અમેરિકા ઈરાન જંગ હવે માત્ર બે દેશો વચ્ચેનો સંઘર્ષ મટીને વૈશ્વિક સત્તાઓ વચ્ચેનો સીધો મુકાબલો બની ગયો છે. અમેરિકાએ બે સપ્તાહ પૂર્વે ઈરાન વિરુદ્ધ છેડેલી સૈન્ય કાર્યવાહીને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કર્યો ત્યારે રશિયા અને ચીને તેને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન ગણાવીને વોશિંગ્ટનને ભીંસમાં લીધું હતું. મધ્ય પૂર્વની અશાંતિ હવે ન્યૂયોર્કના મુખ્યાલયમાં તીખી શબ્દયુદ્ધમાં પરિણમી છે, જેનાથી દુનિયા પર ત્રીજા વિશ્વયુદ્ધના કાળા વાદળો ઘેરાયા છે. બેઠક દરમિયાન ઈરાન પરના પ્રતિબંધોની દેખરેખ રાખતી ‘૧૭૩૭ કમિટી’ની કાર્યવાહી રોકવા માટે રશિયા અને ચીને પોતાની પૂરી તાકાત લગાવી દીધી હતી. જોકે, મતદાનની પ્રક્રિયામાં તેમને પછડાટ ખાવી પડી હતી. કુલ ૧૫ સભ્ય દેશોમાંથી ૧૧ દેશોએ ચર્ચા ચાલુ રાખવાની તરફેણમાં મતદાન કર્યું, જે અમેરિકા માટે એક મોટી રાજદ્વારી જીત માનવામાં આવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકાના પ્રતિનિધિ માઈક વોલ્ટ્ઝે અત્યંત આક્રમક વલણ અપનાવતા આક્ષેપ કર્યો હતો કે રશિયા અને ચીન માત્ર પોતાના સ્વાર્થ ખાતર એક આતંકી માનસિકતા ધરાવતા દેશને બચાવવાનું પાપ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જો ઈરાન પર હથિયાર અને મિસાઈલ ટેકનોલોજીનો પ્રતિબંધ નહીં લાદવામાં આવે તો પરિણામો ભયાનક આવશે.



### રશિયાનો અમેરિકા પર પલટવાર

રશિયા અને ચીનનો ઈરાનને ટેકો મળતા જ મોસ્કોના રાજદૂત વાસિલી નેબેન્ઝિયાએ અમેરિકાની દલીલોના ધજાગરા ઉડાડ્યા હતા. તેમણે સભામાં ગાજતા અવાજે કહ્યું કે અમેરિકા માત્ર કાલ્પનિક ભય ઊભો કરીને સાર્વભૌમ દેશો પર હુમલા કરી રહ્યું છે. રશિયાએ ભારપૂર્વક જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય પરમાણુ એજન્સી પાસે એવા કોઈ જ પુરાવા નથી જે સાબિત કરી શકે કે ઈરાન પરમાણુ બોમ્બ બનાવી રહ્યું છે. આ દલીલે અમેરિકાના દાવાઓ સામે મોટા સવાલો ઊભા કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયાએ અમેરિકાને ચેતવણી આપી છે કે જો તે મધ્ય પૂર્વમાં પોતાની દાદાગીરી ચાલુ રાખશે તો રશિયા મૂકપ્રેક્ષક બનીને બેસી રહેશે નહીં.

### ચીનની મધ્યસ્થી અને અમેરિકાની આક્રમકતા

ચીનના પ્રતિનિધિ ફૂ કાંગે પણ આ સંઘર્ષમાં પોતાનો પક્ષ રાખતા જણાવ્યું કે, વોશિંગ્ટનની સૈન્ય જિદને લીધે શાંતિ મંત્રણાના તમામ દરવાજા બંધ થઈ ગયા છે. ચીને આક્ષેપ કર્યો કે અમેરિકા લોકશાહી અને સુરક્ષાના નામે એશિયામાં પોતાની સત્તા જમાવવા માંગે છે. બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પીછેહઠ કરવાના કોઈ સંકેત આપ્યા નથી. તેમણે ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સમુદાયને ચેતવતા કહ્યું કે જો ઈરાન પોતાના પરમાણુ મનસૂબામાં સફળ થશે તો તે ઈઝરાયેલ સહિત સમગ્ર વિશ્વની સુરક્ષા માટે સૌથી મોટો ખતરો સાબિત થશે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ “પીસ થ્રુ સ્ટ્રેન્થ” (શક્તિ દ્વારા શાંતિ) ની નીતિ પર અડગ રહેશે.

### વૈશ્વિક અર્થતંત્ર પર લટકતી તલવાર

આ રાજકીય ખેંચતાણની સીધી અસર અત્યારે તેલના ભાવો પર જોવા મળી રહી છે. વૈશ્વિક સત્તાઓ વચ્ચે મહાયુદ્ધના એંધાણ ને કારણે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા છે. નિષ્ણાતો માને છે કે જો સંયુક્ત રાષ્ટ્રમાં આ વિવાદનો ઉકેલ નહીં આવે, તો આવનારા દિવસોમાં વિશ્વને આર્થિક મંદીનો સામનો કરવો પડી શકે છે. રશિયા અને ચીન જે રીતે ઈરાનનું કવચ બનીને ઉભા રહ્યા છે, તેનાથી પશ્ચિમી દેશોમાં ભારે ચિંતા પેઠી છે.

સંયુક્ત સૈન્ય અભ્યાસ વ્યૂહરચના તૈયાર

# ભારત-US સંરક્ષણ ભાગીદારી હવે નવી ઊંચાઈ પર પહોંચશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારત અને અમેરિકા વચ્ચેના લશ્કરી સંબંધોને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ્ય સાથે આજે રાજધાનીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. ભારતીય ભૂમિસેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને અમેરિકન આર્મી પેસિફિકના ડેપ્યુટી કમાન્ડિંગ જનરલ જોએલ બી. વોવેલ વચ્ચે યોજાયેલી આ મુલાકાતમાં સંરક્ષણ ક્ષેત્રે પરસ્પર સહયોગ વધારવા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ બેઠક ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધતા જતા સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે અત્યંત મહત્વની સાબિત થશે.

આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન બંને દેશોના સૈન્ય વડાઓએ સંયુક્ત સૈન્ય અભ્યાસ દ્વારા કાર્યક્ષમતા વધારવા અને વિવિધ લશ્કરી ક્ષેત્રોમાં સહકારના નવા આયામો શોધવા પર ભાર મૂક્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, બંને સેનાઓ વચ્ચે વ્યૂહાત્મક સમાનતા અને ઉભરતા સુરક્ષા પડકારોનો સામનો કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતાને ફરીથી દોહરાવવામાં આવી હતી.

ભારતીય સેના માત્ર અમેરિકા જ નહીં, પરંતુ અન્ય મિત્ર દેશો સાથે પણ વ્યાવસાયિક લશ્કરી સહયોગ વધારી રહી છે. તાજેતરમાં જ ૯ અને ૧૦ માર્ચના રોજ ભારતીય અને ફ્રેન્ચ આર્મી વચ્ચે પણ વિશેષ તજજ્ઞોની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં આધુનિક યુદ્ધના પાસાઓ, ખાસ કરીને લાંબા અંતરના પ્રહારો અને ચોક્કસ શસ્ત્ર પ્રણાલીઓના ઉપયોગ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આવા આદાનપ્રદાનથી ભારતીય સૈન્યને વૈશ્વિક સ્તરે અદ્યતન યુદ્ધનીતિઓ સમજવામાં મોટી મદદ મળી રહી છે. ભારત હાલમાં પોતાની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવા માટે બહુપક્ષીય અભિગમ અપનાવી રહ્યું છે.

# ભારતના માનવાધિકાર પ્રગતિ અહેવાલ થી સંયુક્ત રાષ્ટ્ર પ્રભાવિત

(એજન્સી) જિનીવા । તા. 13

સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે યોજાયેલા સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૬૧માં સત્રમાં ભારતના માનવાધિકાર અને વિકાસના મોડેલની જોરદાર પ્રશંસા કરવામાં આવી છે. ‘સંભાળી ટ્રસ્ટ’ના પ્રતિનિધિ સ્ટેફની એન્જો બ્રાન્કોએ સામાન્ય ચર્ચા દરમિયાન ભારપૂર્વક જણાવ્યું હતું કે, માનવાધિકારની સાચી પ્રગતિ માત્ર કાગળ પરના કાયદાઓથી નહીં, પરંતુ સામાન્ય નાગરિકના જીવનમાં આવતા વાસ્તવિક પરિવર્તનથી માપવી જોઈએ. પાયાના સ્તરે થતી સામાજિક પહેલો આજે વંચિત સમુદાયોના જીવનમાં મોટો બદલાવ લાવી રહી છે.

રાજસ્થાનમાં કાર્યરત સામાજિક સંસ્થાઓના કાર્યનો ઉલ્લેખ કરતા બ્રાન્કોએ જણાવ્યું કે, સમુદાય આધારિત કાર્યક્રમો દ્વારા મહિલાઓ અને બાળકીઓના જીવનનું નવનિર્માણ થઈ રહ્યું છે.



‘સખીયોં કી બાડી’ જેવા કેન્દ્રોને કારણે શાળા છોડી દેનારી દીકરીઓ ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ પહેલોથી દીકરીઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે અને તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી રહી છે, જે માનવાધિકારના અમલીકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

# પશ્ચિમ એશિયા દરિયાઈ કટોકટી વચ્ચે લાલ એલર્ટ જાહેર કરાયું

લંડન/તેહરાન | પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના ૧૪મા દિવસે સ્થિતિ વધુ સ્ફોટક બની છે. બ્રિટિશ દરિયાઈ સુરક્ષા એજન્સી દ્વારા જારી કરાયેલા અહેવાલ મુજબ, અરબી અખાત, ઓમાનનો અખાત અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સુરક્ષાની સ્થિતિ અત્યંત નાજુક અને જોખમી બની છે. ૧લી માર્ચથી અત્યાર સુધીમાં ૨૦ થી વધુ વેપારી જહાજો અને દરિયાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલાની ઘટનાઓ નોંધાઈ છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલાઓ કોઈ ચોક્કસ દેશને બદલે સમગ્ર દરિયાઈ પરિવહનને ખોરવી નાખવાના હેતુથી કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ મોટા વ્યાપારી જહાજો - ઝેફાયરોસ, સેફસી વિષ્ણુ અને સોર્સ બ્લેસિંગ પર હુમલા કરવામાં આવ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ હુમલાઓ દર્શાવે છે કે હવે માત્ર જહાજો જ નહીં પરંતુ બંદરો અને દરિયાઈ ઉર્જા મથકો પણ જોખમમાં છે.

# ભારત અમેરિકા પેક્સ સિલિકા તકનીકી યુગમાં નવા અધ્યાયનો પ્રારંભ

### સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભાગીદારી પર ભાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં અત્યારે એક યુગ પરિવર્તન આવી રહ્યું છે. વર્ષોથી જે મહત્વ ‘તેલ’ (ઓઈલ) નું હતું, હવે તે સ્થાન ‘ડેટા’ અને ‘ચિપ્સ’ લઈ રહ્યા છે. આ પરિવર્તનને અમેરિકાએ ‘પેક્સ સિલિકા’ (Pax Silica) તરીકે ઓળખાવ્યું છે. ભારતની મુલાકાતે આવેલા અમેરિકી રાજદૂત સર્જીયો ગોરે ‘ઈન્ડિયા ટુડે કોન્ક્લેવ ૨૦૨૬’ માં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, પેક્સ સિલિકા તકનીકી યુગ માં વોશિંગ્ટન નવી દિલ્હીને તેના સૌથી વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે જોઈ રહ્યું છે. આ નિવેદન માત્ર રાજદ્વારી શિષ્ટાચાર નથી, પરંતુ આગામી દાયકાઓમાં વિશ્વની સત્તા કોના હાથમાં રહેશે તેનો સ્પષ્ટ નિર્દેશ છે.

રાજદૂત સર્જીયો ગોરે પોતાના સંબોધનમાં ઐતિહાસિક સંદર્ભ ટાંકીને કહ્યું કે, અગાઉના સમયમાં વિશ્વની ભૂ-રાજનીતિ તેલના પુરવઠા અને તેના ભાવોની આસપાસ ફરતી હતી. દરેક દેશ તેલ માટે ચિંતિત રહેતો હતો. જોકે, ભવિષ્યની વ્યૂહાત્મક હરીફાઈ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સેમિકન્ડક્ટર્સ અને અદ્યતન ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આધારિત હશે. સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભાગીદારી એ નવા ‘પેક્સ સિલિકા’ માળખાનો પાયો છે. અમેરિકાએ આ માળખા માટે પસંદ કરેલા પ્રથમ ૧૦ દેશોમાં ભારતનો સમાવેશ એ બંને લોકશાહી દેશો વચ્ચેના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ભારત સરકારની સેમિકન્ડક્ટર મિશન અને પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) જેવી યોજનાઓએ વૈશ્વિક દિગ્ગજોનું ધ્યાન ખેંચ્યું છે.

હુમલો | કંદહાર ઓઈલ ડેપો પર પાકિસ્તાની એટેક થયો, દક્ષિણ એશિયામાં સરહદી યુદ્ધની સ્થિતિ ગંભીર બની

# પાક. અફઘાનિસ્તાન હવાઈ હુમલાથી યુદ્ધ ફાટી નીકળ્યું

(એજન્સી) કાબુલ/ઈસ્લામાબાદ । તા. 13

રમઝાનના પવિત્ર મહિનાના અંતિમ ચરણમાં જ્યારે સમગ્ર મુસ્લિમ જગત ઈદની તૈયારીઓમાં મશગૂલ છે, ત્યારે દક્ષિણ એશિયાના બે પાડોશી દેશો વચ્ચે લોહીની હોળી ખેલાઈ રહી છે. પાકિસ્તાન અફઘાનિસ્તાન હવાઈ હુમલા ૨૦૨૬ અંતર્ગત પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વને પડકારીને કાબુલ, કંદહાર અને પક્તિયા જેવા મુખ્ય શહેરોમાં ભીષણ બોમ્બમારો કર્યો છે. આ હુમલામાં વ્યૂહાત્મક લક્ષ્યાંકોની સાથે સાથે રહેણાંક વિસ્તારોને પણ નિશાન બનાવવામાં આવ્યા હોવાથી સમગ્ર પંથકમાં ભય અને આક્રોશનો માહોલ છે. આંતરરાષ્ટ્રીય સરહદ પર વધતા તણાવને જોતા નિષ્ણાતો માને છે કે હવે બંને દેશો વચ્ચે પૂર્ણ કક્ષાનું યુદ્ધ અનિવાર્ય જણાઈ રહ્યું છે.

હુમલાની સૌથી વધુ અસર કંદહારમાં જોવા મળી છે, જ્યાં પાકિસ્તાની ફાઈટર જેટ્સે કંદહાર એરપોર્ટ નજીક આવેલા ‘કામ એર’ ના વિશાળ ફ્યુઅલ ડેપો પર મિસાઈલ હુમલા કર્યા છે. કંદહાર ઓઈલ ડેપો પર



પાકિસ્તાની એટેક માત્ર એક સૈન્ય કાર્યવાહી નથી, પરંતુ અફઘાનિસ્તાનની આર્થિક કરોડરજ્જુ તોડવાનો પ્રયાસ છે. નોંધનીય છે કે આ ડેપો સંયુક્ત રાષ્ટ્રના માનવીય સહાય માટેના વિમાનોને પણ ઈંધણ પૂરું પાડતું હતું. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ હુમલાના કારણે લાગેલી ભીષણ આગને કાબૂમાં લેવા માટે કલાકો સુધી મથામણ કરવી પડી હતી અને લાખો લિટર ઈંધણ બળીને ખાખ થઈ ગયું છે.

તાલિબાન સરકારના પ્રવક્તાએ આ હુમલાને ‘ક્રૂર આક્રમકતા’ અને ‘યુદ્ધ અપરાધ’ ગણાવ્યો છે. અફઘાનિસ્તાનના સત્તાવાર નિવેદન મુજબ, પાકિસ્તાની વિમાનોએ નિર્દોષ મહિલાઓ અને બાળકોના જીવ લીધા છે. દક્ષિણ એશિયામાં સરહદી યુદ્ધની સ્થિતિ અત્યારે એવી છે કે તાલિબાને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવાની કસમ ખાધી છે. અગાઉના ઘર્ષણમાં અફઘાન દળોએ દાવો કર્યો હતો કે તેમણે ૧૯ પાકિસ્તાની સૈન્ય ચોકીઓ પર કબજો જમાવી લીધો હતો અને ૫૫ પાકિસ્તાની સૈનિકોને ઠાર કર્યા હતા.

આ વખતે પણ તાલિબાન દ્વારા સરહદ પર ટેન્કો અને ભારે આર્ટિલરીની તૈનાતી વધારી દેવામાં આવી છે. બીજી તરફ, પાકિસ્તાન સરકારે આ હુમલાઓને સ્વબચાવની કાર્યવાહી ગણાવી છે. પાકિસ્તાની સૂચના મંત્રીએ મીડિયા અહેવાલ દ્વારા દાવો કર્યો છે કે તેઓ અફઘાનિસ્તાનમાં સક્રિય એવા આતંકી જૂથોના ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યા છે જે પાકિસ્તાનમાં અસ્થિરતા ફેલાવી રહ્યા છે.

# પશ્ચિમ એશિયા યુદ્ધ સ્થિતિ ભયાનક તૂર્કિયેમાં સાયરન વાગ્યા

(એજન્સી) તેહરાન/અંકારા । તા. 13

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના આજે ૧૪મા દિવસે સ્થિતિ અત્યંત વિસ્ફોટક બની છે. તૂર્કિયેમાં આવેલા વ્યૂહાત્મક ઈન્સિરલિક એરબેઝ પર શુક્રવારે વહેલી સવારે સતત પાંચ મિનિટ સુધી ભયસૂચક સાયરન વાગતા સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ છવાઈ ગયો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મધ્ય પૂર્વમાં મિસાઈલ હુમલાની ભીતિ વચ્ચે નાટોના આ મહત્વપૂર્ણ મથકને સંપૂર્ણ સજ્જ કરી દેવામાં આવ્યું છે, જ્યાં મોટી સંખ્યામાં અમેરિકન સૈનિકો અને પરમાણુ શસ્ત્રો તૈનાત છે.

તૂર્કિયેના અદાના શહેર નજીક આવેલા એરબેઝ પર સવારે ૩:૨૫ કલાકે ગુંજેલી સાયરન પાછળનું સત્તાવાર કારણ હજુ જાહેર કરાયું નથી, પરંતુ ચાર દિવસ પહેલા જ અહીં ઈરાની બેલેસ્ટિક મિસાઈલને તોડી પાડવામાં આવી હતી. બીજી તરફ, ઈરાકમાં થયેલા ડ્રોન હુમલામાં ફ્રાન્સના એક સૈનિકનું મોત નીપજ્યું છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે તણાવમાં વધારો કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા તેહરાનના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવીને હવાઈ હુમલા કરવામાં આવતા મોટી જાનહાનિની આશંકા છે. ઈરાનના નવા સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈની તબિયત અંગે અત્યારે મોટા રહસ્યો સર્જાયા છે. સૂત્રો દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે ૨૮ ફેબ્રુઆરીના હુમલામાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે અને હાલ કોમામાં છે. બ્રિટિશ સમાચાર સંસ્થાઓના મતે તેમનો એક પગ કાપી નાખવો પડ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે ૮ માર્ચે પદભાર સંભાળ્યા બાદ તેઓ હજુ સુધી જનતાની સામે આવ્યા નથી, જેનાથી સત્તા પરિવર્તનના આ સમયમાં અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ છે.

# માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આસામમાં ₹૭,૧૪૭ કરોડના અનેક રેલ્વે વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

(એજન્સી) માલીગાંવ | તા.13

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ગુવાહાટીથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આસામના કોકરાઝારમાં અનેક રેલ્વે માળખાગત વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ કામાખ્યા-ચારલાપલ્લી અમૃત ભારત એક્સપ્રેસ, ગુવાહાટી-ન્યૂ જલપાઈગુડી એક્સપ્રેસ અને નારંગી-અગરતલા એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપી, જે ઉત્તરપૂર્વમાં રેલ કનેક્ટિવિટીને વધુ વેગ આપશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ નવી ટ્રેનો અને પ્રોજેક્ટ્સ વેપાર અને પર્યટનને વેગ આપશે અને વિદ્યાર્થીઓ અને દર્દીઓ માટે ખૂબ ફાયદાકારક રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે સુધારેલ સંદેશાવ્યવહાર અને લોજિસ્ટિક્સ મુખ્ય બજારો સુધી પહોંચવાની સુવિધા આપશે, જેનાથી પ્રાદેશિક અર્થતંત્રને ફાયદો થશે. પ્રધાનમંત્રીએ આસામના લોકોને વિવિધ અન્ય પરિવર્તનશીલ વિકાસ પ્રોજેક્ટ્સના શુભારંભ બદલ અભિનંદન પણ આપ્યા. કોકરાઝારના બાસબારી ખાતે પ્રસ્તાવિત 256 કરોડના ખર્ચે નવી રેલ્વે વેગન POH ફેક્ટરીનો શિલાન્યાસ કરતી વખતે, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ ફેક્ટરી રેલ્વેના રોલિંગ સ્ટોક જાળવણી માળખાને મજબૂત



બનાવશે, કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો કરશે અને પ્રદેશમાં રોજગારીની તકો ઉભી કરશે. પ્રધાનમંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે રેલ્વે અને સ્થાનિક અર્થતંત્રના એકંદર વિકાસને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભૂટાનને જોડતી આગામી રેલ લિંક અને સ્ટેશનનું ચાલુ આધુનિકીકરણ આ પ્રદેશને લોજિસ્ટિક્સ હબમાં પરિવર્તિત કરશે. તેમણે એ પણ નોંધ્યું હતું કે કોકરાઝારમાં વંદે ભારત અને રાજધાની એક્સપ્રેસ ટ્રેનોનું સ્ટોપેજ પ્રદેશની વધતી જતી પ્રતિષ્ઠાનું પ્રતીક છે. આ નવી પહેલો દ્વારા, કોકરાઝાર વેપાર માટે એક મુખ્ય કેન્દ્ર બનવા માટે તૈયાર છે. બાદમાં ગુવાહાટીમાં, પ્રધાનમંત્રીએ ત્રણ મુખ્ય રેલ્વે વીજળીકરણ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યા. આમાં રંગિયા-મુરકોંગસેલેક (558 કિમી), ચાપરમુખ-ડિબ્રુગઢ (571 કિમી), બદરપુર-સિલચર અને બદરપુર-ચુડાઈબારી (315 કિમી) વચ્ચે રેલ્વે લાઈનનું વીજળીકરણ શામેલ છે. પ્રધાનમંત્રીએ ફારાકટિંગ-તિનસુકિયા ડબલ લાઈન (૧૯૪ કિમી) માટે પણ શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટ્સનો કુલ ખર્ચ ૫,૮૯૦ કરોડ છે. આ પહેલો આસામ સહિત પૂર્વોત્તરમાં રેલ માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો કરશે અને પૂર્વોત્તર ક્ષેત્રમાં આર્થિક વિકાસ, પર્યટન અને પ્રાદેશિક એકીકરણને પ્રોત્સાહન આપશે. આમ, તેઓ મજબૂત કનેક્ટિવિટી દ્વારા 'વિકસિત ભારત' ના વિઝનમાં ફાળો આપશે

## ઈડીનો અનિલ અંબાણી જૂથ પર સકંજો: વધુ ૫૮૧ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (ADAG) સામે ચાલી રહેલી તપાસમાં એક મોટું પગલું ભર્યું છે. તપાસ એજન્સીએ રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિમિટેડ (RHFL) અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ (RCFL) સામે મની લોન્ડરિંગના આરોપો હેઠળ ૫૮૧.૬૫ કરોડ રૂપિયાની વધારાની સંપત્તિ ટાંચમાં લીધી છે. આ સાથે જ અનિલ અંબાણી જૂથની અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૧૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.



ઈડીના જણાવ્યા અનુસાર, ૧૧ માર્ચના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ કામચલાઉ આદેશ જારી કરીને દેશના વિવિધ ભાગોમાં જમીનના પ્લોટ અને અન્ય સંપત્તિઓ ટાંચમાં લેવામાં આવી હતી. આ મિલકતો ગુજરાતના પાડોશી રાજ્યો સહિત મહારાષ્ટ્ર, દિલ્હી, ગોવા, કેરળ, કર્ણાટક, પંજાબ, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પશ્ચિમ બંગાળ જેવા કુલ ૧૩ રાજ્યોમાં ફેલાયેલી છે. આ અગાઉ ૬ માર્ચના રોજ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) હેઠળ રિલાયન્સ પાવર સામે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

આ તપાસ સીબીઆઈ (CBI) દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને આધારે શરૂ કરવામાં આવી છે. યસ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ મહારાષ્ટ્ર જેવી નાણાકીય સંસ્થાઓએ આરોપ લગાવ્યો છે કે એડીએજીની આ બે કંપનીઓએ જાહેર ભંડોળમાંથી જંગી લોન મેળવી હતી. ઈડીના રિપોર્ટ અનુસાર, આ કંપનીઓએ લીધેલી લોન પૈકી અંદાજે ૧૧,૦૦૦ કરોડ રૂપિયાની લોન હવે એનપીએ (NPA) એટલે કે નબળી અસ્કયામત બની ગઈ છે, જેના કારણે બેંકોને મોટું આર્થિક નુકસાન થયું છે. ઈડીની તપાસમાં એવી વિગતો બહાર આવી છે કે બેંકો પાસેથી મેળવેલા ભંડોળનો ઉપયોગ નિર્ધારિત હેતુ માટે કરવાને બદલે અન્ય હેતુઓ માટે ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. આ નાણાકીય અનિયમિતતાઓને કારણે કંપનીઓ દેવામાં ડૂબી ગઈ અને બેંકોના નાણાં ફસાઈ ગયા.

## News Brief

### દિલ્હી લાલ કિલ્લા બ્લાસ્ટ કેસ: ડો. શાહીન સઈદ સહિત ૭ આરોપીઓની કસ્ટડી વધી

નવી દિલ્હી:દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પાસે થયેલા હાઈ-ઈન્ટેન્સિટી કાર બ્લાસ્ટ કેસમાં પટિયાલા હાઉસ સ્થિત સ્પેશિયલ NIA કોર્ટે મોટો નિર્ણય લીધો છે. કોર્ટે ડો. શાહીન સઈદ, મુફ્તી ઈરફાન અને ડો. આદિલ અહેમદ સહિત કુલ ૭ આરોપીઓની ન્યાયિક કસ્ટડીમાં વધુ ૧૫ દિવસનો વધારો કર્યો છે. તમામ આરોપીઓને તેમની કસ્ટડી પૂર્ણ થતા વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સ્પેશિયલ જજ (NIA) પીતાંબર દત્તે આ મામલે સુનાવણી કરતા આરોપીઓને જેલમાં રાખવાનો આદેશ આપ્યો છે. અગાઉ ૧૧ માર્ચના રોજ થયેલી સુનાવણીમાં NIA એ કોર્ટને જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં આયાતુલ્લા અલી ખામેનેઈના સમર્થનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને કારણે તપાસ પ્રક્રિયામાં અવરોધ આવી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્ટે અગાઉ તપાસનો સમયગાળો ૪૫ દિવસ માટે લંબાવી દીધો હતો. હાલમાં અન્ય બે આરોપીઓ તુફૈલ અહેમદ ભટ્ટ અને ઝમીર અહેમદ અહાંગર ૫ દિવસની NIA કસ્ટડીમાં છે.૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થયો હતો. આ કેસમાં NIA એ સૌપ્રથમ ૧૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આમીર રશીદ મીરની ધરપકડ કરી હતી. ત્યારબાદ તપાસનો દોર આગળ વધતા ડો. શાહીન સઈદ, ડો. મુઝમ્મિલ શકીલ અને અન્ય આરોપીઓની અલગ-અલગ તારીખે ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ લોકોની ધરપકડ થઈ ચૂકી છે.

બ્લડ ડોનેશન પર પ્રતિબંધ મુદ્દે સરકારની સ્પષ્ટતા

# અમુક જૂથોના રક્તદાન પર પ્રતિબંધ જરૂરી: સરકારે સુપ્રીમ કોર્ટમાં કારણ આપ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.13

ભારત સરકારે ટ્રાન્સજેન્ડર્સ, સમલૈંગિક પુરુષો અને મહિલા સેક્સ વર્કર્સને રક્તદાન કરવાની યાદીમાંથી બહાર રાખવાના પોતાના નિર્ણયનો સુપ્રીમ કોર્ટમાં મજબૂત બચાવ કર્યો છે. સરકારે અદાલતને જણાવ્યું છે કે આ નિર્ણય કોઈ સામાજિક ભેદભાવને આધારે નહીં, પરંતુ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક ડેટા અને જાહેર સ્વાસ્થ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચ સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ દલીલો રજૂ કરી હતી. સ્વાસ્થ્ય મંત્રાલયના ૨૦૨૦-૨૧ના રિપોર્ટને ટાંકીને સરકારે જણાવ્યું કે, સામાન્ય જનતાની સરખામણીએ આ વિશિષ્ટ જૂથોમાં HIV, હેપેટાઈટિસ-B અને હેપેટાઈટિસ-C જેવા ગંભીર રોગોનું જોખમ ૬ થી ૧૩ ગણું વધારે જોવા મળ્યું છે. આથી, બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા ફેલાતા સંક્રમણ (TTI) ને અટકાવવા આ પ્રતિબંધ અનિવાર્ય છે.સરકારે સ્પષ્ટતા કરી છે કે નેશનલ બ્લડ પોલિસીનો મુખ્ય હેતુ દર્દીઓને 'સૌથી સુરક્ષિત' રક્ત પૂરું પાડવાનો છે. ઉચ્ચ જોખમ ધરાવતા જૂથો (High-Risk Groups) પાસેથી લોહી લેવું એ આ નીતિના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. વધુમાં, સરકારે એ પણ ટાંક્યું છે કે માત્ર ભારત જ નહીં પરંતુ અનેક યુરોપિયન દેશોમાં પણ જાતીય રીતે સક્રિય સમલૈંગિક પુરુષોના રક્તદાન પર કાયમી પ્રતિબંધ અમલી છે.સોગંદનામામાં સરકારે ભારપૂર્વક જણાવ્યું કે, જ્યારે કોઈ દર્દીને લોહી ચઢાવવામાં આવે છે, ત્યારે તે જીવન બચાવવાનો અંતિમ



વિકલ્પ હોય છે. આવી કટોકટીની સ્થિતિમાં સંક્રમણ ફેલાવવાનું જોખમ શૂન્ય હોવું જોઈએ. "રક્તદાનના મુદ્દાને માત્ર વ્યક્તિગત અધિકારો કે સમાનતાના ચશ્માથી જોઈ શકાય નહીં. અહીં દર્દીના જીવની સુરક્ષા અને જાહેર સ્વાસ્થ્યનો વ્યાપક દૃષ્ટિકોણ વધુ મહત્વનો છે." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સરકારના આ કડક વલણને કારણે બ્લડ બેંકોમાં લોહીની ગુણવત્તા જળવાઈ રહેશે, જોકે સામાજિક કાર્યકરો આને માનવાધિકારના ભંગ તરીકે જોઈ રહ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, હવે જોવાનું એ રહેશે કે સુપ્રીમ કોર્ટ વિજ્ઞાન અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચે કેવી રીતે સંતુલન જાળવે છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૬.૬ લાખથી વધુ લોકોને મફત કાનૂની સહાય મળી

નવી દિલ્હી:ભારત સરકાર દેશના દરેક નાગરિકને સસ્તો અને સુલભ ન્યાય મળે તે દિશામાં મક્કમતાથી આગળ વધી રહી છે. કેન્દ્રીય કાયદા મંત્રાલયે શુક્રવારે લોકસભામાં માહિતી આપી હતી કે, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (જાન્યુઆરી ૨૦૨૬ સુધી) માં કુલ ૧૬,૬૦,૨૪૯ વ્યક્તિઓને મફત કાનૂની સહાય અને સલાહ પૂરી પાડવામાં આવી છે. કાયદા રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે લેખિત જવાબમાં સરકારના વિવિધ કલ્યાણકારી કાનૂની પ્રયાસોનો ચિતાર રજૂ કર્યો હતો.કાયદા મંત્રાલયના જણાવ્યા અનુસાર, સરકાર "ડિઝાઈનિંગ ઈનોવેટિવ સોલ્યુશન્સ ફોર હોલિસ્ટિક એક્સેસ ટુ જસ્ટિસ (DISHA)" નામની યોજના અમલમાં મૂકી રહી છે. આ યોજનાના 'ટેલી-લો' ઘટક હેઠળ, ગ્રામ પંચાયત સ્તરે કાર્યરત ૨.૫ લાખ કોમન સર્વિસ સેન્ટર્સ (CSCs) ના નેટવર્ક દ્વારા નાગરિકોને વિડિયો કોન્ફરન્સિંગથી સીધા વકીલો સાથે જોડવામાં આવે છે. અત્યાર સુધીમાં આ કાર્યક્રમ હેઠળ ૧.૧૨ કરોડથી વધુ લોકોને પ્રી-લિટિગેશન (દાવો દાખલ કરતા પહેલાની) કાનૂની સલાહ આપવામાં આવી છે.સરકાર વકીલો અને કાયદાના વિદ્યાર્થીઓમાં 'પ્રો બોનો' (મફત સેવા) સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહી છે. 'ન્યાય બંધુ' પહેલ હેઠળ અત્યાર સુધીમાં ૧૦,૨૬૩ વકીલોએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેઓ ગરીબ અને વંચિતોના કેસો મફતમાં લડે છે. વધુમાં, કાનૂની સાક્ષરતા કાર્યક્રમો દ્વારા ૧.૨૧ કરોડથી વધુ લાભાર્થીઓ સુધી પહોંચવામાં સફળતા મળી છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ૪.૯૧ લાખથી વધુ જાગૃતિ શિબિરો યોજવામાં આવી હતી, જેમાં ૪.૦૪ કરોડથી વધુ લોકોએ હાજરી આપી હતી. નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (NALSA) સર્વોચ્ચ અદાલતથી લઈને તાલુકા સ્તર સુધી મફત કાનૂની સેવાઓ પૂરી પાડે છે. દેશમાં હાલમાં ૩૭ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, ૭૧૫ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને ૨,૪૭૫ તાલુકા કાનૂની સેવા સમિતિઓ કાર્યરત છે.

## યુદ્ધ વચ્ચે વડાપ્રધાન મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરી શાંતિનો સંદેશ આપ્યો




નવી દિલ્હી: પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભારેલા અગ્નિ જેવા તણાવ અને યુદ્ધની ભીતિ વચ્ચે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે અત્યંત મહત્વપૂર્ણ ટેલિફોનિક વાતચીત કરી છે. વર્તમાન યુદ્ધ જેવી સ્થિતિમાં બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ સીધી મંત્રણા છે, જેને રાજદ્વારી આલમમાં ખૂબ જ ગંભીરતાથી જોવામાં આવી રહી છે. પીએમ મોદીએ પ્રદેશમાં શાંતિની પુનઃસ્થાપના માટે ભારતની કટિબદ્ધતા દોહરાવી છે. વડાપ્રધાન મોદીએ આ વાતચીત અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું કે, તેમણે મધ્ય પૂર્વની ગંભીર પરિસ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. PM મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, પ્રદેશમાં વધી રહેલો તણાવ, નિર્દોષ નાગરિકોના મોત અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થઈ રહેલું ભારે નુકસાન અત્યંત ચિંતાજનક છે. વડાપ્રધાને ભારતના વલણને સ્પષ્ટ કરતા કહ્યું કે, ભારત હંમેશા શાંતિનો પક્ષધર રહ્યો છે અને માન્યું છે કે કોઈપણ સંઘર્ષનો ઉકેલ માત્ર વાતચીત અને કૂટનીતિ દ્વારા જ લાવી શકાય છે. આ મહત્વપૂર્ણ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે ઈરાને વહાણવટા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ એવી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ને લગભગ બંધ કરી દીધું છે. આ તે જ સમુદ્રી માર્ગ છે જ્યાંથી વિશ્વના પાંચમા ભાગનો તેલ અને ગેસનો પુરવઠો પસાર થાય છે. ઈરાન દ્વારા કરાયેલી આ નાકાબંધીને કારણે ભારતમાં પણ ઈંધણની અછત અને ભાવ વધારાનો ગંભીર ભય તોળાઈ રહ્યો છે. આ સંદર્ભમાં પીએમ મોદીએ ભારત માટે અવિરત ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા બાબતે ઈરાની રાષ્ટ્રપતિ સાથે વિગતવાર ચર્ચા કરી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરની ઈરાની સમકક્ષ સાથેની તાજેતરની મંત્રણા બાદ હવે ઈરાને ભારતીય તેલ ટેન્કરોને સુરક્ષિત રીતે પસાર થવા દેવાની તૈયારી દર્શાવી છે.

# અનામતમાં ક્રીમી લેયર માત્ર આવકના આધારે નક્કી ન થાય : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના અનામત અંગે મહત્વપૂર્ણ ચૂકાદો સંભળાવ્યો હતો. સુપ્રીમે સ્પષ્ટ કર્યું કે, કોઈ ઉમેદવાર ક્રીમી લેયરમાં છે કે નહીં તે માત્ર તેની પારિવારિક આવકના આધારે નક્કી કરી શકાય નહીં. બેન્ચે એક કેસની સુનાવણીમાં કહ્યું, પદોની શ્રેણીઓ અને સ્ટેટસ માપદંડોના સંદર્ભ વિના માત્ર આવકના આધારે ક્રીમી લેયરનો દરજ્જો નિશ્ચિત કરવો કાયદાની દૃષ્ટિએ ટકાઉ નથી. ક્રીમી લેયર નક્કી કરવા માટે માતા-પિતાના પદ અને તેમના સામાજિક-વહીવટી દરજ્જાને પણ ધ્યાનમાં રાખવા જરૂરી છે.ન્યાયાધીશ પીએસ નરસિંહા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બેન્ચે કેન્દ્ર સરકાર દ્વારા દાખલ અરજીઓને નકારી કાઢતા અનેક યુપીએસસી ઉમેદવારોને રાહત આપી, જેમને સિવિલ સેવા પરીક્ષા પાસ કરવા છતાં નિમણૂકથી વંચિત કરી દેવાયા હતા, કારણ કે તેમને ખોટી રીતે ક્રીમી લેયરમાં સામેલ કરી દેવાયા હતા.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, માત્ર આવકના આધારે ક્રીમી લેયર નક્કી કરવું કાયદાકીય રીતે ટકાઉ નથી. ન્યાયાધીશ મહાદેવને તેમના ચૂકાદામાં કહ્યું, કોઈ ઉમેદવારને ક્રીમી લેયર અથવા નોન-ક્રીમી લેયરમાં રાખવા માટે માત્ર આવકના આધારે નિર્ણય કરી શકાય નહીં. આ વિવાદ એવા ઉમેદવારો સાથે સંકળાયેલો હતો, જેમણે ઓબીસી નોન-ક્રીમી લેયર શ્રેણી હેઠળ અનામતનો દાવો કર્યો હતો. તેમના દાવાઓની ખરાઈ કરતી વખતે કાર્મિક અને તાલિમ વિભાગે તેમના માતા-પિતાની આવકના આધારે તેમને ક્રીમી લેયરમાં સામેલ કરી દીધા હતા. તેમાંથી અનેક ઉમેદવારોના માતા-પિતા પીએસયુ, બેંકો અથવા અન્ય કંપનીઓમાં કર્મચારી હતા. સરકારે ૧૪ ઑક્ટોબર ૨૦૦૪ના રોજ એક સ્પષ્ટીકરણ પત્રને ટાંકીને કહ્યું હતું કે, કોઈ પદની સરકારી પદોથી સમાનતા નિશ્ચિત ના થાય તો આવકના આધારે ક્રીમી લેયર નિશ્ચિત કરી શકાય છે.

## રાજ્યસભામાં જંગ: અશ્વિની વૈષ્ણવ અને જોન બ્રિટાસ વચ્ચે આકરા કટાક્ષોની આપ-લે

નવી દિલ્હી:રાજ્યસભામાં શુક્રવારે પ્રશ્નકાળ દરમિયાન કેરળના કન્નુર અને તિરુવનંતપુરમ વચ્ચેના હાઈ-સ્પીડ રેલવે કોરિડોર મુદ્દે ભારે હંગામો જોવા મળ્યો હતો. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સીપીઆઈ(એમ) ના સાંસદ જોન બ્રિટાસ વચ્ચે તીખી નિત્ત ચર્ચા થઈ હતી, જેમાં વ્યક્તિગત કટાક્ષોથી લઈને રાજકીય ગઠબંધન સુધીના મુદ્દાઓ ઉછળ્યા હતા. આ ચર્ચાએ ગૃહમાં વાતાવરણ ગરમ કરી દીધું હતું.ચર્ચાની શરૂઆત કરતા સીપીઆઈ(એમ) સાંસદ જોન બ્રિટાસે રેલવે મંત્રી પર કટાક્ષ કરતા કહ્યું કે, "રેલવે મંત્રીની એક સારી વાત એ છે કે તેઓ શોકેસિંગ અને માર્કેટિંગમાં ખૂબ જ હોંશિયાર છે, એટલે જ કદાચ તેમને માહિતી અને પ્રસારણ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપાયો છે." બ્રિટાસે આક્ષેપ કર્યો કે બજેટમાં જાહેર કરાયેલા હાઈ-સ્પીડ કોરિડોરમાંથી કેરળને બાકાત રાખવામાં આવ્યું છે અને મંત્રી માત્ર જૂના સર્વેક્ષણોની વાતો કરીને સમય પસાર કરી રહ્યા છે. તેમણે ઈ. શ્રીધરનના પ્રસ્તાવ અને ડીપીઆર (DPR) અંગે પણ સ્પષ્ટતા માંગી હતી. બ્રિટાસની 'માર્કેટિંગ' વાળી ટિપ્પણીને અપમાનજનક ગણાવતા અશ્વિની વૈષ્ણવે કેરળના સત્તાધારી પક્ષ અને વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કેરળમાં LDF અને UDF વચ્ચે છૂપુ ગઠબંધન છે, જેને તેમણે 'કોંગ્રેસ કમ્યુનિસ્ટ પાર્ટી' તરીકે ઓળખાવ્યું હતું. વૈષ્ણવે આરોપ લગાવ્યો કે આ ગઠબંધનનો એકમાત્ર ઉદ્દેશ્ય કેરળમાં વિકાસના પ્રોજેક્ટ્સ રોકવાનો છે. તેમણે ઉમેર્યું કે, "અમે જમીન સંપાદન માટે ૧,૯૦૦ કરોડ રૂપિયા આપ્યા છે, પરંતુ રાજ્ય સરકાર જમીન સંપાદન કરવા માંગતી નથી."

## એલપીજી સંકટ: વિપક્ષી સાંસદોએ સરકારના 'બધું બરાબર છે'ના દાવા પર પ્રહારો કર્યા

નવી દિલ્હી:દેશમાં રાંધણ ગેસ (LPG) ના પુરવઠાને લઈને કેન્દ્ર સરકાર અને વિપક્ષ સામસામે આવી ગયા છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના કારણે ઊભી થયેલી સ્થિતિ વચ્ચે, વિપક્ષી સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીના 'બધું સુરક્ષિત છે' તેવા નિવેદનોની આકરી ટીકા કરી છે. વિપક્ષનો આરોપ છે કે સરકાર વાસ્તવિકતા સ્વીકારવાને બદલે ઈનકારની મુદ્રામાં છે, જ્યારે સામાન્ય જનતા ગેસ માટે લાંબી લાઈનોમાં ઊભી રહીને હાલાકી ભોગવી રહી છે.સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે પત્રકારો સાથેની વાતચીતમાં સરકારને સવાલ કર્યો હતો કે, "અમે સરકારને પૂછી રહ્યા છીએ કે એલપીજી માટે તેમની પાસે શું વ્યવસ્થા છે? અમે જોઈ શકીએ છીએ કે લોકો એલપીજી ખરીદવા માટે કલાકો સુધી લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર છે."કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે પણ આકરા પ્રહાર કરતા કહ્યું કે, "સરકાર વાસ્તવિકતામાં નથી, પરંતુ સપનાની દુનિયામાં જીવી રહી છે. દિલ્હીથી લઈને ગ્રામીણ વિસ્તારો સુધી લોકો પીડાઈ રહ્યા છે. સરકારની ખોટી વિદેશ નીતિને કારણે આ સંકટ ઊભું થયું છે." બીજી તરફ, આરજેડી સાંસદ મનોજ ઝાએ જણાવ્યું કે, "પરિસ્થિતિનો ઈનકાર કરવો એ સારો ઉપાય નથી. મંત્રીએ સ્વીકારવું જોઈએ કે સમસ્યા છે અને સૌને સાથે લઈને ઉકેલ લાવવો જોઈએ."વિપક્ષના હુમલા વચ્ચે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં ખાતરી આપી હતી કે ભારતની ઊર્જા સુરક્ષા જોખમમાં નથી.

મહિલાઓની કારકિર્દી પર અસરની ચિંતા છે | સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો જાહેર કરવામાં આવ્યો

# માસિક ધર્મ દરમિયાન રજાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી: માસિક ધર્મ દરમિયાન મહિલાઓને ફરજિયાત રજા આપવા અંગેના રાષ્ટ્રીય કાયદાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે શુક્રવારે અત્યંત ગંભીર અને દૂરોગામી અસર ધરાવતો ચુકાદો આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે આ અરજી ફગાવી દેતા સ્પષ્ટ કર્યું છે કે, જો આવી રજાઓને કાયદાકીય રીતે ફરજિયાત બનાવવામાં આવશે, તો તેનાથી ઉલટું મહિલાઓને જ નુકસાન થશે. અદાલતના મતે, આ નિર્ણય કાર્યસ્થળ પર મહિલાઓ સાથેના ભેદભાવને વધારી શકે છે અને તેમના વ્યવસાયિક વિકાસમાં મોટો અવરોધ ઊભો કરી શકે છે.

ચીફ જસ્ટિસે સુનાવણી દરમિયાન મહત્વની ટિપ્પણી કરતા જણાવ્યું કે, જો પીરિયડ્સ લીવને કાયદાકીય બંધન બનાવી દેવામાં આવશે, તો ઘણી



ખાનગી અને સરકારી સંસ્થાઓ મહિલાઓને નોકરીએ રાખતા અચકાશે. કોર્ટે સાવધ કરતા કહ્યું કે, સંસ્થાઓ એવી દલીલ કરવા લાગશે કે દર મહિને રજા લેનાર કર્મચારી કરતા પુરુષ કર્મચારી વધુ અનુકૂળ છે. આ પ્રકારનો કાયદો મહિલાઓને કાર્યક્ષેત્રમાં સમાન તક આપવાને બદલે તેમને પાછળ ધકેલી શકે છે અને તેમની કારકિર્દી જોખમાવી શકે છે.

સુપ્રીમ કોર્ટના મતે, ફરજિયાત રજાથી સમાજમાં એવી ખોટી છાપ ઊભી થઈ શકે છે કે મહિલાઓ પુરુષો કરતા 'ઓછી' સક્ષમ છે. માસિક ધર્મ એક કુદરતી જૈવિક પ્રક્રિયા છે, પરંતુ જો તેને કાયદાકીય રજા સાથે જોડવામાં આવે તો તેને એક 'અશક્તિ' તરીકે જોવામાં આવશે. ન્યાયતંત્ર કે સરકારી નોકરીઓમાં પણ આના કારણે મહિલાઓની એન્ટ્રી પર અસર પડી શકે છે. સંસ્થાઓ મહિલાઓને સશક્ત બનાવવાને બદલે તેમને પીરિયડ્સ દરમિયાન ઘરે બેસવાનું કહીને અલગ પાડી શકે છે, જે સશક્તિકરણના મૂળ વિચારની વિરુદ્ધ છે.જોકે, કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે તે માસિક ધર્મ સાથે જોડાયેલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતાના મુદ્દાઓ પ્રત્યે સંપૂર્ણ ગંભીર છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જાન્યુઆરી ૨૦૨૬માં કોર્ટે માસિક સ્વચ્છતાને બંધારણની કલમ ૨૧ હેઠળ 'જીવવાના અધિકાર અને ગરિમા'નો અભિન્ન ભાગ ગણાવ્યો હતો. અદાલતે અગાઉ શાળાઓમાં મફત સેનિટરી નેપકિન્સ, મહિલાઓ માટે અલગ શૌચાલય અને વ્યાપક જાગૃતિ અભિયાન ચલાવવા માટે કડક નિર્દેશો આપેલા છે. મીડિયા અહેવાલ મુજબ, અદાલતે ભારપૂર્વક જણાવ્યું કે માસિક સ્વાસ્થ્ય એક મૂળભૂત અધિકાર છે, પરંતુ રજા (લીવ) અંગેનો નિર્ણય સાવચેતીપૂર્વક લેવો જોઈએ. સરકાર અને સંસ્થાઓએ એવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ જેથી મહિલાઓને જરૂરી સુવિધાઓ મળે, પરંતુ તેમના કરિયરના ગ્રાફને કોઈ નુકસાન ન પહોંચે. કોર્ટના આ ચુકાદાથી હવે દેશમાં પીરિયડ્સ લીવ અંગે ચાલી રહેલી ચર્ચામાં નવો વળાંક આવ્યો છે, જેમાં મહિલાઓના આર્થિક સશક્તિકરણને સર્વોપરી ગણવામાં આવ્યું છે.

ધર્મના નામે પશુ હત્યા રોકવા માટે PIL ફાઈલ

## ધર્મના નામે પશુ બલી ચઢાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો

નવી દિલ્હી: દેશના વિવિધ હિસ્સાઓમાં ધર્મના નામે આપવામાં આવતી પશુઓની બલી મુદ્દે સુપ્રીમ કોર્ટે ગંભીર વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક અરજી પર સુનાવણી કરતા કેન્દ્ર સરકાર પાસે ચાર સપ્તાહમાં જવાબ માંગ્યો છે. વકીલ શ્રુતિ બિષ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી આ જનહિત અરજી (PIL) માં ધાર્મિક વિધિઓના નામે નિર્દોષ પશુઓની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં મુખ્યત્વે 'પશુ અત્યાચાર નિવારણ કાયદા, 1960' ની કલમ 28 ને પડકારવામાં આવી છે. આ કલમ હેઠળ જો કોઈ પશુની હત્યા ધાર્મિક પરંપરા કે માન્યતા મુજબ કરવામાં આવે, તો તેને ગૂનો ગણવામાં આવતો નથી. અરજદારની દલીલ છે કે આ જોગવાઈ પશુઓના સંરક્ષણના મૂળ ઉદ્દેશ્યથી વિપરીત છે અને બંધારણની કલમ 21 (જીવવાનો અધિકાર) નો ભંગ કરે છે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બેન્ચે આ મામલે કેન્દ્રને નોટિસ પાઠવી છે.અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે મહારાષ્ટ્ર, બંગાળ અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં મંદિરો અને ધાર્મિક અનુષ્ઠાનોમાં પશુઓની બલી આપવાનો રિવાજ હજુ પણ ચાલુ છે. ખાસ કરીને બલી માટે યુવાન પશુઓની પસંદગી કરવામાં આવે છે, જે અત્યંત ક્રૂર છે. અદાલતને જણાવાયું છે કે જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં જાગૃતિના કારણે આમાં ઘટાડો થયો છે, પરંતુ કાયદાકીય છૂટછાટના કારણે આ પ્રથા સંપૂર્ણપણે નાબૂદ થઈ શકી નથી. અરજદારોએ સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાઓને ટાંકીને કહ્યું કે, પ્રત્યેક જીવને જીવનનો અધિકાર છે અને મનુષ્યોની જેમ પશુઓને પણ સુરક્ષા મળવી જોઈએ. અરજીમાં માંગણી કરવામાં આવી છે કે કેન્દ્ર સરકાર આગામી ચાર સપ્તાહમાં પોતાનો જવાબ રજૂ કરશે, ત્યારબાદ સુપ્રીમ કોર્ટ આ મામલે વધુ સુનાવણી હાથ ધરશે. જો અદાલત કલમ 28 માં સુધારો કરવાનો આદેશ આપે, તો તે દેશના ધાર્મિક અને કાયદાકીય માળખામાં એક ઐતિહાસિક ફેરફાર સાબિત થઈ શકે છે.

સિટી એક્સપ્રેસ
SATURDAY 14 MARCH-2026
AHMEDABAD

## મહાત્મા મંદિર મેટ્રોથી ગાંધીનગર રેલવે સ્ટેશન જવા 16 મિનિટ બચશે

ગાંધીનગર | ગુજરાતના પાટનગરને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા વધુ એક મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન અને ગાંધીનગર રેલવે સ્ટેશન વચ્ચેના અંતરને ઘટાડવા માટે નિર્મિત હાઈટેક ટ્રાવેલેટરને આખરે મુસાફરો માટે ખુલ્લું મુકી દેવાયું છે.મલ્ટી મોડેલ ઈન્ટિગ્રેશનના ભાગરૂપે આશરે 30 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું આ 400 મીટર લાંબુ ટ્રાવેલેટર મેટ્રો અને રેલવે બંનેના મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

## ગુજરાત યુનિ.માં ભરતી પરીક્ષાના એક દિવસ પહેલા NSUIનું વિરોધ પ્રદર્શન

અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી ભરતી પ્રક્રિયા ફરી એકવાર વિવાદમાં આવી છે. આવતીકાલે 130 જેટલી જગ્યા માટેની ભરતીની પરીક્ષા યોજાવાની છે. તેના એક દિવસ પહેલાં જ સંપૂર્ણ ભરતી પ્રક્રિયા રદ કરવાની માંગ NSUI દ્વારા આવી છે.NSUIએ આક્ષેપ કર્યો છે કે, યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયામાં નિયમોમાં ફેરફાર કરીને મળતિયાઓ અને સંબંધીઓને નોકરીમાં ગોઠવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમજ જો સંપૂર્ણ ભરતી પ્રક્રિયા રદ નહીં કરવામાં આવે તો આવતીકાલે ધરણા પ્રદર્શન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

**કેન્દ્રીય મંત્રીએ રાજ્યપાલથી લઈ ચીફ જસ્ટિસ સહિતના લોકોને પત્ર લખ્યો : હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકને વકીલના પહેરવેશમાં બોલાવી છાનામાના લગ્ન કરાવતો**

# સ્પેશિયલ મેરેજ કોર્ટના રજીસ્ટ્રારને સસ્પેન્ડ કરવા માંગ:વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય મંત્રી અને પાટીદાર સમાજ સહિતની સંસ્થાઓએ પત્ર લખ્યા, તમામ લગ્ન નોંધણીની તપાસ કરો

અમદાવાદ | તાજેતરમાં જ અમદાવાદના ઘીકાંટા ખાતે સ્પેશિયલ મેરેજ રજિસ્ટ્રાર કોર્ટમાં હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકના લગ્નનો મુદ્દો સામે આવ્યો હતો. રજીસ્ટ્રાર દ્વારા સત્તાનો ઉપયોગ કરી ખોટી રીતે લગ્ન નોંધણી કરવામાં આવતી હોવા અંગેના આક્ષેપો વિવિધ હિન્દુ સંગઠન દ્વારા કરવામાં આવ્યા હતા ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને વિવિધ સમાજની સંસ્થાઓ દ્વારા રાજ્યપાલ, મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ચીફ જસ્ટીસ અને કલેકટરને પત્ર લખીને રજીસ્ટ્રારને સસ્પેન્ડ કરવાની અને અત્યાર સુધીની તમામ લગ્ન નોંધણીની SIT દ્વારા તપાસ કરવાની એમ જ જો તેમાં ગેરરીતિ જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદના ધર્મપ્રસાર વિભાગના કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર ભાવાણીએ રાજ્યપાલથી લઈ મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી ચીફ જસ્ટિસ સહિતના લોકોને પત્ર લખ્યો છે જેમાં તેમણે જણાવ્યું છે કે, 03/03/2026ના રોજ અમદાવાદ શહેરના ઘી કાંટા ખાતે આવેલી સ્પેશિયલ મેરેજ રજીસ્ટ્રાર કચેરીમાં મુખ્ય રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા એમ.એમ.સૈયદ દ્વારા સત્તાનો દુરુપયોગ કરી ગેરરીતિથી લગ્ન નોંધણી કરાવવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ મેરેજ રજીસ્ટ્રેશન માટે આવેલા હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવકને કચેરીના નિયમિત કાર્ય સમય પહેલા વકીલના પહેરવેશમાં બોલાવી છાનામાના લગ્ન નોંધણી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સામાન્ય રીતે કચેરીનો નિયમિત કાર્ય સમય સવારે 11:00 વાગ્યાથી શરૂ થાય છે તેમછતાં એમ.એમ. સૈયદ સવારે અંદાજે 9:00 વાગ્યે કચેરીમાં હાજર રહી આ કાર્યવાહી હાથ ધરતા હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતની જાણ થતા ત્યાં હાજર કેટલાક વકીલો દ્વારા આ મુદ્દાની ગંભીર નોંધ લેવામાં આવી હતી અને તેના વિરુદ્ધમાં હોબાળો પણ મચ્યો હતો. આ ઘટનાના કારણે સમાજમાં ભારે રોષ અને અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે.

સરકારી અધિકારી તરીકે કાયદાનું પાલન કરાવવાની જવાબદારી ધરાવતા વ્યક્તિ દ્વારા પોતાની સત્તાનો દુરુપયોગ કરી ગેરરીતિથી કાર્યવાહી કરવામાં આવે તે અત્યંત ગંભીર બાબત છે. આ ઘટના પરથી એવી શંકા પણ વ્યક્ત થાય છે કે, અગાઉ પણ આવા પ્રકારની ગેરરીતિથી કેટલાય કેસોમાં પરિવારજનોની લાગણીઓ અવગણીને ગેરકાયદેસર રીતે લગ્ન નોંધણી કરવામાં આવી હોઈ શકે. આ ઉપરાંત એવી પણ માહિતી સામે આવી છે કે, આ લગ્ન નોંધણી પ્રક્રિયા દરમિયાન 'વસીમ' નામનો એક શખસ એમ.એમ.સૈયદની ઓફિસમાં હાજર હતો અને તેણે આ ઘટનાથી સંબંધિત કેટલાક પુરાવાઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો તેવી શંકા વ્યક્ત કરવામાં આવે છે. તેથી તે વ્યક્તિ કોણ હતો, સરકારી કચેરીમાં તે કોની પરવાનગીથી હાજર હતો તેમજ શું તે સૈયદનો કોઈ વહીવટદાર કે સહયોગી છે કે નહીં તે બાબતે પણ તપાસ કરવામાં આવે માંગણી કરી છે.

વિશ્વ હિન્દુ પરિષદ ઉપરાંત વિવિધ સમાજની સંસ્થાઓ દ્વારા પણ જિલ્લા કલેકટરને સ્પેશિયલ મેરેજ રજીસ્ટ્રાર વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પત્ર લખવામાં આવ્યા છે. પાટીદાર સમાજની મોટી સંસ્થાઓ એવી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, ખોડલધામ, સરદાર પટેલ ગ્રુપ (SPG), અડતાલીસ કડવા પાટીદાર સમાજ (વઢીયાર વિભાગ), તેર ગામ લેઉવા પટેલ સમાજ (દહેગામ), શ્રી બાવીસી સંપ્રદાય મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ સમાજ તેમજ કેળવણી મંડળ સહિતના સમાજ દ્વારા પત્ર લખીને માંગણીઓ કરવામાં આવી છે.

### હિન્દુ સમાજના પ્રતિનિધિ તરીકે કેટલીક માંગણીઓ કરવામાં આવી

- મુખ્ય રજીસ્ટ્રાર એમ.એમ.સૈયદને તાત્કાલિક અસરથી ફરજમાંથી મોકૂફ કરવામાં આવે.
- તેમની અત્યાર સુધીની તમામ લગ્ન નોંધણી પ્રક્રિયાની તપાસ કરવા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવામાં આવે અને તપાસમાં નીકળતા તમામ લોકો અને સંસ્થા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરશો.
- તપાસ દરમિયાન જો ગેરરીતિ અથવા સત્તાનો દુરુપયોગ સાબિત થાય તો તેમની સામે કાયદેસરની કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.
- આ ઘટનામાં સંડોવાયેલા વસીમ નામના વ્યક્તિની ભૂમિકા અંગે પણ વિગતવાર તપાસ કરી, જો તે દોષિત હોય તો તેના વિરુદ્ધ કાયદાકીય પગલાં લેવામાં આવે.

## અમદાવાદમાં 24 ખાનગી હોસ્પિટલોએ માનવતા નેવે મૂકી, કાર્ડ હોવા છતાં દર્દીઓને ખંખેર્યા

અમદાવાદ |અમદાવાદમાં ચકચારી 'ખ્યાતિકાંડ' બાદ પણ ખાનગી હોસ્પિટલોની નફાખોરી અટકવાનું નામ નથી લઈ રહી. માનવતા નેવે મૂકીને અમદાવાદ શહેર અને જિલ્લાની 24 જેટલી ખાનગી હોસ્પિટલો દ્વારા આયુષ્યમાન કાર્ડ (PMJAY) ધરાવતા દર્દીઓ પાસેથી પણ ગેરકાયદે રીતે સારવાર પેટે નાણાં વસૂલવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ વિધાનસભા ગૃહમાં કરવામાં આવ્યો છે.

ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા પૂછવામાં આવેલા સવાલના લેખિત જવાબમાં આરોગ્ય વિભાગે સ્વીકાર્યું હતું કે, અમદાવાદની 24 ખાનગી હોસ્પિટલો સામે આયુષ્યમાન કાર્ડ હોવા છતાં નાણાં ઉઘરાવવાની ફરિયાદો મળી હતી. તપાસ બાદ આ ફરિયાદો સાચી જણાતા વિભાગ દ્વારા સંબંધિત હોસ્પિટલોને નોટિસ ફટકારવામાં આવી હતી.

નિયમ મુજબ, જે ખાનગી હોસ્પિટલો આયુષ્યમાન યોજના હેઠળ નોંધાયેલી છે, તેમણે દર્દીઓને 10 લાખ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે આપવાની હોય છે. આ સારવારનો ખર્ચ સરકાર સીધો હોસ્પિટલોને ચૂકવે છે. આમ છતાં, કમાણીના મોહમાં આ હોસ્પિટલોએ દર્દીઓ પાસેથી વધારાના નાણાં વસૂલીન સરકારી નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કર્યું છે. આરોગ્ય વિભાગે આ કસૂરવાર હોસ્પિટલો પાસેથી કુલ 39.84 લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે. જોકે, આટલા ગંભીર ગુના સામે માત્ર સામાન્ય દંડ વસૂલીને સંતોષ માનતા તંત્ર સામે પ્રકૃતિ પ્રેમીઓ અને જનતામાં રોષ જોવા મળી રહ્યો છે.

**5676 દિવ્યાંગ લાભાર્થીઓને કુલ 36 કરોડની મોટરાઇઝ ટ્રાઇસિકલ અને જોયસ્ટિક વ્હીલચેરનું વિતરણ**

## મુખ્યમંત્રીનો દિવ્યાંગજનો પ્રત્યે સંવેદના સ્પર્શી અભિગમ



(એજન્સી) ગાંધીનગર | તા.13

દિવ્યાંગજનો પોતાના રોજિંદા કામકાજ સરળતાથી કરી શકે તેમજ તેમને એક સ્થળેથી બીજા સ્થળે અવરજવરમાં સુગમતા રહે તેવા દિવ્યાંગ હિત અભિગમથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે દિવ્યાંગજનો માટે મોટરાઈઝ્ડ ટ્રાઇસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર આપવાની યોજના શરૂ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના 34 જિલ્લાઓના 4000 દિવ્યાંગજનોને પ્રથમ વખત મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા 1676 દિવ્યાંગોને જોયસ્ટિક વ્હીલચેર એમ કુલ 36.7 કરોડ રૂપિયાના સાધન સહાયનું પ્રતિકરૂપે ગાંધીનગરમાં શુક્રવારે વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા 2025-26ના વર્ષના બજેટમાં 60 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. તદ્અનુસાર, આ સાધન સહાય અર્પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં પ્રતિકરૂપે 40 જેટલા દિવ્યાંગોને આ મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર અર્પણ કરી તે અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા, રાજ્ય મંત્રી શ્રીમતી ડૉ. મનીષાબેન વકીલ, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ પણ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દિવ્યાંગ લાભાર્થીઓ સાથે લાગણી સભર સંવાદ કરીને તેમના જીવનમાં આ સાધન સહાયથી આવનારા પરિવર્તન અને સુગમતા વિશે વાતચીત કરી હતી. આ યોજના કાર્યરત થતાં પહેલા દિવ્યાંગ સાધન સહાય યોજના અન્વયે હાથથી ચલાવી શકાય તેવી સાદી ટ્રાઈસિકલ અને વ્હીલચેર આપવામાં આવી હતી. આના પરિણામે દિવ્યાંગ જનોને વધારે શારીરિક શ્રમ કરવો પડતો હતો અને દુર સુધી જવા આવવામાં પણ ઘણી તકલીફોનો સામનો કરવો પડતો હતો.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દિવ્યાંગ જનોની આ વેદના સમજીને તેમાંથી તેમને મૂક્તિ અપાવવાના કરેલા સંવેદનશીલ નિર્ણયના પરિણામે દિવ્યાંગ લાભાર્થીઓને હવે મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર આપવામાં આવશે. દિવ્યાંગ લાભાર્થીઓને આ નવા સાધન મળવાથી ટ્રાઈસિકલ અને વ્હીલચેર હાથથી ચલાવવામાંથી મુક્તિ મળશે અને તેઓની રોજબરોજની દૈનિક ક્રિયામાં તથા પોતાના કાર્યસ્થળે પહોચવામાં ખૂબ જ સરળતા થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દિવ્યાંગજનોની સુગમતા માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય લઈને દિવ્યાંગોને જોયસ્ટિક વ્હીલચેર આપવાની યોજનામાં પણ સહાયનું ધોરણ 2026-27ના આ વર્ષથી વધારવાના દિશા નિર્દેશો આપ્યા છે.

## ગરમીનો પારો 41થી નીચો જતાં રાજ્યમાં ગરમી ઘટશે

**પવનની દિશા બદલાતા 2-3 ડિગ્રી તાપમાન ગગડ્યું છતાં રાજકોટ સહિત 4 જિલ્લામાં હીટવેવનું યેલો એલર્ટ...**




(એજન્સી) અમદાવાદ | તા.13

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી અંગ દઝાડતી ગરમી પડી રહી હતી, જેમાં પવનની દિશા બદલાતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. જોકે, ગરમીનો પારો 41 ડિગ્રીથી નીચે સરકતા આંશિક રાહત તો મળી છે, પરંતુ હવામાન વિભાગે હજુ પણ રાજકોટ, સુરેન્દ્રનગર, આણંદ અને સુરત જેવા શહેરોમાં હીટવેવની આગાહી સાથે યેલો એલર્ટ જાહેર કર્યું છે. હિમચાલ પ્રદેશમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાદળછાયું વાતાવરણ રહેતા ડામર પીગળતી ગરમીમાંથી લોકોને થોડી મુક્તિ મળી છે, છતાં બપોરના સમયે હજુ પણ લૂનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પવનની દિશા બદલાતા ગરમીમાંથી આંશિક રીતે રાહત મળી છે. મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને રાજકોટ, સુરેન્દ્રનગર, આણંદ અને સુરતમાં આજે પણ હીટવેવને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે હવામાન નિષ્ણાંત એ.ટી. દેસાઈના જણાવ્યા અનુસાર, હિમાચલ પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાવાને કારણે ગરમીમાંથી થોડાક અંશે રાહત મળી છે. વાદળછાયું વાતાવરણ રહેતા મહત્તમ તાપમાનમાં થોડોક ઘટાડો નોંધાયો છે.

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી ગરમીનો પારો 41 ડિગ્રીને પાર પહોંચી જતાં સમગ્ર રાજ્યમાં ડામર પીગળી જવાની ઘટનાઓ પણ બની હતી. જ્યારે ઘણી જગ્યાએ ગરમીને કારણે લોકો બેભાન થયેલા જોવા મળ્યા હતા.

ત્યારે હવે રાજ્યમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં આંશિક રીતે ગરમીમાંથી રાહત મળી છે. આજે સુરેન્દ્રનગર, રાજકોટ, આણંદ અને સુરતમાં યેલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે.

## કારાવાસની સજા યથાવત: દાહોદમાં સગીરા ઉપર દુષ્કર્મ આચરી ગળું દબાવતા મૃત્યુ નીપજ્યું હતું

(એજન્સી) અમદાવાદ | તા.13

13 વર્ષીય સગીરા સાથે રેપ બાદ તેની હત્યાના મામલે આરોપી મુકેશ ચમકાને આજીવન કેદની સજાને હાઈકોર્ટે યથાવત રાખી છે. આ મામલે આરોપી દ્વારા વર્ષ 2014માં દાહોદની ટ્રાયલ કોર્ટે આપેલા આજીવન કેદના ચુકાદા સામે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જે અપીલ હાઈકોર્ટે ફગાવી કાઢી હતી. હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે, આ કેસમાં એકંદરે વિચારણા કરતાં એવું જાણવા મળ્યું છે કે સાંયોગિક પુરાવાઓની સાંકળ સંપૂર્ણ અને અખંડ છે. જે સ્પષ્ટપણે અપીલકર્તાના અપરાધ તરફ નિર્દેશ કરે છે. જેને ફરિયાદી અને છેલ્લે જોનારા સાક્ષી, FIR, તબીબી પુરાવા, FSL રિપોર્ટ્સ અને અપીલકર્તાના ગુના પછીના વર્તન સહિત મુખ્ય સાક્ષીઓની સુસંગત જુબાનીઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. ફરિયાદ પક્ષના કેસને નબળી પાડતી કોઈ વિરોધાભાસી કે વિસંગતતા ભરેલી સામગ્રી મળી આવી નથી. ફરિયાદ પક્ષે વાજબી શંકાની બહાર આરોપીના દોષને સાબિત કર્યો છે. તેથી અપીલમાં કોઈ દખલગીરી કરવાની જરૂર નથી. આ મામલે હાઈકોર્ટે IPCની કલમ 376 અને 302 હેઠળના ગુના માટે આરોપી પર લાદવામાં આવેલી સજા અને આજીવન કેદની સજાને બહાલી આપી છે. સાથે જ દુષ્કર્મ અને હત્યાના કેસમાં આરોપીને દોષિત ઠેરવવાના ટ્રાયલ કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો છે. હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે હુમલાની ક્રૂરતા અને દુષ્કર્મ પછી ગળું દબાવવાના કૃત્યથી સ્પષ્ટપણે હત્યાનો ઈરાદો અથવા ઓછામાં ઓછું મૃત્યુ સંભવિત પરિણામ હોવાનું કોર્ટને જાણવા મળ્યું છે. હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આરોપીની અપીલ ફગાવી દેતા અવલોકન કર્યું હતું.

## ગાંધીનગરમાં વધુ એક હિટ એન્ડ રન : 1નું મોત

ગાંધીનગર | પાટનગરના રાજમાર્ગો પર બેફામ દોડતા વાહનોએ વધુ એક નિર્દોષનો ભોગ લીધો છે. સેક્ટર-4માં રહેતા 86 વર્ષીય રાહદારી વૃદ્ધનું ગઈકાલે(12 માર્ચ) સાંજે ઘ- 4 બસ સ્ટેન્ડ પાસે અજાણ્યા વાહનની અડફેટે ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજતા સેક્ટર 7 પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર મહેસૂલ વિભાગમાંથી નિવૃત્ત થયેલા દેવજીભાઈ વાઘેલા ગઈકાલે સાંજના આશરે પોણા સાતેક વાગ્યે સેક્ટર-17ના કટ પાસે ચાલતા જઈ રહ્યા હતા. આ દરમિયાન પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. જેના લીધે દેવજીભાઈ રોડ પર પટકાતા તેમને માથાના પાછળના ભાગે તેમજ હાથ-પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતના પગલે 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના આઈસીયુ



વોર્ડમાં ખસેડાયા હતા. જોકે હોસ્પિટલમાં દાખલ થયાના ગણતરીના કલાકોમાં જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આર એન્ડ બી વિભાગમાં ફરજ બજાવતા મૃતકના પુત્ર બાબુભાઈ વાઘેલાની ફરિયાદના આધારે સેક્ટર 7 પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અઢી મહિનાના સમય દરમિયાન સુભાષબ્રિજ તોડવા સાબરમતી નદી સંપૂર્ણપણે ખાલી કરાશે

અમદાવાદ | અમદાવાદના હયાત ક્ષતિગ્રસ્ત સુભાષબ્રિજને તોડી રીસ્ટોર કરવા ઉપરાંત બંને સાઈડે ટુ-ટુ લેનના નવા બ્રિજ રુપિયા ૨૩૫ કરોડના ખર્ચે બનાવાશે. હયાત બ્રિજને તોડવા સાબરમતી નદી ૧ એપ્રિલથી ૧૫ જુન સુધી સંપૂર્ણપણે ખાલી કરાશે. આ ઉપરાંત સિંચાઈ વિભાગ દ્વારા વાસણા બેરેજના દરવાજાનુ નવીનીકરણ અને સમારકામની કામગીરી પણ કરવામા આવશે.

સુભાષબ્રિજના સુપર સ્ટ્રકચરને એપ્રિલમાં તોડવાની શરુઆત કરવામા આવશે.બ્રિજ જુની બેલેન્સ કેન્ટી લીવર પધ્ધતિથી બનેલો હોવાથી તેના છ સ્પાન તોડવા માટે સુરત સ્થિત એસવીએનઆઈટી અથવા આઈઆઈટી પાસે ખાસ મેથડ તૈયાર કરાવવામા આવી હોવાનુ જાણવા મળે છે.નદી ખાલી હશે તે દરમિયાન જ બ્રિજના સુપર સ્ટ્રકચરનુ ડિમોલીશન પુરુ કરી લેવાશે.જેથી ચોમાસા પહેલા રીસ્ટોરેશનની કામગીરી શરુ કરી શકાય.મળતી માહિતી મુજબ, હાલમાં બ્રિજની આસપાસ સોઈલ ટેસ્ટિંગ અને માપણીની કામગીરી ચાલી રહી છે.વાસણા બેરેજ ખાતે ડેમ સેફ્ટી અંતર્ગત બેરેજના

## પાલડીમાં પેસેન્જર લેવા ઊભેલી બસ ભડકે બળી : રૂફ સિલીંગ તેમજ આગળની 4 સીટો ખાક

અમદાવાદ | શહેરના પાલડી વિસ્તારમાં AMTS બસમાં આગ લાગવાની ઘટના બની હતી લાલ દરવાજાથી બાવળા તરફ જતી બસમાં પાલડી મહાલક્ષ્મી ચાર રસ્તા જૈન મર્ચન્ટ બસ સ્ટેન્ડ પાસે જ્યારે બસ પેસેન્જરને લેવા ઉભી રહી ત્યારે એન્જિનમાંથી અચાનક ધુમાડો નીકળ્યો હતો. તેથી ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી તમામ પેસેન્જરને નીચે ઉતારી દીધા હતા. એન્જિનમાંથી આગ શરૂ થઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને બસમાં લાગેલી આગને પાણીનો મારો ચલાવી કાબૂમાં લીધી હતી. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

AMTS રુટ 35ની બસ લાલદરવાજાથી બાવળા તરફ જતી હતી. તે દરમિયાન પાલડીના જૈન મરચંટ બસ સ્ટેન્ડ પર પેસેન્જર લેવા ઊભી રાખવામાં આવી હતી. બસના એન્જિન બોનેટમાંથી અચાનક ધુમાડો આવવા લાગતા કંડક્ટરે બસના પ્રવાસીઓ ઊતારી દીધાં હતા. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. બસ ડ્રાઈવરે ઈગ્નિશન સ્વીચ અને મેઈન સ્વીચ બંધ કરી પણ આગ ચાલુ થઈ ગઈ હતી. ફાયર એક્સટિંગ્વિશરથી આગ બુઝાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પાછળ આવતી બસોમાંથી પણ ફાયર એક્ષ્ટીન્ગ્યુશર કાઢી આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો.

ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી અને પાણીનો મારો ચલાવીને આગને બુજાવી દીધી હતી. બસમાં આગળનો શો, એન્જિન, રૂફ સિલીંગ તેમજ આગળની 4 સીટો સળગી ગઈ હતી. બસમાં એન્જિનમાં આગ લાગવાની ઘટના બની હતી. એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિત શાહને જાણ થતા તેઓ પણ ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતા. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

નરોડા GIDCમાં પણ મોડી રાત્રે એક ટેલરના શેડમાં આગ લાગવાની ઘટના બની હતી. GIDCના પ્લોટમાં આવેલા કલ્પેશ ટેલરમાં આગ લાગવાની ઘટના બનતા ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી હતી. બે જેટલી ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લેવામાં આવી હતી આ ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.



દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...